RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૩ કારતક સુદ - ૮ | મંગળવાર, તા.૧૭-૧૧-૨૦૨૬ | અંક : ૧૨૧ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

અયોધ્યા-કાશી બાદ હવે મથુરા પર ભાજપનું ફોકસ?

શ્રીકૃષ્ણ જન્મભૂમિ મુદ્દે ૨૦૨૭ની ચૂંટણી પહેલાં મોટી રણનીતિ?, મથુરામાં ભાજપની ચિંતન બેઠક



મથુરા,

ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં ભાજપ મથુરાને લઈને મોટો રાજકીય દાવ રમવાની તૈયારી કરી રહી હોવાની ચર્ચા તેજ બની છે. અયોધ્યામાં રામ મંદિર અને કાશીમાં વિશ્વનાથ ધામ બાદ હવે શ્રીકૃષ્ણ જન્મભૂમિનો મુદ્દો પાર્ટીના એજન્ડામાં સામેલ થઈ શકે છે. આ અંગે ૧૬ અને ૧૭ નવેમ્બરે મથુરાના પરખમ સ્થિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગૌ વિજ્ઞાન અનુસંધાન કેન્દ્રમાં ભાજપની બે દિવસીય ચિંતન બેઠક ચાલી રહી છે, જેમાં આશરે ૪૮ વરિષ્ઠ નેતાઓ ભાગ લઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, લખનૌથી દિલ્હી સુધી ભાજપના કેટલાક નેતાઓ ઈચ્છે છે કે મથુરાને પણ અયોધ્યા અને કાશીની જેમ રાજકીય એજન્ડામાં મહત્વનું સ્થાન આપવામાં આવે. આ મુદ્દે ૨૦૨૭ની વિધાનસભા અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચર્ચા થઈ શકે છે. તાજેતરમાં મધ્ય પ્રદેશના મુખ્યપ્રધાન મોહન યાદવે વારાણસીમાં ગોવર્ધન પૂજા દરમિયાન કહ્યું હતું કે, અયોધ્યામાં ભગવાન શ્રીરામ બિરાજમાન થયા છે, તેવી જ રીતે ટૂંક સમયમાં ભગવાન ગોપાલ કૃષ્ણ પણ મથુરામાં બિરાજમાન થશે. મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે પણ દિલ્હી પ્રવાસ દરમિયાન વરિષ્ઠ નેતાઓ સાથે મથુરાની રણનીતિ અંગે ચર્ચા કરી હોવાની અટકળો છે.ભાજપની આ રણનીતિ પાછળ પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં પાર્ટીની પકડ મજબૂત કરવાની સાથે સમાજવાદી પાર્ટીના મજબૂત મતદાર વર્ગ ગણાતા યાદવ સમાજ સુધી પહોંચવાનો હેતુ પણ હોવાનું માનવામાં આવે છે. નાયબ મુખ્યપ્રધાન કેશવ પ્રસાદ મૌર્યએ અખિલેશ યાદવને મથુરા આવીને ભગવાન કૃષ્ણનું મંદિર બનાવડાવવાનો પડકાર આપ્યો હતો. તેમણે કહ્યું કે અયોધ્યાની જેમ ન્યાયિક પ્રક્રિયા અથવા પરસ્પર વાતચીતથી શ્રીકૃષ્ણ જન્મભૂમિ પર પણ મંદિરનું નિર્માણ ચોક્કસ થશે. અખિલેશ યાદવ કારસેવા કરવા આવે તો તેમની સાથે મળીને મંદિર બનાવવાની પણ તેમણે વાત કરી હતી. બીજી તરફ, ભાજપના નેતાઓએ આગ્રામાં અખિલેશ યાદવના દલિત સંમેલનને લઈને સપા પર નિશાન સાધ્યું છે. અખિલેશ યાદવે PDAમાં 'D'નો અર્થ 'દમદાર દલિત' ગણાવી દાવો કર્યો હતો કે દલિત સમાજ ભાજપને હરાવશે.

ડિજિટલ એરેસ્ટમાં રૂ.૩.૮૦ કરોડની લૂંટ

આતંકી હુમલાથી સંબધ હોવાનો ડર બતાવીને દિલ્હીમાં વૃદ્ધને ૧૫ દિવસ ડિજિટલ એરેસ્ટ કર્યા

નવી દિલ્હી,

અમેરિકામાં ૩૦ વર્ષ સુધી લેબર વકીલ તરીકે વકીલાત કર્યા પછી સેવાનિવૃત્ત થઈ ભારત પરત ફરેલા ૬૨ વર્ષીય અતુલ તલવારે સાયબર છેતરપિંડી કરનારાઓની જાળમાં ફસાઈ પોતાની સમગ્ર જીવનની જમા રકમ ગુમાવી દીધી છે.પોતાને સીબીઆઈ અને એનએઆઈનાં અધિકારી બતાવનારા ઠગોએ તેમને ૧૫ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રાખ્યા હતાં. પહલગામ આતંકી હુમલાથી સંબધ હોવાનો ડર બતાવીને તેમની પાસેથી ૩.૮૦ કરોડ આંચકી લીધા હતાં.

પીડિતે નોઈડા પોલીસ અને અમેરિકન તપાસ એજન્સી એફબીઆઈમાં પણ ફરિયાદ નોંધાવી છે. અતુલ તલવાર વર્ષ ૧૯૮૨માં માત્ર ૧૮ વર્ષની ઉંમરમાં દિલ્હીથી ન્યૂયોર્ક ગયા હતાં. તે ચાલુ વર્ષનાં સપ્ટેમ્બરમાં સેવાનિવૃત્ત થઈને ભારત પરત ફર્યા હતાં. તેમની યોજના જાન્યુઆરી સુધી નોઈડા સ્થિત પોતાની સ્વર્ગસ્થ માતાનાં ઘરનું નવીનિકરણ કરી ત્યાં જ રહેવાની હતી. ઘટનાની શરૂઆત ૧૬ ઓક્ટોબરે થઈ જ્યારે તેમના પર એક ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાને મુંબઈનાં કોલાબા પોલીસ સ્ટેશનનાં પોલીસકર્મી બતાવી દાવો કર્યો હતો કે તેમનો આધારકાર્ડ પહલગામ આતંકી હુમલા સાથે સંકળાયેલો છે. પોલીસકર્મીએ જણાવ્યું હતું કે તેમના નામથી ખોલવામાં આવેલા કેનેરા બેંકનાં ખાતામાંથી આંતકીઓને ૫૩ કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા છે અને તેના બદલામાં તેમને ૫ કરોડ રૂપિયા કમિશન મળ્યું છે.

જમ્મુ-કાશ્મીરનાં કુલગામ હુમલાનાં માસ્ટર માઈન્ડ સહિત ત્રણ આતંકવાદીઓ ઠાર

૧૧ નવેમ્બરે કુલગામમાં થયેલા આતંકી હુમલામાં સીઆરપીએફનાં ત્રણ જવાનો ઘાયલ થયા હતાં



નવી દિલ્હી,

જમ્મુ-કાશ્મીરનાં કુલગામમાં સેનાને મોટી સફળતા મળી છે. સુરક્ષા દળોએ સોમવારે અથડામણ દરમિયાન કુલગામ હુમલાનાં માસ્ટરમાઈન્ડ લતીફ ભટ્ટને ઠાર માર્યો હતો. આ ઉપરાંત અન્ય બે આતંકીઓને પણ ઠાર મારવામાં આવ્યા હતાં. કુલગામ જિલ્લામાં સુરક્ષા દળોએ રવિવારે મીર બજારની પાસે ઘેરાબંદી અને તપાસ અભિયાન શરૂ કર્યુ હતું. આ ઓપરેશન સંયુક્ત સુરક્ષા દળોની તરફથી ચલાવવામાં આવી રહ્યું છે.

સુરક્ષાદળો આ વિસ્તારમાં એ હુમલાખોરોને શોધી રહ્યાં હતાં જેમણે ૧૧ નવેમ્બરે સીઆરપીએફનાં જવાનો પર ગોળીબાર કર્યો હતો. હુમલા પછી આરોપી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતાં.૧૧ નવેમ્બરે કુલગામ જિલ્લામાં તૈનાત સીઆરપીએફ જવાનો પર બાઈક સવાર અજ્ઞાત હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. આ ઘટના બપોરે ૨.૧૫ કલાકે બની હતી.હુમલામાં સીઆરપીએફનાં ત્રણ જવાન ઘાયલ થયા હતાં.

ઉત્તરાખંડમાં બે દિવસમાં બે ગમખ્વાર અકસ્માત, ૧૨નાં મોત

બોલેરો ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી, મુસાફરોથી ભરેલી બસ પુલ પરથી પાણીમાં પટકાઈ; અનેક ઘાયલ થયા

ચમોલી,

ઉત્તરાખંડમાં છેલ્લા બે દિવસમાં થયેલા બે મોટા માર્ગ અકસ્માતોએ સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચાવી દીધી છે. આ બંને દુર્ઘટનાઓમાં અત્યાર સુધીમાં કુલ ૧૨ લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. સોમવારે રુદ્રપ્રયાગમાં બોલેરો વાહન ખીણમાં પડવાથી ૪ લોકોના મોત થયા હતા, જ્યારે મંગળવારે ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે પર એક બસ પુલ પરથી નીચે પાણીમાં પડી જતાં ૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. એમ ૨ દિવસમાં ૨ ભયાનક અકસ્માતમાં કુલ ૧૨ના મોત થયા છે.

રુદ્રપ્રયાગ જિલ્લાના બાંસવાડા-કંડાડા મોટર માર્ગ પર સોમવાર મોડી સાંજે એક ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હતો. અહીં એક બોલેરો વાહન અનિયંત્રિત થઈને રસ્તાથી આશરે ૫૦૦ મીટર નીચે ઊંડી ખીણમાં ખાબક્યું હતું. આ અકસ્માત સમયે વાહનમાં કુલ ૧૦ લોકો સવાર હતા, જેઓ એક લગ્ન સમારોહમાં હાજરી આપીને પોતાના ગામ પાછા ફરી રહ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં ૪ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અકસ્માતની માહિતી મળતા જ જિલ્લા આપત્તિ નિયંત્રણ રૂમ દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી અને ઢઢઈહ્ન, જીઢઈહ્ન તથા સ્થાનિક પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળે ભારે અંધારું અને ઊભી ખડકો હોવાને કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં જવાનોએ રાત્રે મોડા સુધી રાહત અને બચાવ કાર્ય ચાલુ રાખીને સ્ટ્રેચરની મદદથી તમામ ૬ ઘાયલોને સુરક્ષિત બહાર કાઢીને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

સોમવારની ઘટના બાદ મંગળવારે ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે પર ગૂલર બજાર પાસે વધુ એક મોટો અકસ્માત સર્જાયો હતો. અહીં મુસાફરોથી ભરેલી એક બસ બેકાબૂ બનીને પુલ પરથી આશરે ૧૦૦ મીટર નીચે પાણીમાં ખાબકી હતી. આ બસમાં અંદાજે ૩૦થી ૩૫ લોકો સવાર હતા. આ દુર્ઘટનામાં કુલ ૮ લોકોના મોત થયા છે, જેમાં ૭ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા જ્યારે એક વ્યક્તિએ એઈમ્સ (છૈંસ્જી)માં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ અકસ્માતમાં ૧૮ લોકો ઘાયલ થયા છે, જેમને હાલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

ભારતમાં બેરોજગારીમાં ઘટાડો ઓક્ટો.માં દર ઘટીને ૪.૯ ટકા

શ્રમ બળમાં મહિલા ભાગીદારી સપ્ટેમ્બરના ૩૪.૬ ટકાથી વધીને ૩૫ ટકા થઈ

નવી દિલ્હી,

ભારતનો બેરોજગારી દર સપ્ટેમ્બરના પાંચ ટકાની તુલનાએ ઓક્ટોબરમાં ઘટીને ૪.૯ ટકા થયો છે. તેની સાથે મહિલા ભાગીદારીમાં અને નોકરિયાતોની સંખ્યામાં પણ વધારો થયો છે. તેમા પણ ખાસ કરીને ગ્રામીણ મોરચે સ્થિતિ વધુ સુધરી છે. શહેરી બેરોજગારી સપ્ટેમ્બરના ૬.૯ ટકાથી ઘટીને ૬.૭ ટકા થઈ છે. જ્યારે ગ્રામીણ બેરોજગારી ૪.૨ ટકા પર સ્થિર હતી. આ ઉપરાંત શ્રમ બળમાં મહિલા ભાગીદારી સપ્ટેમ્બરના ૩૪.૬ ટકાથી વધીને ૩૫ ટકા થતાં આ મોરચે પણ સુધારો થયો હતો.

વર્ષ અગાઉના સમાન સમયગાળા દરમિયાન શ્રમ બળમાં મહિલા ભાગીદારીનું પ્રમાણ ૩૪.૨ ટકા હતું. ગ્રામીણ સ્તરે મહિલા ભાગીદારી સપ્ટેમ્બરના ૩૮.૯ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૩૯.૫ ટકા થઈ છે. જ્યારે શહેરી વિસ્તારોમાં મહિલા ભાગીદારી ૨૫.૯ ટકા પર સ્થિર હતી. વસ્તીના પ્રમાણમાં કુલ કામ કરતા લોકોનો માપદંડ કુલ લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ (એલએફપીઆર) ગયા મહિનાના ૫૫.૫ ટકાથી વધીને ૫૫.૭ ટકા થયો હતો. જ્યારે વસ્તીના પ્રમાણમાં કામદારોની સંખ્યા માપતો વર્કર પોપ્યુલેશન રેશિયો (ડબલ્યુપીઆર) આ સમયગાળા દરમિયાન ૫૨.૭ ટકાથી વધીને ૫૩ ટકા થયો.ગ્રામીણ એરિયાના મોરચે પણ સ્થિતિ સુધરી છે. અહીં એલએફપીઆર ગયા મહિનાના ૫૮ ટકાથી વધીને ૫૮.૪ ટકા થયો છે. જ્યારે શહેરી વિસ્તારોમાં આ ભાગીદારી ૫૦.૭ ટકાથી ઘટીને ૫૦.૫ ટકા થઈ છે. મહિલા બેરોજગારી દર સપ્ટેમ્બરના ૫.૨ ટકાથી ઘટીને ઓક્ટોબરમાં પાંચ ટકા થયો હતો. જ્યારે પુરુષ બેરોજગારી દર ૪.૯ ટકા પર સ્થિર હતો. શહેરી મહિલા બેરોજગારી દર ગયા મહિનાના ૯.૨ ટકાથી ઘટીને ઓક્ટોબરમાં ૮.૭ ટકા થયો હતો. જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં આ દર ૩.૯ ટકાથી ઘટીને ૩.૮ ટકા થયો હતો. આ અંદાજો માટે ૩.૭૦ લાખથી પણ વધુ લોકો પર સરવે કરવામાં આવ્યો હતો. તેમા ૨.૧૧ લાખથી પણ વધુ પ્રતિસાદીઓ ગ્રામીણ વિસ્તારના અને ૧.૫૯ લાખથી વધુ શહેરી વિસ્તારના હતા.

મુંબઈમાં મહાપાલિકાની જમીનો ભાડે આપવાના નિયમોમાં થશે મોટો ફેરફાર

પ્લોટના દર ૧૦૦ ટકા રેડિરેકનર અનુસાર નક્કી કરાશે:પ્લોટ ભાડા પર આપવાની પૉલિસીમાં ફેરફાર પ્રસ્તાવિત

મુંબઈ,

મુંબઈ મહાનગરપાલિકાએ પોતાની આવક વધારવા માટે પોતાની માલિકી પ્લોટ ભાડા પર આપવા માટેની પૉલિસીમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે, જે અંતર્ગત પ્લોટ ભાડા પર આવતા સમયે રિઝર્વ કિંમતમાં મોટો વધારો કરવામાં આવવાનો છે. તે મુજબ પ્લોટની અનામત રકમ રેડીરેકનર દરના ૫૦ ટકાને બદલે ૧૦૦ ટકા દર નક્કી કરવાનો પ્રસ્તાવ સુધાર સમિતિમાં મંજૂરી માટે આવવાનો છે.

પાલિકાએ પોતાની માલિકીના પ્લોટ ભાડે આપતી વખતે વસૂલવામાં આવતી અનામત કિંમતમાં વધારો કરવાની છે. આ પૉલિસીથી પાલિકાની આવકમાં વધારો થશે તેવી અપેક્ષા વહીવટીતંત્રે વ્યક્ત કરી છે. આ સંદર્ભે હાલની પૉલિસીમાં આંશિક ફેરફાર કરવામાં આવશે. મુંબઈ શહેર અને ઉપનગરોમાં મુંબઈ મહાનગરપલિકાની માલિકીના અંદાજે ૪,૧૭૬ પ્લોટ વિવિધ હેતુઓ માટે વિવિધ સમયગાળા માટે ભાડે આપવામાં આવ્યા છે. આમાં રહેણાંક, વ્યાપારી, ઔદ્યોગિક તેમજ શૈક્ષણિક, તબીબી, ધાર્મિક અને સામાજિક કલ્યાણ સંસ્થાઓ માટેના પ્લોટનો સમાવેશ થાય છે.

અગાઉની પૉલિસી મુજબ પ્લોટની ફાળવણી માટે અનામત કિંમત નક્કી કરવા માટે રેડીરેકનર દરના ૫૦ ટકાનો ઉપયોગ થતો હતો. જો કે તાજેતરમાં કેટલાક પ્લોટની હરાજી કરતી વખતે ડિવિઝનલ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ મુજબ અનામત કિંમત નક્કી કરવામાં આવી હતી. આ હરાજીઓને સારા પ્રતિસાદને કારણે વહીવટીતંત્રે તમામ વિભાગો માટેની પૉલિસીમાં ફેરફાર કરવાનું વલણ અપનાવ્યું છે.

સૂચિત પૉલિસી અનુસાર રહેણાંક પ્લોટની મૂળ કિંમત વિકસિત જમીનના રેડીરેકનરના દરે નક્કી કરવાનો પ્રસ્તાવ છે, જ્યારે વાણિજ્યિક અને ઔદ્યોગિક ઉપયોગ માટે તે રેડીરેકનરના બમણા દરે નક્કી કરવાનો પ્રસ્તાવ છે.

કદાચ જેલમાંથી જીવતો પાછો નહીં આવું, ઈમરાનખાનની ચિઠ્ઠીથી પાક,માં ખળભળાટ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના સ્થાપક ઈમરાન ખાને પોતાના સ્વાસ્થ્યને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. હાલમાં અદિયાલા જેલમાં બંધ ઈમરાન ખાને દાવો કર્યો છે કે તેમની તબિયત સતત બગડી રહી છે અને જેલની હાલની પરિસ્થિતિમાં તેઓ કદાચ જીવતા બહાર નહીં આવી શકે. તેમણે આ અંગે પાકિસ્તાનની અદાલતોના મુખ્ય ન્યાયાધીશોને એક પત્ર લખીને પોતાના અને પત્ની બુશરા બીબીના યોગ્ય ઈલાજની માગ કરી છે. સોમવાર, ૧૬ નવેમ્બરના રોજ લખવામાં આવેલા આ પત્રમાં ઈમરાન ખાને પોતાની તબિયત, એકાંત કેદ અને જેલમાં મળતી તબીબી સુવિધાઓ અંગે અનેક ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે પાકિસ્તાનની ફેડરલ કોન્સ્ટિટ્યુશનલ કોર્ટ, સુપ્રીમ કોર્ટ અને ઈસ્લામાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોને સંબોધીને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની અપીલ કરી છે.

ઈમરાન ખાને પત્રમાં જણાવ્યું કે તેમણે જીવનનો મોટો ભાગ એવા લોકો માટે હોસ્પિટલો બનાવવામાં વિત્વાયો છે, જેઓ સારવારનો ખર્ચ ઉઠાવી શકતા નથી. પરંતુ આજે તેમનો પોતાને અને પત્નીને યોગ્ય તબીબી સારવાર મેળવવા માટે અદાલતોના દરવાજા ખખડાવવા પડી રહ્યા છે. તેમણે દાવો કર્યો કે એકાંત કેદમાં રહેવાને કારણે તેમનું બ્લડ પ્રેશર સતત વધી રહ્યું છે. શરુઆતમાં ૧૩૦થી વધીને ૧૫૦ અને ત્યારબાદ ૧૭૦ સુધી પહોંચ્યું હતું. તેમના જણાવ્યા અનુસાર, ગયા અઠવાડિયે તે ૧૯૨ અને ૧૦ નવેમ્બરના રોજ ૧૯૩ સુધી પહોંચી ગયું હતું. ઈમરાનના જણાવ્યા પ્રમાણે, ડોક્ટરોએ તેમને બ્રેઈન હેમરેજ અને હૃદયરોગના ગંભીર જોખમ અંગે ચેતવણી આપી છે. તેમણે લખ્યું કે ૭૪ વર્ષની ઉંમરે સતત બગડતી તબિયતને કારણે તેમને ડર છે કે તેઓ જેલમાંથી જીવતા પાછા નહીં ફરી શકે.

ફિલિપાઈન્સમાં પીએમ નરેન્દ્ર મોદીનો શાહી અંદાજ

બેટરી રિક્ષામાં પહોંચ્યા ભોજન સમારંભમાં, રાષ્ટ્રપતિ માર્કોસે પરંપરાગત પોશાકમાં સજ્જ મોદીને આવકાર્યા



મનીલા,

પીએમ મોદી બે દિવસના પ્રવાસે ફિલિપાઈન્સ પહોંચ્યા છે. તેમના સન્માનમાં રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ રોમુઆલ્ડેઝ માર્કોસ જુનિયરે એક ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. જેમાં પીએમ મોદી ફિલિપાઈન્સના પરંપરાગત પોશાક બારોંગ તાગાલોગ નજરે પડ્યા હતા. તેમજ ભોજન સમારંભના સ્થળે જવા માટે તેમણે બેટરી ઓપરેટેડ રિક્ષામાં પ્રવાસ કર્યો હતો. આ ઓટો-રિક્ષાની વ્યવસ્થા ખાસ કરીને વિશિષ્ટ અતિથિઓના આગમન માટે કરવામાં આવી હતી.

જ્યારે રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ આર. માર્કોસ જુનિયર અને ફર્સ્ટ લેડી લુઈસ અરાનેટા-માર્કોસે ભોજન સમારંભના સ્થળે પહોંચેલા પીએમ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ પૂર્વે પીએમ મોદી જ્યારે ફિલિપાઈન્સ રાજધાની મનીલા પહોંચ્યા ત્યારે ભારતીય સમુદાયના લોકોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. પીએમ મોદીએ 'ઠ' પર પોસ્ટ કરીને લોકોનો આભાર વ્યક્ત કર્યો. તેમણે લખ્યું કે ફિલિપાઈન્સની રાજધાની મનીલા પહોંચીને અને ભારતીય સમુદાયના લોકોને મળીને તે ખૂબ જ ખુશ છે. સમાજના લોકોએ તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે, ભારતીય મૂળના લોકો પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓને જાળવી રાખવાની સાથે ભારત અને ફિલિપાઈન્સ વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં કાર્યક્રમ દરમિયાન ભારત અને ફિલિપાઈન્સ વચ્ચેના ગાઢ સાંસ્કૃતિક સંબંધોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે 'ગોલ્ડન સ્ટાર ઓફ અગુસન' અને ૯મી-૧૦મી સદીના ઐતિહાસિક 'લગુના કોપરપ્લેટ શિલાલેખ'ની પ્રતિકૃતિઓ ત્યાં જોવા મળી હતી.

શહેરી વિસ્તારમાં જનભાગીદારીથી કચરાના ચાર સ્તરીય વર્ગીકરણ દ્વારા જ સ્વચ્છ અને સુંદર શહેરોની કલ્પના સાકાર થશે

વોટ્સએપ હેલ્પલાઈન નંબર ૭૬૨૨૮૮૦૦૦૦ દ્વારા નાગરિકોની સ્વચ્છતા ફરિયાદોનું ૨૪ કલાકમાં નિરાકરણ

ગાંધીનગર,

ગુજરાત સરકાર "સ્વચ્છ ગુજરાત-સ્વસ્થ ગુજરાત" ના સંકલ્પ સાથે સ્વચ્છતા ક્ષેત્રે દેશમાં અગ્રેસર રહેવા સંકલ્પબદ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ- નામદાર નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશોના અમલ માટે વ્યાપક કાર્યવાહી હાથ ધરી છે.આમ, શહેરી વિસ્તારમાં જનભાગીદારીથી કચરાના ચાર સ્તરીય વર્ગીકરણ દ્વારા જ સ્વચ્છ અને સુંદર શહેરોની કલ્પના સાકાર થઈ રહી છે.

સ્વચ્છતા એ માત્ર સરકારની નહીં, સૌની જવાબદારી છે. નાગરિકોને અનુરોધ છે કે, કચરો ઉત્પન્ન થાય ત્યાં જ ચાર પ્રકારે ભીનો,સૂકો, સેનિટરી અને ખાસ કાળજીવાળો કચરો અલગ કરીને ડોર-ટુ-ડોર વાહનમાં જ આપો. કચરો જાહેરમાં ન ફેંકો, ન સળગાવો. સૌના સહકારથી ગુજરાતને સ્વચ્છતામાં દેશમાં અગ્રેસર રાખી શકાશે. 'મારું શહેર, સ્વચ્છ શહેર એવોર્ડ' અંતર્ગત સારી કામગીરી કરનાર મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને પ્રોત્સાહિત પણ કરવામાં આવે છે.

વધુમાં જીઉસ નિયમો, ૨૦૨૬ મુજબ મુખ્ય જોગવાઈઓ નવા નિયમો, જે ૧ એપ્રિલ ૨૦૨૬ થી અમલમાં આવ્યા છે. જેમાં ઘરે ઘરેથી કચરાનું ૧૦૦ ટકા કલેશન કરવું. કચરાના ચાર પ્રકારે વર્ગીકરણમાં ભીનો,સૂકો, સેનિટરી અને ખાસ કાળજીવાળો કચરો ડોર ટુ ડોર વાહનને આપવો જોઈએ. આ ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં આવેલ કોમ્પ્લેક્સ, હોટેલ, સંસ્થાઓ, રહેણાંક અને એકમ/ઓફિસ વિગેરે કે જે ઘન કચરા વ્યવસ્થાપન નિયમો - ૨૦૨૬ મુજબ કોઈપણ એક માપદંડ પૂર્ણ કરતા હોય જેવા કે, ૨૦ હજાર ચોરસ મીટર અથવા તેથી વધુ બિલ્ટ-અપ/ફ્લોર વિસ્તાર ધરાવતા હોય, દૈનિક ૪૦ હજાર લિટર અથવા તેથી વધુ પાણીનો ઉપયોગ કરવામાં આવતો હોય, દૈનિક ૧૦૦ કિલોગ્રામ અથવા તેથી વધુ ઘન કચરો ઉત્પન્ન કરવામાં આવતો હોય? તેવા કિસ્સામાં મ્ઉજ્જ દ્વારા સ્થળ પર ભીના કચરાનું ઢીષ્ઠીહંઠ્ઠિઠ્ઠૈડીઠ્ઠ પ્રોસેસિંગ તેમજ સૂકા કચરાને રજિસ્ટર/ઓથોરાઈઝ્ડ એજન્સી મારફતે નિકાલ કરવામાં આવે છે. આ અભિયાનમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને 'Lead Facilitator' તરીકે વિશેષ જવાબદારી આપવામાં આવી છે.

ઘન કચરા વ્યવસ્થાપન નિયમો અનુસાર તમામ જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને Special Cellની રચના કરી અમલીકારી અને મોનીટરીંગની કામગીરી કરવામાં આવી રહી છે. વધુમાં રાજ્યકક્ષાથી વિવિધ વર્કશોપનું આયોજન કરી તમામ ચૂંટાયેલા પ્રતિનિધિ તેમજ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના અધિકારીઓ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી સાથે સંકળાયેલા સ્ટાફ વિગેરેને માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવી છે. આ સિવાય પ્રાદેશિક કક્ષાએ પણ વિવિધ તાલીમ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મેમનગર ખાતે જલારામ બાપાની જન્મજયંતિ મહોત્સવમાં સહભાગી થયા

મુખ્યમંત્રીએ સંત જલારામ બાપાના ભાવપૂર્વક દર્શન અને પૂજા-અર્ચના કરી રાજ્યની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી



અમદાવાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના મેમનગર વિસ્તારમાં ગુણાતીત નગર પાસે, વિવેકાનંદ ચોક, ગુરુકુલ ખાતે આયોજિત પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભવ્ય શોભાયાત્રા અને મહોત્સવમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સેવા સિનીયર સીટીઝન ગ્રુપ, મેમનગર દ્વારા આયોજિત આ પાવન પ્રસંગે મુખ્યમંત્રીએ સંત જલારામ બાપાના ભાવપૂર્વક દર્શન અને પૂજા-અર્ચના કરી રાજ્યની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ અવસરે તેમણે સિનીયર સીટીઝન ગ્રુપ દ્વારા કરવામાં આવતી વિવિધ સામાજિક, ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓની ખાસ સરાહના કરી હતી.

સુરતમાં પત્ની સાથેના આડા સંબંધની અદાવતમાં યુવકની ઈંટના ઘા ઝીંકી કરાઈ હત્યા

કામરેજથી મળી આવેલ અજાણી વ્યક્તિના ડિકમ્પોઝ મૃતદેહનો ભેદ ઉકેલાયો

સુરત,

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઉભેળ ગામમાં રામપીરની દરગાહ નજીકથી મળી આવેલી અજાણી વ્યક્તિની ડિકમ્પોઝ હાલતમાં લાશના મર્ડરનો ભેદ પોલીસે ઉકેલી લીધો છે. પોલીસ તપાસમાં મૃતકની ઓળખ રાજકોટની એક કંપનીમાં કામ કરતા બબલુ સૈની તરીકે થઈ છે. પત્ની સાથેના આડા સંબંધની અદાવતમાં બબલુ સૈનીની હત્યા કરવામાં આવી હોવાનો પોલીસ તપાસમાં ખુલાસો થયો છે.

આ કેસ બાબતે મળતી માહિતી મુજબ, આરોપી શ્રીરામ સુંદરલાલ પાંડે (ઉં.વ. ૩૩)ને મૃતક બબલુ સૈનીની પત્ની સાથે આડા સંબંધ હોવાની અદાવત હતી. આ અદાવતને પગલે તેણે બબલુની હત્યા કરવાનો પ્લાન બનાવ્યો હતો. આરોપીએ બબલુને સારી નોકરી અપાવવાની લાલચ આપી હતી. ત્યારબાદ તેને મોટરસાઈકલ પર બેસાડીને સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઉભેળ ગામે લઈ ગયો હતો.

ગૌચરની જમીન બાબતે બે લોકો વચ્ચે ઝઘડો થયો હતો. આ દરમિયાન આરોપીએ ઈંટના ઘા મારી બબલુ સૈનીની હત્યા કરી નાખી હતી અને લાશ ત્યાં જ છોડી દીધી હતી. બાદમાં રામપીરની દરગાહ નજીકથી ડિકમ્પોઝ હાલતમાં લાશ મળી આવતા પોલીસ તપાસ શરૂ કરવામાં આવી હતી.

સાબરમતી રિવરફ્રન્ટના ફેઝ-૨ અને ફેઝ-૩ના કામની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમીક્ષા કરી

મુખ્યમંત્રીએ અધિકારીઓને કામગીરી ઝડપી પૂર્ણ કરવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું



અમદાવાદ,

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઝ-૨ અને ફેઝ-૩ની કામગીરી પૂર્ણ થયા બાદ રિવરફ્રન્ટની કુલ લંબાઈ બંને કાંઠે મળીને ૪૦ કિ.મી. સુધી પહોંચશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં રિવરફ્રન્ટના બંને ફેઝ અંતર્ગત ચાલી રહેલા વિવિધ વિકાસકાર્યોની સ્થળ મુલાકાત લઈને સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ પશ્ચિમ કાંઠે અચેરથી પૂર્વ કાંઠે કેમ્પ સદર બજાર વચ્ચે નિર્માણ પામી રહેલા ૬ લેનના બેરેજ કમ બ્રિજની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત ફેઝ-૨ હેઠળ સરદાર પટેલ એક્ટ્લેવના કેનોપી સ્ટ્રક્ચર, કોટેશ્વર મહાદેવ મંદિર પાછળ અને ઈન્દિરા બ્રિજ નીચે ચાલી રહેલા કામોની પણ સમીક્ષા કરી હતી.

ફેઝ-૩ અંતર્ગત સાબરમતીના પશ્ચિમ છેડે કોતરપુર સામે અને પૂર્વ તરફ કરાઈ નજીક નર્મદા કેનાલ એસ્કેપ પાસે ચાલી રહેલી કામગીરીની પ્રગતિનો તાગ મેળવ્યો હતો. મુખ્યમંત્રીએ અધિકારીઓને કામગીરી ઝડપી પૂર્ણ કરવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેન આઈ.પી. ગૌતમ, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રિવરફ્રન્ટના ફેઝ-૨ અંતર્ગત ડફનાળાથી ઈન્દિરા બ્રિજ સુધી નદીના બંને કાંઠે વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.

સુરતના રાંદેર વિસ્તારમાં આવેલા પાયક વાડમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થવાની ગંભીર ઘટના

સુરત,

સુરત શહેરના રાંદેર વિસ્તારમાં આવેલા પાયક વાડમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થવાની ગંભીર ઘટના સામે આવી છે. ભારત ગેસના બાટલામાં પ્રચંડ ધડાકા સાથે બ્લાસ્ટ થતાં ઘરમાં વિકરાળ આગ ફાટી નીકળી હતી. આગના કારણે ઘરમાં રહેલો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, પાયક વાડ વિસ્તારમાં રહેતા એક પરિવારે બે દિવસ અગાઉ ભારત ગેસનો નવો બાટલો નોંધાવ્યો હતો. આ બાટલો આજે સવારે જ ઘરે લાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેને ગેસ સાથે જોડવામાં આવ્યો હતો. જોકે, બાટલો લગાવ્યાના માત્ર ૧૫થી ૨૦ મિનિટમાં જ અચાનક પ્રચંડ ધડાકા સાથે બ્લાસ્ટ થયો હતો. ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

સિલિન્ડર બ્લાસ્ટ થતાં જ ઘરમાં આગ ફાટી નીકળી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ઘરમાં રહેલો ફર્નિચર સહિતનો ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગની જ્વાળાઓ અને ધુમાડાને કારણે આસપાસના વિસ્તારમાં પણ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ લાગી હોવાના સમાચાર મળતા જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો અને વધુ નુકસાન થતું અટકાવ્યું હતું.

અમદાવાદના નારોલ વિસ્તારમાં ગેરકાયદે પશુ કતલખાનું ઝડપાયું : ચાર આરોપીની ધરપકડ

પોલીસે ૭૦૦ કિલોગ્રામ ભેંસનું માંસ, ૫ વાહનો અને મોબાઈલ મળી કુલ રૂ. ૪.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો



અમદાવાદ,

અમદાવાદ શહેરમાં નારોલ વિસ્તારમાં વટવા ટર્નિંગથી સદાની ધાબી તરફ જવાના રોડ પર દયારામ ફેક્ટરીની સામે અલીફનગર તરફ જતા માર્ગે આવેલી એક ઓરડીમાં ગેરકાયદે રીતે ચાલતા પશુ કતલખાના પર પોલીસે રવિવારે દરોડો પાડ્યો હતો. ચોક્કસ બાતમીના આધારે કરાયેલી આ કાર્યવાહીમાં પોલીસે ૭૦૦ કિલોગ્રામ ભેંસનું માંસ, ૫ વાહનો અને મોબાઈલ મળી કુલ રૂ. ૪.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ઘટનામાં ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી છે અને એક સગીર કાયદાના સંઘર્ષમાં આવ્યો છે, જ્યારે અન્ય બે આરોપીઓ ફરાર હોવાથી તેમની શોધખોળ હાથ ધરાઈ છે.

નારોલ પોલીસને બાતમી મળી હતી કે અલીફનગર રોડ પર આવેલી એક ઓરડીમાં ગેરકાયદે પશુઓની કતલ કરવામાં આવી રહી છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ઓરડીમાંથી અને બહાર પાર્ક કરેલા લોડિંગ ટેમ્પોમાંથી ૭૦૦ કિલોગ્રામ માંસ મળી આવ્યું હતું, જ્યારે ઓરડીની બાજુમા આવેલી ખુલ્લી જગ્યામાંથી ૫ વર્ષની ૪ ભેંસો અને દોઢ વર્ષના ૪ પાડા મળી કુલ ૮ જીવિત પશુઓ ભૂખ્યા-તરસ્યા બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા.

અમદાવાદમાં લિવ-ઈનમાં રહેતી યુવતીએ પ્રેમી અને પરિવારના ત્રાસથી કંટાળીને જીવન ટૂંકાવ્યું

અમદાવાદ,

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં મૈત્રી કરારથી રહેતી ૨૪ વર્ષીય યુવતીએ પ્રેમી અને તેના પરિવારજનોના સતત શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ રાત્રે ૯ વાગ્યા પહેલાં બાપુનગર સ્થિત ચાંદાભાઈની ચાલી ખાતે આ બનાવ બન્યો હતો. આ મામલે મૃતક યુવતીની માતાએ પ્રેમી મયુર પ્રવિણભાઈ પરમાર સહિત ૪ આરોપીઓ વિરુદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપવાની ફરિયાદ બાપુનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેમની ધરપકડ કરવામાં આવી છે.

ગોમતીપુર વિસ્તારમાં રહેતાં નંદાબેન ધુળાભાઈ રાઠોડની ૨૪ વર્ષીય દીકરી દક્ષા વર્ષ ૨૦૨૧માં ઈન્સ્ટાગ્રામ મારફતે મયુરકુમાર પ્રવિણભાઈ પરમારના સંપર્કમાં આવી હતી. જાન્યુઆરી ૨૦૨૩માં બંનેએ મૈત્રી કરાર કરી મોરબી ખાતે સાથે રહેવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ ૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ દક્ષાએ પુત્ર આનંદને જન્મ આપ્યો હતો. ત્યારબાદ તેઓ બાપુનગરમાં રાધાભક્તિ નર્સિંગ હોમની સામે આવેલી ચાંદાભાઈની ચાલી ખાતે રહેવા આવ્યાં હતાં.

પુત્રના જન્મના ૬ મહિના બાદથી જ મયુરકુમાર, તેના પિતા પ્રવિણભાઈ પરમાર, માતા મંજુબેન પ્રવિણભાઈ પરમાર અને ભાઈ વિશાલ પ્રવિણભાઈ પરમાર નાની-નાની બાબતોમાં દક્ષાને મ્હેણાં-ટોણાં મારી ઝઘડો કરતા હતા અને તેની સાથે મારઝૂડ પણ કરતા હતા. પરિવારજનો દ્વારા સમાધાન કરાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં દક્ષાને આપવામાં આવતો ત્રાસ યથાવત રહ્યો હતો.

ગુજરાત કોંગ્રેસ એક્શન મોડમાં, પ્રભારી રણદીપ સુરજેવાલા ૧૮-૧૯ નવેમ્બરે ગુજરાત પ્રવાસે

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ

અમદાવાદ,

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણીને લઈને અત્યારથી જ રાજકીય ગતિવિધિઓ તેજ બનવા લાગી છે. ચૂંટણીને ભલે હજુ સમય બાકી હોય, પરંતુ રાજકીય પક્ષોએ અત્યારથી જ પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. એક તરફ ભાજપ દ્વારા આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠન અને રાજકીય સમીકરણો ગોઠવવાની કવાયત ચાલી રહી છે, તો બીજી તરફ કોંગ્રેસ પણ હવે એક્ટિવ મોડમાં આવી ગઈ છે. ગુજરાતમાં સત્તા જાળવી રાખવા ભાજપ પોતાની રણનીતિ તૈયાર કરશે, તો બીજી તરફ કોંગ્રેસ માટે આગામી ચૂંટણીમાં પોતાનું રાજકીય સ્થાન મજબૂત કરવાનો પડકાર રહેશે. આમ, ગુજરાત ચૂંટણી પહેલાં જ ભાજપ- કોંગ્રેસ વચ્ચે રાજકીય તૈયારીઓનો દોર શરૂ થઈ ગયો છે.

ખાસ કરીને આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને બંને પક્ષો માટે સંગઠન મજબૂત કરવું, કાર્યકરોને સક્રિય કરવા અને જનતા સુધી પહોંચવું મહત્વપૂર્ણ બની રહેશે. ચૂંટણીમાં માત્ર મોટા નેતાઓની સભાઓ જ નહીં, પરંતુ સ્થાનિક સ્તરે સંગઠનની કામગીરી અને લોકો સાથેનો સંપર્ક પણ જરૂરી પાસો છે. આ સ્થિતિમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો અત્યારથી જ પોતાની રણનીતિ ઘડવાની દિશામાં આગળ વધી રહ્યા છે. એક તરફ ભાજપ પોતાના સંગઠનના માળખાને વધુ મજબૂત કરવાની દિશામાં કામ કરશે, તો બીજી તરફ કોંગ્રેસ પણ સ્થાનિક સ્તરે પક્ષને ફરી સક્રિય કરવા માટે બેઠકોનો દોર શરૂ કરી રહી છે.

આ જ કડીમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી રણદીપ સુરજેવાલા ૧૮ અને ૧૯ નવેમ્બરના રોજ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. તેમના બે દિવસના પ્રવાસને આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓના સંદર્ભમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. રણદીપ સુરજેવાલા ૧૮ નવેમ્બરના રોજ બપોરે અમદાવાદ એરપોર્ટ પર પહોંચશે. ત્યારબાદ તેઓ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠકો કરશે.

અમદાવાદમાં ૩ વર્ષમાં ઘરેલુ હિંસાની ૧૨,૭૨૧ ફરિયાદો, અભયમના દર બેમાંથી એક ફોન પાછળ અત્યાચારની ફરિયાદ

લગ્નેતર સંબંધો અને વર્ચ્યુઅલ જોડાણોને લગતા કુલ ૧,૧૬૮ કિસ્સા નોંધાયા



અમદાવાદ,

ઘર પરિવાર માટે સુરક્ષા અને હૂંફનું સ્થાન ગણાય છે, પરંતુ અનેક મહિલાઓ માટે ઘરની ચાર દીવાલો વચ્ચે જ અત્યાચારનો સામનો કરવો પડે છે. અમદાવાદમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના છેલ્લા ત્રણ વર્ષના આંકડા આ સમસ્યાની ગંભીરતા દર્શાવે છે. વર્ષ ૨૦૨૪થી ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં હેલ્પલાઈન પર પારિવારિક અને ઘરેલુ સમસ્યાઓ માટે કુલ ૨૪,૧૩૬ મહિલાઓએ સંપર્ક કર્યો હતો. તેમાંથી ૧૨,૭૨૧ ફરિયાદો ઘરેલુ હિંસા અને શારીરિક અત્યાચાર સંબંધિત હતી. એટલે કે કુલ ફરિયાદોમાંથી આશરે ૫૨.૭ ટકા ફરિયાદો ઘરેલુ હિંસાની હતી.વાર્ષિક સમાચાર સારાંશ

૧૮૧ અભયમના આંકડા મુજબ, મદદ માટે આવતા દર બે ફોનમાંથી એક કરતાં વધુ ફોન ઘરેલુ હિંસા સંબંધિત હોય છે. આ ફરિયાદોમાં સાસરિયાં દ્વારા મારપીટ, અપમાન, ગાળાગાળી, માનસિક ત્રાસ અને ઘરમાંથી કાઢી મૂકવા જેવી સમસ્યાઓનો સમાવેશ થાય છે.

વર્ષવાર વિગતો પ્રમાણે, ૨૦૨૪માં ઘરેલુ હિંસાની ૪,૭૨૧ ફરિયાદો નોંધાઈ હતી. ૨૦૨૫માં આ સંખ્યા ઘટીને ૪,૪૮૯ થઈ હતી. જ્યારે ૨૦૨૬માં ૨૪ ઓક્ટોબર સુધીમાં ૩,૫૧૧ ફરિયાદો નોંધાઈ હતી. આમ, ત્રણ વર્ષ દરમિયાન કુલ ૧૨,૭૨૧ ફરિયાદો સામે આવી છે. ૨૦૨૬ના આંકડા સંપૂર્ણ વર્ષના નથી, પરંતુ આ સમયગાળામાં પણ ફરિયાદોની સંખ્યા નોંધપાત્ર રહી છે.આંકડા મુજબ, છેલ્લા ત્રણ વર્ષમાં ૩,૯૮૪ કિસ્સાઓમાં મહિલાઓએ શાબ્દિક દુર્વ્યવહાર અને માનસિક પ્રતાડનાની ફરિયાદ કરી હતી. જ્યારે ૧,૩૯૫ કિસ્સાઓમાં પારિવારિક વિવાદને કારણે પરિણીત મહિલાઓને સાસરું છોડવાની ફરજ પડી હતી.

આ ઉપરાંત, લગ્નેતર સંબંધો અને વર્ચ્યુઅલ જોડાણોને લગતા કુલ ૧,૧૬૮ કિસ્સા નોંધાયા હતા.

ચોમાસામાં પાણી ભરાયા બાદ એએમસી જાગ્યું, સાબરમતી રિવરફ્રન્ટ લાઈનનો કાંપ કાઢવા ૧૦.૪૬ કરોડ મંજૂર

પૂર્વ તરફની ૧૧.૫૦ કિમી લાંબી લાઈનમાં જમા થયેલો કાંપ દૂર કરવામાં આવશે





અમદાવાદ,

અમદાવાદ રિવરફ્રન્ટ લાઈન સફાઈ અંગે મહત્વના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદમાં ચોમાસા દરમિયાન અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતાં અને નાગરિકોની મિલકતોને નુકસાન પહોંચ્યા બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એએમસી દ્વારા સાબરમતી રિવરફ્રન્ટની ઈન્ટરસેપ્ટર લાઈનની સફાઈ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પૂર્વ તરફની ૧૧.૫૦ કિમી લાંબી લાઈનમાં જમા થયેલો કાંપ દૂર કરવા ૧૦.૪૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. વોટર કમિટીએ આ દરખાસ્તને મંજૂરી આપી છે.

ચોમાસા દરમિયાન શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાતાં નાગરિકોને મુશ્કેલી પડી હતી અને મિલકતોને નુકસાન થયું હતું. આ સ્થિતિ બાદ હવે સફાળું જાગ્યું છે અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સુધારવા માટે ઈન્ટરસેપ્ટર લાઈનની સફાઈનો નિર્ણય લેવાયો છે. વોટર કમિટીના ચેરમેનના જણાવ્યા મુજબ, આગામી ચોમાસા પહેલાં સફાઈ પૂર્ણ કરીને લાઈનને સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત કરવામાં આવશે. રિવરફ્રન્ટના પૂર્વ અને પશ્ચિમ કિનારે ૯૦૦ થી ૨૨૦૦ મિમી વ્યાસની ડ્રેનેજ લાઈન નાખવામાં આવી છે. આ વ્યવસ્થા મારફતે ગટરનું પાણી ટ્રીટમેન્ટ માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પહોંચાડવામાં આવે છે. પૂર્વ વિસ્તારની ઈન્ટરસેપ્ટર લાઈનમાં આવતું ગટરનું પાણી પીરાણા સ્થિત ૧૦૬ સ્ન્ઢ ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લઈ જવામાં આવે છે અને ટ્રીટમેન્ટ બાદ નદીમાં છોડવામાં આવે છે. હવે પૂર્વ તરફની લાઈનની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે. શાહીબાગ ડફનાળાથી આંબેડકર બ્રિજ સુધી ફેલાયેલી ૧૧.૫૦ કિમી લાંબી લાઈનમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ઝોનના અનેક વોર્ડનાં ડ્રેનેજ કનેક્શન જોડાયેલાં છે.

આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા રવિશંકરે વિશ્વપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરની મુલાકાત લઈ માઁ ખોડલના દર્શન કર્યા

મંદિર પરિસરની અદ્ભુત વ્યવસ્થા અને સ્વચ્છતાને ગુરુદેવ રવિશંકરે બિરદાવી

કાગવડ:

વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ અને 'આર્ટ ઓફ લિવિંગ'ના પ્રણેતા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીએ તા.૯ નવેમ્બરના રોજ જેતપુર નજીક કાગવડ સ્થિત આસ્થાના પરમ કેન્દ્ર સમાન વિશ્વપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરની મુલાકાત લીધી હતી.આ પવિત્ર અવસરે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીએ જગતજનની માઁ ખોડલના ચરણોમાં શીશ ઝુકાવી ભાવપૂર્વક દર્શન-અર્ચન કર્યા હતા અને સમગ્ર વિશ્વમાં શાંતિ તથા સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના આગમન પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ તેમજ ટ્રસ્ટીશ્રીઓએ ખાસ ઉપસ્થિત રહીને ભાવભર્યું અને ઉષ્માસભર સ્વાગત કર્યું હતું.



દર્શન બાદ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીએ મંદિરના શિખર પર ધ્વજારોહણ કર્યું હતું. ત્યારબાદ સમગ્ર મંદિર પરિસરની મુલાકાત લીધી હતી.તેમણે શ્રી ખોડલધામ મંદિરના ભવ્ય સ્થાપત્ય, સુચારું વ્યવસ્થાપન અને પરિસરની ઉડીને આંખે વળગે તેવી સ્વચ્છતા જોઈને અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી હતી.મંદિર પરિસરની જાળવણી અને સુંદર વ્યવસ્થા બદલ તેમણે ટ્રસ્ટના હોદ્દેદારો અને સ્વયંસેવકોની કામગીરીને મુક્તકંઠે બિરદાવી હતી.

આ પ્રસંગે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીએ જણાવ્યું હતું કે, શ્રી ખોડલધામ મંદિરે આવીને જાણ થઈ કે કેટલો સુંદર રીતે આખો સમાજ એકત્રિત થયો છે. જયારે કોઈ સમાજ એકત્રિત થાય છે ત્યારે અન્ય સમાજ પણ પ્રેરણા લે છે. એક એક સમાજ એકત્રિત થાય છે ત્યારે દેશ આગળ વધી શકે છે.શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે જે રીતે વિભિન્ન રજવાડાઓને એક કરીને દેશને એક બનાવ્યો તેનો શ્રેય આ સમૂદાયને જાય છે. મા ખોડલના દર્શન કરીને ધ્વજારોહણનો લ્હાવો મળ્યો તે બદલ ખૂબ જ પ્રસન્નતા થઈ. જીવનમાં આધ્યાત્મિકતા કેળવવી જોઈએ કેમ કે આધ્યાત્મિકતા વિનાનું જીવન સુકું લાગે છે.સમાજમાં ધર્મની શિક્ષા ખૂબ જ આવશ્યક છે. બાળકોને શ્લોક, મંત્રો, પૂજા-અર્ચના શીખવવા જરૂરી છે.ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની આ મુલાકાત દરમિયાન શ્રી નરેશભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રીઓ, સામાજિક અગ્રણીઓ તેમજ આર્ટ ઓફ લિવિંગ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

"વર્લ્ડ ડે ઓફ રીમેમ્બરન્સ – ૨૦૨૬" : રાજકોટ ખાતે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

ટ્રાફિક પોલીસ તેમજ આર.ટી.ઓ. વિભાગ દ્વારા આયોજિત માર્ગ સલામતી અંગે જનજાગૃતિ કાર્યક્રમ

રાજકોટ:

વિશ્વભરમાં નવેમ્બર માસના ત્રીજા રવિવારને માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલ વ્યક્તિઓની યાદમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તથા માર્ગ સલામતી અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી "વર્લ્ડ ડે ઓફ રીમેમ્બરન્સ " તરીકે ઉજવવામાં આવે છે. જે અન્વયે ગતરોજ તા. ૧૫ નવેમ્બરના પોલીસ હેડ ક્વાર્ટર, રાજકોટ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જાન્યુઆરી-૨૦૨૬ થી આજદિન સુધીમાં રાજકોટ શહેર વિસ્તારમાં અંદાજે ૧૩૧ જેટલા ફેટલ માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓની તસ્વીર પાસે મીણબત્તી પ્રગટાવી ઉપસ્થિત મહાનુભાવો તથા પરિવારજનો દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના માધ્યમથી માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા, વાહન ચલાવતી વખતે હેલ્મેટ તથા સીટબેલ્ટનો ફરજિયાત ઉપયોગ કરવા, ઓવરસ્પીડિંગ તથા બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનું ટાળવા અને માર્ગ અકસ્માતો અટકાવવા અંગે જનજાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર ટ્રાફિક શાખાના અધિકારીશ્રીઓ, આર.ટી.ઓ. શ્રી આઈ.એસ. ટાંક, ૧૦૮ ના કર્મચારીશ્રીઓ, બોલબાલા ટ્રસ્ટના શ્રી જયેશભાઈ તથા નિવૃત આર.ટી.ઓ. શ્રી જે.વી. શાહ સહીત માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓના પરિવારજનો સહભાગી થયા હતાં.



ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિની નિમિત્તે રાજકોટ ડિવિઝનમાં ઉત્સાહભેર ઉજવણી

રાજકોટ:

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિના ઉપલક્ષ્યમાં છઠ્ઠો જનજાતીય ગૌરવ દિવસ આજે, ૧૬ નવેમ્બર ૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે ડિવિઝનલ રેલવે ઓફિસના કોન્ફરન્સ હોલમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું આયોજન રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) શ્રી ગિરિરાજ કુમાર મીનાની ગરિમામય ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ અવસરે ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીના સહિત ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ દીપ પ્રાગટ્ય કર્યું હતું તથા ભગવાન બિરસા મુંડાના તૈલચિત્ર પર પુષ્પ અર્પણ કરી તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ તથા રાષ્ટ્રીય ગૌરવ, વીરતા અને આતિથ્ય જેવા ભારતીય મૂલ્યોને પ્રોત્સાહન આપવામાં આદિવાસી સમુદાયોના યોગદાન અને પ્રયાસોને માન્યતા આપવાના ઉદ્દેશ્યથી દર વર્ષે 'જનજાતીય ગૌરવ દિવસ' નું આયોજન કરવામાં આવે છે.



આ અવસરે ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓએ ભગવાન બિરસા મુંડા, જેમને 'ધરતી આબા' ના નામથી પણ ઓળખવામાં આવે છે, તેમના જીવન, સંઘર્ષ, આદર્શો અને રાષ્ટ્ર તથા સમાજ પ્રત્યેના તેમના અમૂલ્ય યોગદાનને યાદ કર્યું હતું અને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ભગવાન બિરસા મુંડા ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન આદિવાસી નાયક અને સમાજ સુધારક હતા, જેમણે આદિવાસી સમાજના અધિકારો, સન્માન અને સ્વાભિમાન માટે નોંધપાત્ર સંઘર્ષ કર્યો હતો.

કાર્યક્રમમાં અધિક ડિવિઝનલ રેલવે મેનેજર (એડીઆરએમ) શ્રી બ્રિજેશ કુમાર સિંહ, વરિષ્ઠ ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી અમૃત સોલંકી, વરિષ્ઠ ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીના, વરિષ્ઠ ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર શ્રી પવન કુમાર મીના સહિત વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ અને અન્ય અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ, વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયન, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (એસસી/એસટી) કર્મચારી સંઘ તથા અન્ય પછાત વર્ગ (ઓબીસી) કર્મચારી સંઘના પ્રમુખો, સચિવો અને પ્રતિનિધિઓએ પણ કાર્યક્રમમાં સહભાગિતા નોંધાવી હતી.

વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે 'VVP Virasat' ઈ-ન્યૂઝલેટરનું ભવ્ય લૉન્ચિંગ

રાજકોટ:

વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે આજે સંસ્થાના ગૌરવવંત પ્રવૃત્તિઓને સંગ્રહિત કરતા ત્રિમાસિક ઈ-ન્યૂઝલેટરનું ભવ્ય લૉન્ચિંગ પ્રસંગે વી.વી.પી.ના પૂર્વવિદ્યાર્થી (X-VVPian) અને જાણીતા ઉદ્યોગપતિ ફ્લેશ કેબ કેબલ કંપની ના એમ . ડી. શ્રી વિજયભાઈ શિંગાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ, ઉપસ્થિત મુખ્ય મહેમાન શ્રી વિજયભાઈ શિંગાળા, સંસ્થાના ટ્રસ્ટીશ્રી ડો.નરેન્દ્રભાઈ દવે, પ્રિન્સિપાલ ડૉ. પિયુષભાઈ વણઝારા, ડિપ્લોમા આચાર્યશ્રી ડો. પરેશભાઈ કોટક ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત પરંપરાગત મુજબ ત્રણ ઓમકાર ના નાદ અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. આ ગરિમાપૂર્ણ અવસરે મુખ્ય અતિથિ વિશેષ શ્રી વિજયભાઈ શિંગાળાની સંસ્થાના ટ્રસ્ટીશ્રી ડો.નરેન્દ્રભાઈ દવે અને આચાર્યશ્રી ડૉ. પિયુષભાઈ વણઝારા દ્વારા મોમેન્ટો (સ્મૃતિચિહ્ન) આપીને તેમજ ડિપ્લોમા આચાર્ય શ્રી ડો. પરેશભાઈ કોટક દ્વારા પુસ્તક આપી અભિવાદન કરવામાં આવેલ હતું તેમજ વીવીપી વિરાસત newsletter નું ઓનલાઈન વિમોચન તથા ઓફલાઈન વિમોચન મહેમાનશ્રીના કરકમળો વડે કરવામાં આવેલ હતું.



કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. પિયુષભાઈ વણઝારા દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન અને પ્રસ્તાવના રજૂ કરવામાં આવી હતી. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, આપણી આ વિરાસત દેશ અને દુનિયામાં આપણા કામ થકી આપણા સૌના સાથ સહકાર થી ફેલાય તેવી અપેક્ષા રાખી હતી.આ પ્રસંગે શ્રી વિજયભાઈએ પોતાના ટૂંકા પણ પ્રભાવી વક્તવ્યમાં પોતાના અનુભવો દ્વારા જણાવેલ હતું કે બિઝનેસ લાઈફ બોર્ડિંગ જેવી છે કેટલાક મુક્કા ખાધા પછી પણ જલ્દી ઊભા થઈ સામનો કરવો પડે છે તો જ સફળતા મળે છે. પોતાની માતૃસંસ્થામાં આવવાનો ખૂબ રાજીપો વ્યકત કરી વીવીપી માટે જયારે જરૂર પડે ત્યારે સહયોગ આપવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રી ડૉ. નરેન્દ્રભાઈ દવેએ આ નવતર પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે, આ વીવીપી વિરાસત દ્વારા આપણે સમાજને કંઈક નવું આપવું છે, શિક્ષણ જગતમાં કંઈક નવું કરવું છે, જે વીવીપી સંસ્કાર સાથેના શિક્ષણ દ્વારા ચોક્કસ આપી રહી છે, તેમણે જણાવેલ કે શિક્ષકો અને આપણો સ્ટાફ જ આપણી વિરાસત છે. આ આપણા પરિવારની વિરાસત છે જેનું આજે આપણે આ વીવીપી વિરાસતનું વિમોચન કરીને સાક્ષાત ગૌરવના દર્શન કર્યા તેમ જણાવી સમગ્ર ટીમને તેમણે અભિનંદન આપેલ હતા. અંતમાં ચીફ એડિટર અને વીવીપી ના લાઈબ્રેરિયન ડો. તેજસ શાહ દ્વારા સુંદર શૈલીમાં આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ અને રસપ્રદ સંચાલન એપ્લાઈડ સાયન્સ એન્ડ હ્યુમનિટીઝ (ASH) વિભાગના ફેકલ્ટી સુશ્રી રિયા રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ લોન્ચિંગ સેરેમનીમાં કોલેજનો તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના આચાર્યશ્રી ડો. પિયુષભાઈ વણઝારા ના માર્ગદર્શન હેઠળ કો-એડીટર શ્રી કલ્પેશભાઈ છાયા, સ્ટુડિયો કો ઓર્ડીનેટર ડીઝાઈનર પંર ITના તનિશ્કા ત્રિવેદી, રામ જેઠવા, રિયા સોજીત્રા, ઓમ રામાવત, રિયા થાનકી, માધવ રાઠોડ, વિધિ વિરડીયા, ઓડીટોરીયલ બોર્ડના પ્રોફ. શેરોનબેન ક્રિષ્ટિ, પ્રોફ. શ્યામભાઈ મહેતા, શ્રી હિમાંશુભાઈ પીઠડીયા, શ્રી દિપેનભાઈ વ્યાસ, પ્રોફ. રીયાબેન રાવલ, શ્રી પ્રદીપસિંહ સરવૈયા, પ્રો. ધારાબેન ઉપાધ્યાય, પ્રોફ. જીગ્નેશભાઈ શાહ,શ્રી પારસભાઈ મોદી, પ્રોફ. મયુરભાઈ ચૌહાણ, પ્રોફ. નિરાલીબેન ગોંડલીયા, શ્રી દેવેનભાઈ રાવલ, પ્રો. અમિતભાઈ પાઠક, પ્રો. ભાવેશભાઈ રાવલ, પ્રો. પ્રાંજલ બેન પંડ્યા તેમજ વેબસાઈટ લોન્ચિંગ કરવા માટે પ્રો. કોમિલભાઈ વોરા તથા પ્રો. દિશીતાબેન મશરૂએ ભારે જહેમત ઉઠાવી હતી.આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા,શ્રી હર્ષલભાઈ મણિયાર તથા ડો. નવીનભાઈ શેઠે શુભેચ્છાઓ પાઠવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા ખાતે નુતન વર્ષ સ્નેહ મિલન યોજાયું



રાજકોટ:

રાજકોટ મહાનગરપાલિકા ખાતે તા.૧૬-૧૧-૨૦૨૬ના રોજ મેયરશ્રી ડૉ.નેહલ શુક્લના અધ્યક્ષ સ્થાને નુતન વર્ષ સ્નેહ મિલન યોજાયું હતું. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પરેશ પીપળીયા, શાસક પક્ષ દંડકશ્રી સંજયસિંહ રાણા, અગ્રણીશ્રી કશ્યપભાઈ શુક્લ, રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી પથિક પટેલ, શ્રી ચેતન નંદાણી, શ્રી હર્ષદ પટેલ, શ્રી સમીર ધુડક તેમજ રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે મેયરશ્રીએ તમામ પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓને નવા વર્ષની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, નવા વર્ષમાં રાજકોટને વિકાસની ગતિમાં વધુ આગળ લઈ જવું છે તેના માટે અધિકારીઓ તરીકે આપ સૌ અને પદાધિકારીઓ-કોર્પોરેટરો તરીકે અમે સૌ એક્ટીવ છીએ. રાજકોટ મહાનગરપાલિકા એક પરિવાર છે અને આપણા પરિવારના તમામ સભ્યોને નવા વર્ષની શુભેચ્છા તેમજ પરિવારના તમામ સભ્યોનું સ્વાસ્થ્ય સારું રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.આ અવસરે સૌ પદાધિકારીઓ-કોર્પોરેટરોએ અધિકારીઓ-કર્મચારીઓને નવા વર્ષના પ્રારંભે મોઢું મીઠું કરીને શુભેચ્છા પાઠવી હતી.

રાજકોટમાં ડેંગ્યુનો ફુંફાડો : ૫ કેસ નોંધાયા

રાજકોટ:

દિવાળી પર્વ પુરૂ થતા નવા વર્ષમાં ફરી રાજકોટ શહેરમાં 'ડેંગ્યુ'એ ફુંફાડો માર્યો છે અને એક સપ્તાહમાં જ ડેન્જર ડેંગ્યુનાં ૫ કેસો નોંધાયા છે. જયારે મેલેરિયાનો-૧ અને શરદી-ઉધરસના ૩૨૯, સામાન્ય તાવના ૩૦૫, તથા ઝાડા-ઉલ્ટીના ૫૬ કેસો આરોગ્ય શાખામાં નોંધાયા છે.

જયારે આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૦૯/૧૧ થી તા.૧૫/૧૧ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ફિલ્ડવર્કર, અર્બન આશા અને ¾Ê$X દ્વારા ૩૮૬૫૬ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૪૫૪ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. ડેન્યું રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોમર્શિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે.આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૪ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી / પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૮૨ અને કોર્મશીયલ ૨૩ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.



માર્કેટયાર્ડ ધમધમી : રાજકોટમાં એક લાખ મણ- ગોંડલમાં એક લાખ ગુણી મગફળી ઠલવાઈ

રાજકોટ:

દિવાળી-નૂતનવર્ષના તહેવાર બાદ લાભપાંચમના પવિત્ર દિવસે માર્કેટયાર્ડ ફરી ધમધમ્યા હતા અને વિવિધ કૃષિ જણસીઓની ચિક્કાર આવક થઈ હતી. ખાસ કરીને મગફળી, કપાસ, સોયાબીન જેવી ચીજોથી માર્કેટયાર્ડ ઉભરાયા હતા.

રાજકોટ યાર્ડમાં એક સપ્તાહ લાંબુ મીની વેકેશન આજે પુર્ણ થયુ હતું અને કૃષિ જણસીઓની હરરાજી-વેપારનો ધમધમાટ હતો. ૧૧૦૦થતી વધુ વાહનોમાં વિવિધ જણસીઓ ઠલવાઈ હતી. મુર્હુતના વેપાર માટે વેપારીઓ પણ મોટી સંખ્યામાં ઉમટયા હતા.ચેરમેન જયેશ બોઘરા સહિતના ડાયરેકટરોએ શ્રીફળ ફોડવા સહિત ધાર્મિક વિધિ સાથે મુર્હુત કરાવ્યુ હતું અને શુભેચ્છાની આપ-લે કરી હતી. હાલ ખરિફ સીઝન ભરપુર છે ત્યારે મગફળીના ઢગલા થતા હતા. એક લાખ મણ મગફળીની આવક હતી અને પ્રતિમણ ૧૬૧૦ સુધીના ભાવ બોલાયા હતા.આ સિવાય સોયાબીનની ૩૦૦૦૦ મણ, ચણાની ૮૫૦૦ મણ, જીરૂની ૭૦૦૦ મણની આવક હતી. ૧૦૦૦૦ ભારી કપાસ ઠલવાયો હતો. રાજકોટ ઉપરાંત ગોંડલ જેવા અન્ય માર્કેટયાર્ડમાં કૃષિચીજોના ખડકલા થયા હતા.



રાજકોટ મહાનગરપાલિકાનો અનુકરણીય નિર્ણય

કરકસરયુક્ત વહીવટથી બચત થયેલ રૂ.૯૦ લાખની રકમનો સામાજિક કાર્યોમાં થશે સદુપયોગ

રાજકોટ:

"રાજકોટ – તેરા તુજકો અર્પણ"ના ઉમદા વિચાર સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ વહીવટી કૌશલ્યનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતો અનુકરણીય નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ મહાનગરપાલિકાના કાર્યક્ષમ વહીવટના પરિણામે બચત થયેલ આશરે રૂ.૯૦ લાખ જેટલી વધારાની રકમનો સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે લોકહિતના કાર્યોમાં સદુપયોગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે મેયરશ્રી ડૉ.નેહલ શુક્લ અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પરેશ પીપળીયા દ્વારા જાહેરાત કરવામાં આવી છે.



આ વધારાની રકમનો ઉપયોગ શહેરમાં વિવિધ સેવાકીય અને સામાજિક કાર્યો કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને પ્રોત્સાહન તથા સહાય આપવા માટે કરવામાં આવશે. સાથે જ રાજકોટ શહેરની સ્વચ્છતા અને સુખાકારી માટે અહર્નિશ સેવાઓ આપતા સફાઈ કામદારોની નિષ્ઠા અને સમર્પણને સન્માનિત કરવા તેમજ પોતાની ફરજ ઉત્તમ રીતે નિભાવતા કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે પણ આ રકમનો ઉપયોગ કરવામાં આવશે.શહેરના વિકાસમાં નિઃસ્વાર્થ ભાવે યોગદાન આપી રહેલ સેવાકીય સંગઠનોને સહાયઆપવાના અને કર્મચારીઓની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવવાના આશયથી "ફૂલ નહીં તો ફૂલની પાંખડી" સમાન પ્રોત્સાહક રકમ અર્પણ કરીને તેઓની સેવાભાવનાને બળ પૂરું પાડવામાં આવશે."સુશાસન, પારદર્શિતા અને કરકસરયુક્ત વહીવટથી બચત અને બચતમાંથી સમાજસેવા"ના અભિગમ સાથે રાજકોટ મહાનગરપાલિકાનો આ નિર્ણય સામાજિક સમરસતા, કર્મચારી સન્માન અને સેવાકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની દિશામાં અપ્રતિમ, અનુકરણીય અને ઐતિહાસિક પહેલ બની રહેશે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

વિકાસ, સંસ્કાર અને ટેકનોલોજીનો સંગમ એટલે ગુજરાત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાતની ટૂંકી મુલાકાતે ફરી એકવાર ગુજરાતના રાજકારણમાં નવી ઉર્જા, નવો ઉત્સાહ અને નવી દિશા આપી છે. આ મુલાકાત કોઈ સામાન્ય ઔપચારિક મુલાકાત નહોતી, તે એક વાલી પોતાના પરિવારની ખબર કાઢવા આવ્યો હોય તેવી હૂંફાળી અને માર્ગદર્શક મુલાકાત હતી. આ મુલાકાતમાં તેમણે સૌથી પહેલી અને સૌથી મહત્વની વાત એ કરી કે આવતી ચૂંટણીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો સકારાત્મક ઉપયોગ કરજો. આજના સમયમાં ચૂંટણી માત્ર સભાઓ, રેલીઓ અને પોસ્ટરોથી જીતાતી નથી, ચૂંટણી હવે લોકોના મનને સમજવાથી, તેમની જરૂરિયાતને ઓળખવાથી અને તેમના સુધી સાચી માહિતી સમયસર પહોંચાડવાથી જીતાય છે. એઆઈ ટેકનોલોજી આ કામમાં કાર્યકર્તાનો સૌથી મોટો સાથી બની શકે છે. તેની મદદથી કયા વિસ્તારમાં પાણીની તકલીફ છે, કયા ગામમાં રસ્તાની જરૂર છે, કયા શહેરમાં યુવાનોને રોજગારની ચિંતા છે, તેની સાચી માહિતી મેળવી શકાય છે. સરકારની યોજનાઓનો લાભ કેટલા લોકો સુધી પહોંચ્યો, ક્યાં કામ અટક્યું છે, ક્યાં લોકોને માર્ગદર્શનની જરૂર છે, તેનો ઝડપી અભ્યાસ થઈ શકે છે. એઆઈની મદદથી ખોટી માહિતી અને અફવાઓને રોકી શકાય છે, લોકોના પ્રશ્નોના જવાબ તેમની પોતાની ભાષામાં આપી શકાય છે. કાર્યકર્તા ઘરે બેઠા પણ પોતાના વિસ્તારના લોકોની લાગણી જાણી શકે છે. આમ એઆઈ એ કોઈ ડરવાની વસ્તુ નથી, તે લોકસેવાને વધુ ઝડપી, વધુ પારદર્શક અને વધુ માનવીય બનાવવાનું સાધન છે. મોદીએ આ ટેકનોલોજીને નકારાત્મક પ્રચાર માટે નહીં, પણ સકારાત્મક સંવાદ માટે વાપરવાનું કહ્યું છે, એ જ આ સંદેશની સૌથી મોટી સુંદરતા છે.આ મુલાકાત દરમિયાન વડાપ્રધાને કહ્યું કે તેઓ સરકારના કામથી ખુશ નથી, આ વાક્યને ઘણા લોકો નારાજગી તરીકે જુએ છે, પણ જે વ્યક્તિ ગુજરાતના માટીમાંથી ઘડાયો હોય, જેણે પોતાનું જીવન ગુજરાતની સેવામાં વિતાવ્યું હોય, તેના મોંમાંથી નીકળેલો આ શબ્દ ખરેખર તો અપેક્ષાનો શબ્દ છે, પ્રેમનો શબ્દ છે. જેને કોઈની પરવા ન હોય તે ક્યારેય કડક વાત કરતો નથી. જે સૌથી વધુ પ્રેમ કરે છે, તે જ ક્યારેક કહે છે કે હજુ વધુ સારું થઈ શકે છે, હજુ વધુ મહેનત કરવાની જરૂર છે. મોદી ગુજરાત પાસેથી સૌથી વધુ અપેક્ષા રાખે છે કારણ કે ગુજરાત તેમનું ઘર છે, તેમની કર્મભૂમિ છે. ગુજરાતે દેશને દિશા આપી છે, વિકાસનું મોડેલ આપ્યું છે, એટલે ગુજરાતની જવાબદારી પણ સૌથી મોટી છે. તેઓ ઇચ્છે છે કે ગુજરાતનો કોઈ પણ નાગરિક પોતાને એકલો ન સમજે, કોઈની ફરિયાદ સાંભળ્યા વગર ન રહે, કોઈ યોજના કાગળ પર જ અટકી ન રહે. મોટી જીત પછી ઘણીવાર માણસને સંતોષ આવી જાય છે, પણ મોદીએ કાર્યકર્તાઓને આ સંતોષના ભ્રમમાંથી બહાર કાઢ્યા. તેમણે યાદ અપાવ્યું કે જીત એ આરામ કરવાનો અવસર નથી, જીત એ જવાબદારી વધવાનો અવસર છે. જેટલી મોટી જીત, એટલી મોટી જવાબદારી. આ વિચાર જ ભાજપને અન્ય પક્ષોથી અલગ પાડે છે, કારણ કે અહીં જીત પછી પણ આત્મમંથન થાય છે, પોતાના કામનું મૂલ્યાંકન થાય છે અને પોતાને વધુ સારા બનાવવાનો પ્રયત્ન થાય છે.મુખ્યમંત્રી નિવાસસ્થાને મળેલી બેઠકમાં હાજર નેતાઓ માટે આ ક્ષણો યાદગાર બની ગઈ. શરૂઆતમાં વાતાવરણ ગંભીર હતું, સૌના મનમાં એક પ્રશ્ન હતો કે વડાપ્રધાન શું કહેશે, પણ પછી મોદીએ પોતે જ વાતાવરણને હળવું બનાવ્યું. તેમણે એંસી અને નેવુંના દાયકાના હાસ્યસભર કિસ્સા સંભળાવ્યા, જૂના દિવસો યાદ કર્યા, સાથીઓ સાથે હસ્યા. આ ઘટના બતાવે છે કે મોદી માત્ર કડક નેતા નથી, તેઓ સૌના સાથી છે.

મોડા પડ્યાનો અફસોસ

ઘણે દૂરના સાસરેથી માંડ માંડ રજા લઈને બે દિવસ ટ્રેનની મુસાફરી કરી, બિમાર માની ખબર પૂછવા આવેલી એકની એક દીકરી ઘેર આવી તેના આગલે દિવસે મા સ્વધામ સિધાવી ગઈ ; મોડા પડ્યાનો વસવસો દીકરીના કાળજે કાયમ છપાઈ ગયો.







-ડો. મનહર ઠાકર

અલપ ઝલપ

આજે દીકરી સાસરેથી આવવાની હોય, આતુરતાથી ઝડપભેર બાપા સ્ટેશનમાં દાખલ થયા. સ્ટેશનમાં ટ્રેન આવી પહોંચેલી ને દીકરી તેની બાને શોધતી હતી.

પોતે મોડા પડ્યા એની ઉપાધિ સાથે બાપા અધીરતાથી બારીએ બારીએ દીકરીને નજર નાંખતા હતા. ગાડી સ્ટેશનની અંદર થંભી ગઈ હતી. બારીમાંથી દીકરી તેને જોઈને ખુશખુશાલ બનીને ચીસ પાડી ઉઠવાની હોય તેમ અધીરતાથી દરેક ડબ્બાની બારીમાં નજર નાંખતા તે પ્લેટફોર્મ પર ઝડપભેર ચાલી રહ્યા હતા. દીકરીની સાથે નાનકડો ભાણિયો પણ છે, તે તો દાદાને જોઈને બારીમાંથી જ લાંબા હાથ કરી તેડી લેવાનું કહેશે..

છેલ્લા ડબ્બામાંથી નાનકડા ભાણિયાને તેડી દીકરી ઉતરી. તેની બહાવરી નજર આસપાસ ફરી વળી. બાપા એ તરફ દોડ્યા. નક્કી મોડો આવ્યો એની લાગણી દીકરી ઠાલવશે. બાપા મોડા આવવાની ભૂલ ન જ કરે. પિતાને શોધતી આવી નજર બીજા કોની હોય?

દીકરીની પાસે જઈ ધીમેથી બાપા બોલ્યા, ' બેટા ! '

મોડા પડ્યાના અફસોસથી બાપાના અવાજમાં મૂદુતા આવીને બેસી ગઈ. તેણે ભાણિયાને તેડી લીધો અને સામાનનું પોટલું દીકરીના માથેથી ઉતારી પોતે ઉપાડી લીધું.

''બેટા, તારી બા નથી આવી શક્યા. એમણે જ મને મોકલ્યો છે.' સાબિતી રૂપે ઘરનું પાણી ભરેલો લોટો તેના હાથમાં મૂકતા બાપા બોલ્યા.

' પણ, મારી બા સાજી નરવી તો છે ને ? '

' એ બધી વાતો પછી..ચાલ બેટા, પહેલા ઘેર જઈએ. ' કહેતા બાપે ભાણિયાને લોટામાંથી પાણી પાયું.

દીકરીના માસૂમ ચહેરા પર એક બાળક જેવી નિર્દોષતા છવાયેલી હતી. તેની મોટી પાણીદાર આંખો કેવી યે પારદર્શક હતી. એની સામે જોઈને જાણે કંઈ ખોટું બોલી જ ન શકાય. ઘઉંવર્ણા લંબગોળ ચહેરા પર, બા સ્ટેશને લેવા ન આવી તેના ઉચાટની રેખા ફરફરતી હતી. તેની સામે જોતાં બાપા જરા ગૂંચવાયા ને સફાળા ભાન આવ્યું હોય એમ બોલી ઊઠ્યા, 'બેટા, પહેલા ઘેર ચાલ. ઘેર જઈને આપણે વાત કરીએ છીએ.'

દીકરીને વારંવાર બેટા કહીને સંબોધવામાં બાપાના અવાજમાં જે મૂદુતા આવીને બેસી ગયેલી તેને દીકરી જાણે પારખી ગયેલી હોય એમ એક જ શબ્દ તેના મોઢામાંથી નીકળી ગયો, ' મારી બા...! '

કદાચ બા અને બાપા એકમેકમાં ઓગળી ગયા હતા.

જવાબ ન મળવાથી દીકરીના મનનું સમાધાન તો ન થયું પણ એ સિવાય બીજો કોઈ ઉપાય પણ ક્યાં હતો ?

' બેટા, ચિંતા ન કરતી. મને તારી બા જ સમજી લે ને. ' દીકરીનો હિચકિચાટ સમજી ગયેલ બાપા બોલ્યા.

બાપાની પાછળ દીકરી દોરાઈ. બાળકને તેડવા તેણે હાથ લંબાવ્યો, પણ ભાણિયો વધારે જોશથી દાદાને વળગી રહ્યો.

' તેને થોડી વાર હાલના દો, બાપા ! ' કહેતા દીકરી મીઠા વહેણ બોલી રહી. તેણે દીકરાને નીચે ઉતારવા પ્રયત્ન કર્યો, પણ તે નીચે ઉતરવા તૈયાર ન થયો અને દાદાને વધારે જોશથી વળગી રહ્યો.

' ભલે રહ્યો મારી કને. ' દાદાએ સ્નેહ મોં મલકાવ્યું અને આગળ ચાલ્યા.

દીકરીનો હાથ પકડી બાપા ઘરમાં દાખલ થયા ત્યારે ફક્ત તેમનો ચહેરો જ નહીં આખ્ખું ફળિયું શાંત હતું. ઘરમાં પ્રવેશતા જ દીકરીની આંખો ઓરડામાં આમતેમ ઘૂમી રહી. ' બા ક્યાં ? એ કેમ દેખાતા નથી ? બીમાર હશે ? '

બાપા તેનો મૌન પ્રશ્ન તો ક્યારના સમજી ચૂક્યા હતા. પણ જવાબ આપવામાં બને તેટલું મોડું કરતા હતા. કદાચ ટાળી શકાય તો ટાળવા ઈચ્છતા હતા, પણ એ ક્યાં શક્ય હતું ?

દીકરીની અધીરાઈ હવે ભયમાં પરિણમી હતી.

'બાપા, સાચું કહેજો, મારી બાને કંઈ થયું તો નથી ને? એ મને લેવા આવ્યા સિવાય રહે જ નહીં. ક્યાં છે મારી બા ? દીકરીએ બાપાને હચમચાવી નાંખ્યા.

બાપ પાસે જવાબ આપ્યા સિવાય બીજો કોઈ ઉપાય ક્યાં બચ્યો હતો ?

'બેટા, જીવનમાં બધું જ આપણને ગમતું ક્યાં થાય છે ? તારી બા ઉપરથી આશિષ વરસાવી રહ્યા છે. તને સુખી જોઈને એનો આત્મા જ્યાં હશે ત્યાં ખુશ થતો હશે.'

દીકરી ત્યાં બેસી પડી. એની આંખો ધોધમાર વરસી રહી.

બાને મળવામાં પોતે મોડી પડી એનો અફસોસ એના કાળજાને કોરી રહ્યો. હવે એની બા એને કદી નહીં દેખાય ! ભાણિયાને ક્યારેય નહીં જોઈ શકે કે નહીં રમાડી શકે !

દીકરીનું સાસરું આકરું તે તેને પિયર મોકલવામાં કાયમ આનાકાની થાતી. તેની બા એક મહિનો મરણ પથારીએ પડી છતાંય દીકરી માને મળવા ન આવી શકી. એટલું આઘું સાસરું તે તેને બાની ખબર પૂછવા માંડ માંડ રજા મળેલી ને બે દિવસ ટ્રેનમાં મુસાફરી કરીને આજે આવી ત્યારે બાનો ભેટો જ ન થયો. દીકરીને મળવાના વસવસા સાથે મા એક દહાડો વહેલી સ્વધામ સિધાવી ગઈ તેનો વસવસો દીકરીના કાળજે કાયમ રહ્યા કરશે.

આમ દોસ્તીના નિયમ ક્યાં કોઈને સમજાય છે, હોય હૈયે લાગણી તો સૌ નિયમ સમજાય છે



વિશેષ

ત્રણેય વેપારીને ફોન કરીશ એટલે લગભગ તો કામ પતી જશે. બાકી તારું નસીબ. સાળીનું કામ ના થાય તો ઘરમાં સમરાંગણ થાય પણ એનો ઉપાય તો કોઈની પાસે નથી

(યહી હૈ જિંદગીના સહુ વાચકમિત્રોને નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓપ નવા વર્ષની પહેલી વાર્તામાં દોસ્તીનું ગણિત અને એના નિયમોની સમજદારીપ)

જ ગદીશ દુકાનેથી ઘેર આવે ત્યારે જ સરોજ ગરમ રસોઈ બનાવે અને એ પછી બંને સાથે બેસીને જમે.

પરણાવેલી દીકરી સાસરે સુખી હતી અને દીકરાને જર્મની અભ્યાસ માટે મોકલ્યો હતો. જમ્યા પછી જગદીશે ટીવી ચાલુ કર્યું ત્યારે સરોજ એની પાસે આવીને બેઠી.

'આજે બપોરે નાની વઢવાણથી આવી હતી. એકાદ કલાક રોકાઈને ચારની બસમાં એ પાછી ગઈ. મારી સાથે વાત કરતી વખતે એ સતત રડતી હતીપ'

સરોજની વાત સાંભળીને જગદીશ ચમક્યો. ટીવીનો અવાજ બંધ કરીને એણે સરોજ સામે જોયું. 'શું વાત કરે છે ? એને કોઈ પ્રોબ્લેમ છે ?'

'એ બાપડી પરણી ત્યારથી પ્રોબ્લેમ સાથે જ પનારા પડ્યા છે. બાંધી મુઠી રાખીને એ ઘરસંસાર ચલાવી રહેલી, પણ આજે હારી ગઈ. એનો વર દાધારંગો છે. ધંધામાં કંઈક લોચો થયો છે. જો દસ દિવસમાં આઠ લાખ રૂપિયાની જોગવાઈ ના થાય તો દુકાન પર જપ્તી આવે અને જેલમાં જવું પડે એવી દશા છે. ખભે માથું મૂકીને નાનીબેન રડે ત્યારે મોટીબેન તરીકે મારી ફરજ શું ?'

'આઠ લાખ રૂપિયા ?' જગદીશના અવાજમાં હતાશા ભળી. 'એકાદ લાખની જરૂર હોય તો કાલે પહોંચાડી દઉં, પણ આઠ લાખમાં તકલીફ પડે. ગયા મહિને પિન્ટુને જર્મની મોકલ્યો ત્યારે ચોવીસ લાખ માટેય સેટિંગ કરવુંપડેલું.'

'કોઈ પારકા માટે નહીં, મારી સગી બેન માટે સેટિંગ કરવું પડશે, એ પણ ત્રણ મહિના માટે જ. એ બાપડીએ મરવાની વાત કરી એટલે મેં કહ્યું કે ચિંતા ના કરતી. તારા જોરદાર જીજાજી જીવતા છે ત્યાં સુધી કોઈએ મરવાની જરૂર નથી. પાંચ-છ દિવસમાં વ્યવસ્થા થઈ જશે.'

'તેં વચન આપી દીધું એટલે મારે દોડાદોડી કરવી પડશે.' પત્નીને ધરપત આપીને જગદીશ વિચારમાં ડૂબી ગયો. જિતુભા પાસે ધક્કો ખાવો પડશે. એમણે પહેલી જાન્યુઆરીએ આઠ લાખ આપવાનું વચન આપેલું છે. અત્યારે જો એ જોગવાઈ કરી આપે તો અતિ ઉત્તમ. છ મહિના અગાઉ એમની દીકરીના લગ્ન વખતે એમણે અઠયાવીસ લાખના દાગીના લીધા હતા. એમાંથી વીસ લાખ રોકડા આપીને આઠ લાખ રૂપિયા પહેલી જાન્યુઆરીએ આપવાનું કહેલું. એમનું ગામ બાર કિલોમીટર દૂર હતું. લગ્નના મહિના અગાઉ અહીંની બેન્કમાંથી ચાલીસ લાખ રોકડા ઉપાડીને એ બાઈક લઈને ગામડે જતા હતા ત્યારે અકસ્માત થયેલો એમાં એ બેહોશ થઈ ગયેલા અને કોઈ મોરલો કળા કરી ગયેલો. એને લીધે જ જગદીશના આઠ લાખ એમણે બાકી રાખવા પડ્યા હતા.

જિતુભાનું ગામ હાઈવેથી અર્ધો કિલોમીટર અંદર હતું. જગદીશ બીજા દિવસે બપોરે બાઈક લઈને હાઈવે પર પહોંચી ગયો. ગામડે જવાનો રસ્તો ફંટાતો હતો ત્યાં એક પ્રાચીન શિવાલય હતું. ત્યાંના બાંકડા પર બેસીને જગદીશે ફોન કર્યો. 'બાપુ, જગો બોલું. ક્યાં છો તમે ?'

'અલ્યા, ઘેર જ બેઠો છું. શું કામ હતું ?'

'એક કીક મારીને પાંચ મિનિટ માટે આવી જાવ. તો સારું.' જગદીશે સમજાવ્યું. 'તમારા ગામના ચોરે બેઠેલા બધા નવરાઓ મને ઓળખે છે. હું ત્યાં આવું તો એમાં તમારું ને મારું બેયનું ખરાબ દેખાય. દાદાના દર્શન કરીને બાંકડે બેઠો છું. તમે આવી જાવ.'

'સારું. તું ટોકરો વગાડ ત્યાં સુધીમાં આવું છું.'

દસ મિનિટ પછી જિતુભાએ આવીને પૂછ્યું. 'બોલો, મા'જન શું ઉપાધિ આવી છે ?'

'આમ તો નહોતો આવવાનો બાપુ, પણ સાતેક દિવસમાં સાળીને આઠ લાખ આપવા પડે એવું છે. ઘરમાં ધડાધડી ના થાય એટલે તમારા આશરે આવ્યો છું. તમે જાન્યુઆરીની પહેલી તારીખ કહી છે, પણ અત્યારે કરી આપો તો મહેરબાની.'

'જગા મા'જન, પહેલી જાન્યુઆરીની મારી ગેરંટી સો ટકા, પણ હજુ બે મહિના બાકી છે. અત્યારે રૂપિયા લાવવા ક્યાંથી ? જીરૂ અને કપાસના થઈને મારે પંદર લાખ લેવાના છે, પણ એ બધાએ ડિસેમ્બર એન્ડનું જ વચન આપેલું છે.' જગદીશ સામે જોઈને એમણે સમજાવ્યું. દીકરીબાના લગ્ન વખતે તેં મારી આબરૂ જાળવેલી એ હું ભૂલ્યો નથી. ત્રણેય વેપારીઓને આજે ફોન કરીશ. માતાજીની મહેરબાની થશે તો મેળ પડશે, બાકી હું લાચાર છું.'

બાપુએ ચાની કીટલીવાળાને ઈશારો કરીને ચા મંગાવી. 'બાપુ, ઝેર પીવાની દશા છે ને તમે ચા નો આગ્રહ કરો છો ?'

'અરે ગાંડા, એમ હિંમત નહીં હારવાની. મને ને તને થોડીવાર ટટળાવીને ઉપરવાળો રાજી થતો હશે પણ પછી રાજી થઈને હુકમનો એક્કો હાથમાં આપી દેશે. જગા, એકવાર તેં કહ્યું એટલે બધું મગજમાં છપાઈ ગયું. ઓશિયાળો થઈને તું માંગે ત્યારે મને શરમ લાગે છે. ત્રણેય વેપારીને ફોન કરીશ એટલે લગભગ તો કામ પતી જશે. બાકી તારું નસીબ. સાળીનું કામ ના થાય તો ઘરમાં સમરાંગણ થાય પણ એનો ઉપાય તો કોઈની પાસે નથી. અમારેય ક્યારેક ઉપાધિ વેઠવી પડે છે. છતાં હું પૂરેપૂરી ટ્રાય કરીશ.'

નિરાશ જગદીશ પાછો આવ્યો. હવે શું કરવું ? આમ તો ઉપાય આંખ સામે દેખાતો હતો પણ મન માનતું નહોતું.

એની દુકાનની બરાબર સામે વિનોદ ઠક્કરની દુકાન હતી. જગદીશના બાપા અને વિનોદના બાપા પણ પાક્કા ભાઈબંધ હતા, અને એ દોસ્તીનો વારસો આ બંને મિત્રોએ પણ જાળવ્યો હતો.

શિયાળાના આગમનની છડી પોકારતી ગુલાબી ઠંડીનો આરંભ

ઉત્તર દિશામાંથી આવતા આ પવનો સૂકા અને ઠંડા હોય છે. તેઓ હિમાલયની ઠંડકને સાથે લઈને સીધા મેદાનો અને ગુજરાત સુધી પહોંચે છે. વહેલી સવારે જ્યારે આ પવનો ફૂંકાય છે, ત્યારે એકદમ તાજગીભર્યો ચમકારો અનુભવાય છે.

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

નવેમ્બરનો મધ્ય ભાગ આવતાં જ આખા દેશના વાતાવરણમાં એક સુંદર બદલાવ અનુભવાઈ રહ્યો છે. સવાર હવે પહેલાં જેવી ભારે કે ઉકળાટવાળી રહી નથી. વહેલી સવારે હવામાં એક હળવી ઠંડક ભળી ગઈ છે, જે શરીરને સ્પર્શે ત્યારે તાજગી આપે છે અને મનને પ્રસન્ન કરી દે છે. બપોરનો તડકો હજુ છે, પણ તેની તીવ્રતા હવે ઓછી થતી જાય છે. સાંજ પડતાં જ હવામાં ફરી ઠંડકનું સામ્રાજ્ય છવાઈ જાય છે. આ જ તો ગુલાબી ઠંડી છે, જે ન તો ત્રાસ આપે છે, ન તો થકવી દે છે, પણ જીવનને એક નવી મીઠાશ આપે છે. દેશના ખૂણે ખૂણેથી અત્યારે આવા જ અહેવાલો આવી રહ્યા છે. ક્યાંક સવારે ધુમ્મસની પાતળી ચાદર પથરાય છે, ક્યાંક ખેતરોમાં ઝાકળનાં ટીપાં મોતીની જેમ ચમકે છે, તો ક્યાંક લોકોએ હળવા સ્વેટર અને શાલ કાઢવાનું શરૂ કરી દીધું છે. આ બદલાવ અચાનક આવ્યો નથી. તેની પાછળ કુદરતની એક મોટી અને સુંદર પ્રક્રિયા કામ કરી રહી છે, જેને સમજીએ તો આ ઋતુ વધુ ગમવા લાગે.

આ ઠંડી વધવા પાછળનું સૌથી મોટું કારણ ઉત્તર ભારતમાં સક્રિય થયેલો પશ્ચિમી વિક્ષેપ છે. આ વિક્ષેપને કારણે હિમાલયના ઊંચા પહાડી વિસ્તારોમાં ભારે બરફવર્ષા થઈ છે. જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશના શિખરો અત્યારે બરફની સફેદ ચાદર ઓઢીને બેઠા છે. જ્યારે પહાડો પર બરફ પડે છે, ત્યારે ત્યાંની હવા અત્યંત ઠંડી બની જાય છે. આ ઠંડી હવા ત્યાં રોકાઈ રહેતી નથી. તે ધીમે ધીમે દક્ષિણ તરફ, મેદાની વિસ્તારો તરફ આગળ વધે છે. આપણે જે ઠંડા પવનો અનુભવીએ છીએ, તે ખરેખર તો હિમાલયની એ જ બરફીલી હવાનો સ્પર્શ છે. હજારો કિલોમીટર દૂર પડેલો બરફ આપણા શહેરની સવારને પણ ઠંડી બનાવી દે છે, એ કુદરતનું કેવું અદભુત જોડાણ છે.

આ સાથે પવનોની દિશા પણ બદલાઈ છે. ચોમાસા દરમિયાન પવનો દરિયામાંથી ભેજ લઈને આવતા હતા, જેના કારણે હવામાં બફારો અને ભારેપણું રહેતું હતું. હવે પવનોની દિશા બદલાઈને ઉત્તર અને ઉત્તર-પૂર્વની થઈ ગઈ છે. ઉત્તર દિશામાંથી આવતા આ પવનો સૂકા અને ઠંડા હોય છે. તેઓ હિમાલયની ઠંડકને સાથે લઈને સીધા મેદાનો અને ગુજરાત સુધી પહોંચે છે. વહેલી સવારે જ્યારે આ પવનો ફૂંકાય છે, ત્યારે એકદમ તાજગીભર્યો ચમકારો અનુભવાય છે. દિવસ દરમિયાન પણ આ પવનો વાતાવરણને હળવું રાખે છે. એટલે જ બપોરે તડકો હોવા છતાં પહેલાં જેવી અકળામણ થતી નથી. પવનની આ દિશા એ શિયાળાના આગમનની સૌથી પહેલી અને પાકી નિશાની છે.ચોમાસું પૂરું થયા બાદ હવામાંથી ભેજનું પ્રમાણ પણ ધીમે ધીમે ઘટી રહ્યું છે. ચોમાસામાં હવા ભેજથી ભરેલી હોય છે, જે ગરમીને પકડી રાખે છે. તેથી રાત્રે પણ ગરમી ઓછી થતી નથી. હવે હવા સૂકી બનતી જાય છે. સૂકી હવા ગરમીને લાંબો સમય પકડી રાખી શકતી નથી. પરિણામે દિવસે સૂર્યની ગરમી મળે છે, પણ સાંજ પડતાં જ તે ગરમી હવામાંથી છૂટી જાય છે અને રાત્રે તથા વહેલી સવારે ઠંડક વધી જાય છે. સવારે હવામાં ભેજ થોડો વધુ લાગે છે, પણ સાંજ સુધીમાં હવા એકદમ સ્વચ્છ અને સૂકી બની જાય છે. આ સૂકી અને સ્વચ્છ હવાને કારણે આકાશ પણ વધુ વાદળી અને સુંદર દેખાય છે. તારા પણ રાત્રે વધુ ચમકતા લાગે છે. આ બધું શિયાળાની શરૂઆતનું જ લક્ષણ છે.આ ગુલાબી ઠંડીની અસર હવે લોકોના જીવનમાં પણ દેખાવા લાગી છે. વહેલી સવારે ગાર્ડન અને વોક-વે પર મોર્નિંગ વોક માટે નીકળતા લોકોની સંખ્યા વધી ગઈ છે. જે લોકો ગરમીને કારણે ઘરમાં બેસી રહેતા હતા, તેઓ હવે ખુલ્લી હવામાં કસરત કરવા, યોગ કરવા અને ચાલવા નીકળી પડ્યા છે. બાળકો પણ સવારે ઉત્સાહથી શાળાએ જાય છે. બજારોમાં પણ ગરમાગરમ નાસ્તા અને ચાની લારીઓ પર ભીડ વધી છે. ખેડૂતો માટે પણ આ ઋતુ આશીર્વાદરૂપ છે. રવિ પાક માટે આ ઠંડી અને ઝાકળ ખૂબ ઉપયોગી છે. ઘઉં, ચણા, સરસવ અને શાકભાજી જેવા પાકોને આ હવામાનમાં સારો વિકાસ મળે છે. જમીનમાં રહેલો ભેજ અને સવારનું ઝાકળ પાકને કુદરતી રીતે પોષણ આપે છે. એટલે ગામડાંમાં પણ શિયાળાના આગમનને ઉત્સવની જેમ આવકારવામાં આવે છે.શહેરોની વાત કરીએ તો અત્યારે દિવસ અને રાતના વાતાવરણ વચ્ચે સુંદર તફાવત જોવા મળી રહ્યો છે. બપોરે તાપમાનમાં થોડો ઘટાડો થયો છે, જ્યારે રાત્રે અને વહેલી સવારે ઠંડક વધુ સ્પષ્ટ રીતે અનુભવાય છે. આ તફાવત જ આપણા શરીરને ધીમે ધીમે શિયાળા માટે તૈયાર કરે છે. કુદરત આપણને એક સાથે કડકડતી ઠંડીમાં નથી ધકેલતી, પણ ધીમે ધીમે ગુલાબી ઠંડીથી ટેવ પાડે છે. આ સમય શરીર માટે પણ સૌથી સારો માનવામાં આવે છે. ભૂખ સારી લાગે છે, ઊંઘ સારી આવે છે અને કામમાં પણ ઉત્સાહ રહે છે. આયુર્વેદમાં પણ શિયાળાની શરૂઆતને આરોગ્ય માટે ઉત્તમ સમય ગણવામાં આવ્યો છે. આ ઋતુમાં શરીરની પાચનશક્તિ વધે છે અને રોગપ્રતિકારક શક્તિ પણ મજબૂત બને છે, જો આપણે યોગ્ય આહાર અને નિયમિત કસરત કરીએ તો.જોકે આ સુંદર ઋતુની સાથે થોડી સાવધાની પણ જરૂરી છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડી એવા બેવડા વાતાવરણમાં શરદી, ઉધરસ અને તાવ જેવી બીમારીઓ ઝડપથી ફેલાય છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોએ વહેલી સવારે અને મોડી રાત્રે બહાર નીકળતી વખતે હળવા ગરમ કપડાં પહેરવા જોઈએ. સવારની ઠંડી હવા સીધી ફેફસાંમાં જાય તો તકલીફ થઈ શકે છે. તેથી મોર્નિંગ વોક કરનારાઓએ પણ શરૂઆતમાં થોડી કાળજી રાખવી જોઈએ. પાણી પૂરતું પીવું, તાજા ફળો અને લીલા શાકભાજી ખાવા અને રાત્રે પૂરતી ઊંઘ લેવી એ આ ઋતુમાં સ્વસ્થ રહેવાની સરળ ચાવી છે. પ્રદૂષણવાળા શહેરોમાં સવારના ધુમ્મસ સાથે ધૂળ ભળે ત્યારે પણ સાવધાન રહેવું જરૂરી છે.આ ઋતુ માત્ર હવામાનનો બદલાવ નથી, પણ આપણી સંસ્કૃતિ અને જીવનશૈલીનો પણ એક ભાગ છે. શિયાળાની શરૂઆત સાથે જ તહેવારોની મોસમ પણ જામે છે. લગ્નોની સિઝન શરૂ થાય છે, મેળા અને ઉત્સવો યોજાય છે, લોકો ફરવા અને પિકનિક પર જવાનું આયોજન કરે છે. ગામડાંમાં ખેતરોમાં કામ કરવાનો ઉત્સાહ વધે છે, તો શહેરોમાં સાંજે બગીચાઓમાં પરિવાર સાથે બેસવાનો આનંદ વધે છે. ગુલાબી ઠંડી આપણને ફરી એકવાર પ્રકૃતિની નજીક લઈ જાય છે. મોબાઈલ અને ટીવીની દુનિયામાંથી બહાર નીકળીને ખુલ્લા આકાશ નીચે બેસવાનું મન થાય છે. આ ઠંડી આપણને શીખવે છે કે જીવનમાં દરેક ઋતુનું પોતાનું સૌંદર્ય છે, બસ તેને માણતાં આવડવું જોઈએ.આવતા દિવસોમાં આ ઠંડી હજુ વધશે. હિમાલયમાં વધુ બરફ પડશે, ઉત્તરના પવનો વધુ જોરથી ફૂંકાશે અને હવા વધુ સૂકી બનશે. ત્યારે ગુલાબી ઠંડી ધીમે ધીમે કડક ઠંડીમાં ફેરવાશે. પણ અત્યારે તો આ શરૂઆતનો સમય છે, જેને માણવાનો છે. સવારે વહેલા ઊઠીને ઠંડી હવામાં એક કપ ચા પીવી, બગીચામાં ચાલવું, બાળકો સાથે રમવું અને સાંજે પરિવાર સાથે ગરમાગરમ ભોજન કરવું, એ જ આ ઋતુની સાચી મજા છે. કુદરતે આપણને આ સુંદર ભેટ આપી છે. તેને સાચવીએ, તેને માણીએ અને તેની સાથે સ્વસ્થ જીવન જીવીએ. શિયાળો આવી રહ્યો છે, તેના વધામણા કરીએ, કારણ કે દરેક ઠંડી સવાર એક નવી આશા અને નવી ઊર્જા લઈને આવે છે.



જય શાહ ફરી એકવાર આઈસીસીનો કાર્યભાર સંભાળશે : બીજી વખત બિનહરીફ ચૂંટાયા

નવીદિલ્હી,

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) એ ફરી એકવાર જય શાહને તેના અધ્યક્ષ તરીકે ચૂંટ્યા છે. આ તેમનો સતત બીજો કાર્યકાળ હશે. બાલીમાં મળેલી બેઠકમાં, બધા ડિરેક્ટરોએ સર્વાનુમતે તેમનું નામ પ્રસ્તાવિત કર્યું, અને અન્ય કોઈ ઉમેદવાર ન હોવાથી, તેઓ ફરીથી બિનહરીફ ચૂંટાયા.

જય શાહના ચેરમેન તરીકે ફરીથી ચૂંટાયાની જાહેરાત કરતા,આઈસીસીએ તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર લખ્યું, "આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ બોર્ડને જાહેરાત કરતા આનંદ થાય છે કે, બાલીમાં યોજાયેલી બોર્ડ અને કમિટીની બેઠકમાં તમામ ડિરેક્ટરોના મતદાન બાદ, જય શાહ કોઈપણ વિરોધ વિના બીજા કાર્યકાળ માટે આઈસીસી ચેરમેન તરીકે ફરીથી ચૂંટાયા છે. આ નિર્ણય બોર્ડના તેમના નેતૃત્વમાં વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. ક્રિકેટ માટે આ મહત્વપૂર્ણ તબક્કે આ પગલું મહત્વપૂર્ણ છે, જે રમતને વૈશ્વિક સ્તરે વિસ્તૃત કરવા, ચાહકોનો આધાર વધારવા અને ભવિષ્યની યોજનાઓ માટે નવા આવકના સ્ત્રોતો ખોલવા સક્ષમ બનાવે છે."



આઈસીસીના ચેરમેન જય શાહે જણાવ્યું હતું કે આ પદ પર સેવા આપવી એ ગર્વની વાત છે અને એક મોટી જવાબદારી પણ છે. તેઓ વિશ્વભરમાં ક્રિકેટને આગળ વધારવા માટે તમામ સભ્યો સાથે નજીકથી કામ કરશે. તેમણે સમજાવ્યું કે ક્રિકેટ હાલમાં ખૂબ જ રોમાંચક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, અને ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિકમાં તેનો સમાવેશ નવા પ્રેક્ષકો સુધી પહોંચવાની એક મહાન તક રજૂ કરે છે. વધુમાં, તેમની જવાબદારી ફક્ત મોટી ટુર્નામેન્ટનું આયોજન કરવા ઉપરાંત, ક્રિકેટના ભવિષ્યને મજબૂત બનાવવા, ખેલાડીઓ, ચાહકો, વ્યવસાયિક ભાગીદારો અને રમત સાથે સંકળાયેલા દરેક વ્યક્તિની સંપૂર્ણ સુખાકારી સુનિશ્ચિત કરવાની પણ છે.જય શાહ ૨૦૨૪ માં પહેલી વાર આઈસીસી ચેરમેન બન્યા. તેમણે ન્યુઝીલેન્ડના ગ્રેગ બાર્કલેનું સ્થાન લીધું અને માત્ર ૩૬ વર્ષની ઉંમરે આ પદ સંભાળનારા સૌથી યુવા વ્યક્તિ બન્યા. જય શાહ આઈસીસીના વડા બનનારા પાંચમા ભારતીય છે. તેમના પહેલા જગમોહન દાલમિયા, શરદ પવાર, એન. શ્રીનિવાસન અને શશાંક મનોહર પણ આ પદ સંભાળી ચૂક્યા છે. જો કે, ૨૦૧૫ પહેલા, આ પદને રાષ્ટ્રપતિ કહેવામાં આવતું હતું, જે પછીથી ચેરમેન કરવામાં આવ્યું.

જો રૂટ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ કેચ પકડનારા ખેલાડીઓની યાદીમાં સાતમા સ્થાને

એડિલેડ,

એડિલેડમાં રમાયેલી ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની બીજી વનડેમાં, જો રૂટે શાનદાર બેટિંગ સાથે અડધી સદી ફટકાર્યા બાદ, ઉત્તમ ફિલ્ડિંગ પણ દર્શાવી. ૩૫૬ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતા, ઈંગ્લેન્ડના બોલરોએ પ્રથમ ચાર ઓવરમાં બે મહત્વપૂર્ણ વિકેટ લીધી. બંને કેચ ૩૫ વર્ષીય જો રૂટે લીધા હતા. તેણે પહેલા ટ્રેવિસ હેડ અને પછી ઓસ્ટ્રેલિયન કેપ્ટન મિશેલ માર્શનો શાનદાર કેચ લીધો હતો. આ ઉત્કૃષ્ટ પ્રદર્શનથી જો રૂટ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ફિલ્ડર તરીકે સૌથી વધુ કેચ પકડનારા ટોચના ૧૦ ખેલાડીઓની યાદીમાં એક સ્થાન ઉપર આવી ગયા છે.



આ રેકોર્ડ સાથે, જો રૂટ હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ફિલ્ડર તરીકે સૌથી વધુ કેચ પકડનારા ખેલાડીઓની યાદીમાં સાતમા સ્થાને પહોંચી ગયો છે. તેમણે આ સંદર્ભમાં ભૂતપૂર્વ ભારતીય દિગ્ગજ ખેલાડી રાહુલ દ્રવિડને પાછળ છોડી દીધો છે. રૂટે અત્યાર સુધી રમાયેલી ૪૦૨ આંતરરાષ્ટ્રીય મેચોમાં કુલ ૩૩૫ કેચ લીધા છે. તેમણે ટેસ્ટમાં ૨૨૦, વનડેમાં ૯૭ અને ટી ૨૦માં ૧૮ કેચ લીધા છે. બીજી તરફ, રાહુલ દ્રવિડે ૫૦૯ આંતરરાષ્ટ્રીય મેચોમાં કુલ ૩૩૪ કેચ લીધા છે. શ્રીલંકાના ભૂતપૂર્વ કેપ્ટન મહેલા જયવર્ધને ૬૫૨ મેચોમાં ૪૪૦ કેચ સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ફિલ્ડર દ્વારા લેવામાં આવેલા સૌથી વધુ કેચનો વિશ્વ રેકોર્ડ ધરાવે છે.

શ્રીલંકા સામેની વનડે શ્રેણીમાં વિરાટ કોહલી અને રોહિત શર્માના સમાવેશ અંગે અટકળો

નવીદિલ્હી,

ટીમ ઈન્ડિયાનો ન્યુઝીલેન્ડ પ્રવાસ હજુ પણ ચાલુ છે. જોકે વનડે શ્રેણી સમાપ્ત થઈ ગઈ છે, ભારતે તેને ૩-૧થી જીતી લીધી છે. હવે, ભારત ન્યુઝીલેન્ડ સામે ટેસ્ટ શ્રેણી રમશે. દરમિયાન, ભારતીય ટીમની વનડે શ્રેણી પણ દૂર નથી. આવતા મહિને, ટીમ ઈન્ડિયા બીજી ત્રણ મેચની વનડે શ્રેણી રમશે. આ શ્રેણીમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ રમતા જોવા મળશે તેવી અપેક્ષા છે.આવતા મહિને, ડિસેમ્બરમાં, શ્રીલંકાની ટીમ ભારતનો પ્રવાસ કરશે. તે સમયગાળા દરમિયાન ત્રણ મેચની વનડે શ્રેણી રમાશે. શ્રેણીનો પહેલો મેચ ૧૩ ડિસેમ્બરે



વિશાખાપટ્ટનમમાં રમાશે. બીજી મેચ ૧૬ ડિસેમ્બરે બેંગલુરુમાં રમાશે. શ્રેણીનો ત્રીજો અને અંતિમ મેચ અમદાવાદમાં રમાશે, જે શ્રેણીનો અંત લાવશે. આ ભારતની આ વર્ષની છેલ્લી વનડે શ્રેણી હશે, એટલે કે, ૨૦૨૬. આગામી વર્ષે જાન્યુઆરીમાં, ઝિમ્બાબ્વે સામે વનડે શ્રેણી રમાશે. આ શ્રેણી પણ ભારતમાં ૩ જાન્યુઆરીથી શરૂ થશે.વિરાટ કોહલી અને રોહિત શર્મા માટે ન્યુઝીલેન્ડ શ્રેણી સમાપ્ત થઈ ગઈ છે.વનડે શ્રેણી હજુ રમવાની બાકી છે, પરંતુ રોહિત અને વિરાટ કોહલી તેમાં જોવા મળશે નહીં. શુભમન ગિલના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા ન્યુઝીલેન્ડ સામે રમશે. બે મેચની શ્રેણી મહત્વપૂર્ણ રહેશે. જોકે શ્રીલંકા વનડે શ્રેણી માટે હજુ સુધી ટીમની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ એવી અપેક્ષા રાખવામાં આવે છે કે કોહલી અને રોહિતને ટીમમાં સામેલ કરવામાં આવશે જ્યારે તે જાહેર થશે.આગામી વર્ષે દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં વનડે વર્લ્ડ કપ યોજાશે. વિશ્વભરની ટીમોની જેમ, ટીમ ઈન્ડિયાએ તેની તૈયારી શરૂ કરી દીધી છે. તેથી, ટીમો હવે વધુ વનડે મેચ રમી રહી છે. વર્લ્ડ કપ માટે વધુ સમય બાકી નથી; એક વર્ષથી ઓછો સમય બાકી છે.

ન્યૂઝીલેન્ડની પીચ પર સૌથી વધુ ટેસ્ટ રન બનાવનારા ભારતીય બેટ્સમેનોની યાદીમાં સચિન તેંડુલકર મોખરે

મુંબઈ,

જ્યારે ન્યૂઝીલેન્ડમાં ભારત માટે સૌથી વધુ ટેસ્ટ રન બનાવનારા ભારતીય બેટ્સમેનોની વાત આવે છે, ત્યારે સચિન તેંડુલકર યાદીમાં ટોચ પર છે. સચિને પોતાની કારકિર્દીમાં ન્યૂઝીલેન્ડમાં કુલ ૧૧ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં ૧૮ ઈનિંગ્સમાં ૪૯.૫૨ ની સરેરાશથી ૮૪૨ રન બનાવ્યા હતા. તેણે ન્યૂઝીલેન્ડમાં બે સદી અને પાંચ અડધી સદી ફટકારી હતી. તેમનો સર્વોચ્ચ સ્કોર ૧૬૦ હતો.

ન્યુઝીલેન્ડમાં ભારત માટે સૌથી વધુ ટેસ્ટ રન બનાવનારા ભારતીય બેટ્સમેનોની યાદીમાં સચિન તેંડુલકર ટોચ ૫૨ છે.



સચિન તેંડુલકરે તેમની કારકિર્દીમાં ન્યુઝીલેન્ડમાં ૧૧ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં ૧૮ ઈનિંગ્સમાં ૪૯.૫૨ ની સરેરાશથી ૮૪૨ રન બનાવ્યા હતા. તેમણે ન્યુઝીલેન્ડમાં બે સદી અને પાંચ અડધી સદી ફટકારી હતી, જેમાં તેમનો સર્વોચ્ચ સ્કોર ૧૬૦ હતો.

ભારતના ભૂતપૂર્વ બેટ્સમેન અને કોચ રાહુલ દ્રવિડ ન્યૂઝીલેન્ડમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં બીજા ક્રમે છે. દ્રવિડે ન્યૂઝીલેન્ડમાં સાત ટેસ્ટ મેચ રમી હતી, જેમાં ૧૪ ઈનિંગ્સમાં ૬૩.૮૩ ની સરેરાશથી ૭૬૬ રન બનાવ્યા હતા. દ્રવિડે બે સદી અને પાંચ અડધી સદી પણ ફટકારી હતી, જેમાં તેમનો સર્વોચ્ચ સ્કોર ૧૯૦ હતો.પૂર્વ ભારતીય બેટ્સમેન મોહમ્મદ અઝહરુદ્દીન ન્યૂઝીલેન્ડમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં ત્રીજા ક્રમે છે. તેણે ન્યૂઝીલેન્ડમાં કુલ છ ટેસ્ટ મેચ રમી હતી અને આ સમયગાળા દરમિયાન, તે આઠ ઈનિંગ્સમાં ૭૪.૪૨ ની સરેરાશથી ૫૨૧ રન બનાવી શક્યો હતો. અઝહરુદ્દીને બે સદી અને એક અડધી સદી ફટકારી હતી, જેમાં તેનો સર્વોચ્ચ સ્કોર ૧૯૨ હતો.

ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટની પહેલી સીઝન બાદ કેશવ ઝાનું જીવન-કારકિર્દીમાં થયો ફેરફાર



મુંબઈ,

કવિ, ગાયક અને હાસ્ય કલાકાર કેશવ ઝા, જેમણે સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' ની પહેલી સીઝનમાં સ્પર્ધક તરીકે ભાગ લીધો હતો, તેઓ શોની સીઝન ૨ ના અંતિમ ભાગમાં પાછા ફર્યા. તેઓ રવિવાર, ૧૫ નવેમ્બરના રોજ ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટના અંતિમ એપિસોડમાં ફરીથી દેખાયા. એપિસોડમાં, કેશવે કોમેડી શોમાં આવ્યા પછી તેમના જીવન અને કારકિર્દીમાં કેવી રીતે ફેરફાર થયા તે વિશે વાત કરી. તેમણે ભાવનાત્મક રીતે સમય રૈનાને તેમની સફળતા માટે શ્રેય આપ્યો, તેમની ખૂબ પ્રશંસા કરી.

સમય અને પેનલિસ્ટ સાથેની વાતચીત દરમિયાન, કેશવ ઝાએ "ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ" માં ભાગ લીધા પછી પ્રેક્ષકો તરફથી મળેલા પ્રેમ અને માન્યતા માટે તેમની પ્રશંસા વ્યક્ત કરી. તેમણે કહ્યું, "દરેક વ્યક્તિએ મને આપેલા આદર અને સન્માનથી હું ખૂબ જ ધન્ય અનુભવું છું. હું પહેલા કેશવ ઝા હતો, પરંતુ તેમણે મને આપેલી ઓળખ માટે હું મારા હૃદયના ઊંડાણથી બધાનો આભાર માનું છું."જ્યારે સમયે તેમને શોમાં આવ્યા પછીની તેમની કમાણી વિશે પૂછ્યું, ત્યારે કેશવે તેમના જવાબથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા. તેમણે કહ્યું, "મેં એક ઘર ખરીદ્યું છે." આનાથી સમય અને પેનલના બાકીના સભ્યો ચોંકી ગયા.

અભિનેતા અક્ષયકુમારે અમદાવાદમાં યોજાયેલ કુડો ટૂર્નામેન્ટના ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો

અમદાવાદ,

રમતગમત માત્ર શારીરિક ક્ષમતા કેળવવાનું માધ્યમ નથી પરંતુ યુવાનોમાં શિસ્ત, આત્મવિશ્વાસ, સમર્પણ અને આત્મરક્ષણની ભાવના વિકસાવવાનું પણ સશક્ત માધ્યમ છે. ગુજરાતમાં કુડો રમતને પ્રોત્સાહન આપવા અને યુવા પ્રતિભાઓને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે તક પૂરી પાડવાના હેતુથી યોજાતી આંતરરાષ્ટ્રીય કુડો ટૂર્નામેન્ટમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, જાણીતા અભિનેતા અક્ષય કુમાર અને મહારાણા ઓફ મેવાડ ચેરિટેબલ ફાઉન્ડેશનના ચેરમેન તથા મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. લક્ષ્યરાજસિંહ મેવાડે સહભાગી થઈ



ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ યુવાનો વતી તેઓ અભિનેતા અક્ષય કુમારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. રમત પ્રત્યે આટલી નિષ્ઠા અને સમર્પણ દાખવવું ખરેખર પ્રેરણાદાયી છે. સફળતા અને વ્યસ્તતા વચ્ચે પણ છેલ્લાં સાતથી આઠ વર્ષથી એક પણ વર્ષનો વિરામ લીધા વિના અક્ષય કુમાર કુડો ટૂર્નામેન્ટના આયોજન માટે સતત સમય અને સહયોગ આપી રહ્યા છે. ફિલ્મોના શૂટિંગ સહિતના વ્યસ્ત કાર્યક્રમો વચ્ચે પણ તેઓ દર વર્ષે આ રમત માટે સમય ફાળવે છે, જે તેમની રમત પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વધુમાં તેમણે કહ્યું કે, અક્ષય કુમાર આજના યુવાનો માટે ફિટનેસ, શિસ્ત અને સમર્પણના ઉત્તમ પ્રેરણાસ્ત્રોત છે. એક સમયે નિયમિત કસરત અને દોડવા જતા યુવાનોની મિત્રો મજાક કરતા હતા, પરંતુ આજે ફિટનેસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા લાખો યુવાનોને પ્રેરણા પૂરી પાડી રહી છે. સુરતથી શરૂ થયેલી આ ટુર્નામેન્ટને અમદાવાદમાં રાજ્યકક્ષાએથી રાષ્ટ્રીય સ્તરે વધુ વ્યાપક પ્લેટફોર્મ મળે તે માટે ગુજરાત સરકાર પણ જરૂરી સહયોગ આપશે. આગામી વર્ષોમાં સૌના સહિયારા પ્રયાસોથી કુડો રમતને ગુજરાત સહિત સમગ્ર દેશમાં નવી ઊંચાઈએ લઈ જવામાં આવશે.અભિનેતા અક્ષય કુમારે આ આંતરરાષ્ટ્રીય કુડો ટુર્નામેન્ટના આયોજનમાં સહયોગ આપનાર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત તમામ મહાનુભાવો અને આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો. છેલ્લા ૧૮ વર્ષથી યોજાતી આ ટુર્નામેન્ટમાં સૌથી મહત્ત્વનું પાસું ખેલાડીઓનું સ્વાસ્થ્ય અને શારીરિક તંદુરસ્તી છે તેમ જણાવી તેમણે કહ્યું કે જીવનમાં સુખ, શાંતિ અને સેવાની સાથે સ્વાસ્થ્યને પણ સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. સ્વસ્થ શરીર હશે તો જ જીવનમાં અન્ય સકારાત્મક કાર્યો કરી શકીશું. તેમણે ટુર્નામેન્ટના સફળ આયોજનમાં સેવા આપતા ૩૦૦થી વધુ રેફરી, શિક્ષકો અને તમામ ખેલાડીઓના યોગદાનને બિરદાવ્યું હતું.

શબ્દ શોધો

દુ	વિ	દ	બા	મ	ધો	ત	ન	ધ	બા	ત	નિ
વિ	ડો	ક્ષ	બિ	ણ	ર	દ	ક	ર	શ	પ્રા	વે
ધા	પ્ર	ક	ર	ણ	ણ	તુ	જ્ઞા	મો	કે	દ	દ
અ	દુ	નિ	યા	સ	ણે	ધ	કી	વા	સ	સ	ન
લ	ક	ણા	ર	પ્ર	સા	લ	ણ	ત્રિ	મા	ર	રી
કા	ગ	વા	ર	દ	બ	ગં	લ	કો	ણિ	અ	ક
ક્ષ	હા	અ	લ	ણે	ઇ	વા	રી	ણ	ક	ર	ભ
ધી	શિ	લ	ગં	બા	બ	મ	મ	દ	ધ	કા	ફ
ક્ષ	ર	મા	ખ	ક	લ	દ	ડો	દ	શ	લી	સ
ડો	રા	જ	ગં	મ	ર	ક	ત્રિ	દ	બ	સા	લ
સ	ણિ	ઊ	ઉ	બૂ	ગ	કા	બ	વે	ળો	દ	ઓ
અં	રા	ધ	બૂ	ક	ળ	ભ	દા	બા	ણી	મા	બો

શબ્દ શોધો

ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

આગામી ફિલ્મમાં આઈપીએસ ઓફિસરની ભૂમિકા ભજવવા માટે સાઈ પલ્લવીએ વાળ ટૂંકા કરાવ્યા



મુંબઈ,

૫ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થનારી 'રામાયણ'માં સીતાની ભૂમિકા ભજવ્યા બાદ, સાઈ પલ્લવી હવે 'ઓમઃ ચેપ્ટર ૧ - ઉધિરામઃ ધ બ્લડ વુડ'માં સંપૂર્ણપણે અલગ ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં તે એક આઈપીએસ અધિકારીની ભૂમિકા ભજવે છે જેને લાલ ચંદનની ગેરકાયદેસર દાણચોરીની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. આ ભૂમિકા માટે સાઈએ પોતાના વાળ ટૂંકા કાપવા પડ્યા હતા, જેનાથી તેના માતાપિતા ચોંકી ગયા. હવે તેણે આ વિશે ખુલાસો કર્યો છે.સાઈ પલ્લવીએ સમજાવ્યું કે તેણે આ ભૂમિકા માટે પોતાના વાળ કેમ કાપ્યા. તેણીએ કહ્યું, "મેં મારા વાળ કાપ્યા. વાર્તા સાંભળ્યા પછી અને મારું પાત્ર કેવું હશે તે સમજ્યા પછી, મેં મારી જાતને ભૂમિકામાં અનુકૂળ કરી. મને વાર્તા એટલી ગમી કે હું ભૂમિકા માટે મારા વાળ કાપવા સંમત થઈ ગઈ. વાળ કાપ્યા પછી, મેં મારી માતાને વીડિયો કોલ દ્વારા મારો નવો લુક બતાવ્યો. તે ખૂબ જ આશ્ચર્યચકિત થઈ ગઈ અને મને પૂછવા લાગી કે મેં આવું કેમ કર્યું. તેણીએ ફોન ડિસ્કનેક્ટ કરી દીધો. પછી મારા પિતાએ ફોન કર્યો અને પૂછ્યું કે શું હું વિગ પહેરી રહી છું. મેં તેમને સમજાવ્યું કે તે મારા પાત્ર માટે સંપૂર્ણપણે જરૂરી છે." મારી નવી હેરસ્ટાઈલમાં એડજસ્ટ થવામાં તેમને ઘણો સમય લાગ્યો.દિગ્દર્શક રાજકુમાર પેરિયાસામીએ વધુમાં ઉમેર્યું, "આ ભૂમિકા માટે આ લુક સંપૂર્ણ પસંદગી હતી. ફિલ્મોમાં, અમે ઘણીવાર મુખ્ય પાત્રની જરૂરિયાતોને અનુરૂપ ફેરફારો કરીએ છીએ, અને સાઈ પલ્લવીએ પણ આ ભૂમિકા માટે વાળ કાપીને એક મોટું બલિદાન આપ્યું હતું. વાર્તા પ્રત્યેના તેમના જુસ્સાને કારણે આ ફેરફાર શક્ય બન્યો."સાઈ પલ્લવીએ સમજાવ્યું કે તેણી રાજકુમાર પર વિશ્વાસ કરે છે અને સ્ક્રિપ્ટ દ્વારા માંગવામાં આવેલી હેરસ્ટાઈલ ફિલ્મના લુક માટે યોગ્ય હતી.

અભિનેત્રી તમન્ના ભાટિયાએ મુંબઈના જુહુ બીચ પર છઠ પૂજા કરી લોકો સાથે વાતચીત કરી

મુંબઈ,

તમન્ના ભાટિયા મુંબઈના જુહુ બીચ પર ભક્તો સાથે છઠ પૂજાની ઉજવણી કરવા માટે જોડાઈ અને ખૂબ જ ભક્તિભાવથી ઉજવણી કરી. અભિનેત્રીએ આ ખાસ દિવસની સુંદર ઝલક તેના સોશિયલ મીડિયા પર પણ શેર કરી. તેણીએ ત્યાં હાજર લોકો સાથે વાતચીત કરી, ઉત્સવોમાં જોડાઈ, અને ઈન્સ્ટાગ્રામ પર આ પ્રસંગની ઝલક પોસ્ટ કરી, જ્યાં તેણીને હાજર લોકો તરફથી અપાર પ્રેમ અને સ્નેહ મળ્યો.આ ખાસ પ્રસંગ માટે, અભિનેત્રી તમન્ના ભાટિયાએ સુંદર સરસવ પીળો અનારકલી સૂટ પસંદ કર્યો જે ઉત્સવના વાતાવરણ સાથે સંપૂર્ણ રીતે મેળ ખાય છે. તેના પરંપરાગત પોશાકમાં નેકલાઇન, સ્લીવ્ઝ અને બોર્ડર્સ પર જટિલ ચાંદી અને સફેદ ભરતકામ હતું, જે તેના



અદભુત દેખાવમાં વધારો કરે છે. જટિલ કાર્ય અને સુંદર વિગતોએ તેના પોશાકને શાહી અને મનમોહક સ્પર્શ આપ્યો.

તમન્નાએ ભારે ઘરેણાં પસંદ કરીને અને તેના પોશાકને ચમકવા દેતા, તેની સ્ટાઇલ સરળ રાખી. તેણીએ તેના દેખાવને પૂર્ણ કરવા માટે સ્ટેટમેન્ટ ઇયરિંગ્સ પહેર્યા અને તેના વાળને સુઘડ બનમાં બાંધ્યા. ન્યૂનતમ એક્સેસરીઝ અને સૂક્ષ્મ મેકઅપ સાથે, તમન્નાએ પરંપરાગત શૈલીને સરળ ઉત્સવના દેખાવ સાથે સંપૂર્ણ રીતે મિશ્રિત કરી.ઉજવણીનો એક વિડિઓ શેર કરતી વખતે, અભિનેત્રી તમન્નાએ તેને મળેલા પ્રેમ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને લખ્યું, "દેવીના આશીર્વાદ અને તમારા પ્રેમ ચાલુ રહે! છઠી મૈયા કી જય!"

વીરપુરમાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જયંતિની ભવ્ય – દિવ્ય ઉજવણી



દર્શન માટે ઉમટ્યું ભક્તોનું ઘોડાપૂર, મંદિરની બંને બાજુ એક-એક કિલોમીટર ભક્તોની લાંબી કતારો

વિરપુર,

"જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડો"ના માનવતાવાદી મંત્રને જીવનભર સાર્થક કરનાર, ભજન અને ભોજન દ્વારા દેશ-વિદેશમાં સેવાની સુવાસ ફેલાવનાર સંત શિરોમણી પૂજ્ય શ્રી જલારામ બાપાની આજે ૨૨૭મી જન્મજયંતિ છે. ત્યારે બાપાની જન્મભૂમિ એવા સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં જાણે બીજી દિવાળી જેવો માહોલ સર્જાયો છે. બાપાની જન્મજયંતિ નિમિત્તે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે ઉમટી પડ્યા છે. વહેલી સવારની પ્રથમ આરતીનો લાભ લેવા મોડી રાતથી જ ભક્તો વીરપુરમાં આવી પહોંચ્યા હતા. મંદિરની બંને બાજુ અંદાજે એક-એક કિલોમીટર સુધી લાંબી કતારો જોવા મળી રહી છે.

સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં આજે ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિને લઈને સમગ્ર વીરપુર ધામ ભક્તિમય બન્યું છે.

બાપાની જન્મજયંતિના પાવન અવસરે વહેલી સવારે પૂજ્ય બાપાના પરિવારજનો દ્વારા બાપાની સમાધિ ખાતે પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ નિજ મંદિરે પરંપરાગત રીતે પ્રથમ આરતી ઉતારવામાં આવી હતી અને ભાવિકો માટે દર્શન ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં.

પ્રથમ આરતી અને મંગળ દર્શનનો લાભ લેવા માટે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યો અને વિદેશમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકો વીરપુર આવી પહોંચ્યા હતા. વહેલી સવારથી જ મંદિરની બંને બાજુ અંદાજે એક-એક કિલોમીટર લાંબી કતારો લાગી હતી અને 'જય જલારામ'ના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું.

જલારામ જયંતિની ઉજવણીને લઈને વીરપુરવાસીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગામના દરેક ઘરના આંગણે રંગોળી, દરવાજે આસોપાલવનાં તોરણ અને મકાનો પર રંગબેરંગી રોશનીનો શણગાર કરવામાં આવ્યો છે. મુખ્ય માર્ગો અને ચોક-ચોરાહાઓ પર પૂજ્ય જલારામ બાપાના જીવનકવન અને સેવાકાર્યોને દર્શાવતી આકર્ષક ઝાંખીઓ તૈયાર કરવામાં આવી છે.

સમગ્ર યાત્રાધામને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું છે અને જાણે વીરપુરમાં બીજી દિવાળી ઉજવાઈ રહી હોય તેવો નજારો જોવા મળ્યો હતો વીરપુર આવતા ભાવિકોને કોઈ અગવડતા ન પડે તે માટે વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને સેવાભાવી લોકો દ્વારા ઠેરઠેર સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. વીરપુર પહોંચવાના માર્ગો પર પાણી, સરબત અને છાશના પરબ શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે અનેક સ્થળોએ ભાવિકો માટે પ્રસાદનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે.

ખાસ કરીને પૂજ્ય બાપાની ૨૨૭મી જન્મજયંતિના અવસરે જ્યોત્સવ સમિતિ દ્વારા ૨૨૭ કિલો બુંદીના પ્રસાદનું ભાવિકોને વિતરણ કરવામાં આવનાર છે.

દેશ-વિદેશમાંથી આવેલા ભાવિકો બાપાના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. સેવાભાવી લોકો દ્વારા પણ ઠેરઠેર પાણી, સરબત, છાશ અને પ્રસાદની સેવા કરવામાં આવી રહી છે. "જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડો"ના સંદેશને સાર્થક કરનાર પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિએ આજે સમગ્ર વીરપુર ધામ ભક્તિ, ભોજન અને ભજનના રંગે રંગાયું હતું

પૂજ્ય જલારામ બાપાની ૨૨૭ મી જયંતિએ શિષ જુકાવતા ધારાસભ્ય જયેશ રાદડીયા



વીરપુર

સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વીરપુર કે જ્યાં સંત શિરોમણી શ્રી પૂજ્ય જલારામ બાપાની ૨૨૭ મી જન્મજયંતિ કારતક સુદ સાતમના રોજ ધામધૂમથી ઉજવાય રહી છે ત્યારે લાખો ભાવિકોએ પૂજ્ય જલારામ બાપાના દર્શન કર્યા હતા, ત્યારે યુવાનોના આદર્શ જેતપુર જામકંડોરણાના ધારાસભ્ય અને પુર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયાએ પૂજ્ય જલારામ બાપાની ૨૨૭ મી જન્મ જયંતીએ વીરપુર આવીને પૂજ્ય જલારામ બાપાને શિષ ઝુકાવ્યું હતું, યુવા ધારાસભ્ય જયેશ રાદડીયાએ જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂજ્ય બાપાની જયંતીએ બાપાના દર્શન કરી આશીર્વાદ લેવા આવ્યો છુ,પૂજ્ય જલારામ બાપાને શિષ ઝુકાવીને પ્રાર્થના કરી કે આવનારું આખું વર્ષ પૂજ્ય જલાબાપાની કૃપાથી બધા માટે સુખ સમૃદ્ધિ અને સારા કર્યો થાય અને બાપાના આશીર્વાદ બધા ઉપર કાયમી રહે તેવી પૂજ્ય જલારામ બાપાને વંદના કરી ધન્યતા અનુભવી હતી.

જીવન પ્રભાત, ગાંધીધામ ખાતે સંસ્કૃતભારતી સૌરાષ્ટ્ર પ્રાંતના આવાસીય સંસ્કૃત પ્રબોધન વર્ગનો પ્રારંભ

"ભારતનું સ્વત્વ, જ્ઞાન, આચરણ અને પરંપરાઓ સંસ્કૃતમાં સમાયેલાં છે. તેને જાગૃત કરવાનું કાર્ય સંસ્કૃતભારતી કરી રહી છે." – ડૉ. મહેશભાઈ ઓઝા



ગાંધીધામ

ગાંધીધામ સ્થિત જીવન પ્રભાત ખાતે સંસ્કૃતભારતી સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા તા. ૧૬ નવેમ્બરથી ૨૨ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન આયોજિત સાત દિવસીય આવાસીય સંસ્કૃત પ્રબોધન વર્ગનો ભવ્ય પ્રારંભ થયો હતો. વર્ગના ઉદ્ઘાટન સમારોહમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન સમારોહમાં અધ્યક્ષસ્થાને સંસ્કૃતભારતી પશ્ચિમ ક્ષેત્રના વિદ્વત્ પરિષદ પ્રમુખ ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાજી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંત કાર્યવાહ ડૉ. મહેશભાઈ ઓઝા, પૂજ્ય શ્રી સંધ્યાગીરીબાપુ સંસ્કૃત મહાવિદ્યાલય, સામખિયારીના પ્રધાનાચાર્ય ડૉ. રવિશંકરભાઈ રાજગોર, આર્યસમાજ ગાંધીધામના મંત્રી શ્રી ગુરુદત્ત શર્માજી, ભારત વિકાસ પરિષદના પ્રમુખ શ્રી જખાભાઈ હુંબલ, સંસ્કૃતભારતી સૌરાષ્ટ્ર પ્રાંતના મંત્રી ડૉ. પ્રણવભાઈ રાજયગુરુ તથા વર્ગાધિકારી શ્રી અખિલેશ આર્યજી ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ડૉ. મહેશભાઈ ઓઝાએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, ભારતનું સ્વત્વ, જ્ઞાન, આચરણ અને પરંપરાઓ સંસ્કૃત ભાષામાં સમાયેલાં છે. આ અમૂલ્ય વારસાને પુનઃ જાગૃત કરી જનમાનસ સુધી પહોંચાડવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય સંસ્કૃતભારતી કરી રહી છે. સંસ્કૃત માત્ર ભાષા નથી, પરંતુ ભારતીય જ્ઞાનપરંપરા અને સંસ્કૃતિનો આધાર છે.કાર્યક્રમની આભારવિધિ સંસ્કૃતભારતી સૌરાષ્ટ્ર પ્રાંતનાં સદસ્યા તથા વર્ગ વ્યવસ્થાપિકા શિવાનીબેન પરમારે કરી હતી. જ્યારે સમગ્ર સત્રનું સંચાલન પ્રાંત પ્રશિક્ષણ પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ મેમકિયાએ કર્યું હતું.આ સાત દિવસીય આવાસીય સંસ્કૃત પ્રબોધન વર્ગમાં આશરે ૫૦ સંસ્કૃતપ્રેમીઓ જોડાયા છે. તેમાં આશરે છ સંસ્કૃત કુટુંબો પણ સહભાગી બન્યાં છે. વિશેષતા એ છે કે આ વર્ગમાં બાળકો, યુવાનો, વ્યવસાયિકો, શિક્ષકો, ચિકિત્સકો, ગૃહિણીઓ, અધિવક્તાઓ, ન્યાયાધીશો તથા નિવૃત્ત અધિકારીઓ સહિત સમાજના વિવિધ વર્ગના લોકો ઉત્સાહપૂર્વક જોડાયા છે.આ વર્ગની વિશેષતા એ છે કે સહભાગીઓ દરરોજ સવારે ૫:૩૦થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી સંપૂર્ણ સંસ્કૃતમય વાતાવરણમાં રહેશે. આ દરમિયાન સંસ્કૃત સંભાષણ, વ્યાકરણ, ગણકાર્ય, વિશેષ સત્રો, ક્રીડા સત્રો તથા બૌદ્ધિક સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આ તમામ પ્રવૃત્તિઓ સંસ્કૃત ભાષામાં જ યોજાશે. એટલું જ નહીં, રાત્રિના અનૌપચારિક કાર્યક્રમોમાં પણ ગીત, નાટક, હાસ્ય-વિનોદ, સંવાદ, અભિનય, વિવિધ સ્પર્ધાઓ તથા ગરબા જેવી પ્રવૃત્તિઓ સંસ્કૃત ભાષામાં જ રજૂ કરવામાં આવશે.આમ, સંસ્કૃતને માત્ર અભ્યાસની ભાષા નહીં, પરંતુ દૈનિક જીવનની વ્યવહારભાષા બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ આવાસીય વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટમાં બ્રહ્માકુમારીઝ દ્વારા 'વર્લ્ડ ડે ઓફ રિમેમ્બ્રન્સ ફોર રોડ ટ્રાફિક વિક્ટિમ્સ' કાર્યક્રમ યોજાયો



રાજકોટ,

બ્રહ્માકુમારીઝ રાજકોટ દ્વારા જગદંબા ભવન સેવા કેન્દ્ર ખાતે રવિવારે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ રોડ અકસ્માતમાં જીવ ગુમાવનાર અને પ્રભાવિત થયેલા પીડિતોની યાદમાં યોજાયેલ હતો.

આ કાર્યક્રમ બ્રહ્માકુમારીઝ - ગુજરાતના ડાયરેક્ટર રાજયોગીની ભારતી દીદી જિના અનમોલ માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રીટાયર્ડ આર.ટી.ઓ. એક્સ્પર્ટ જે.વી.શાહ, આર.ટી.ઓ. ક્લાર્ક સાગરભાઈ, ૧૦૮ના પ્રોગ્રામ મેનેજર જયેશભાઈ, ૧૦૮ના એજ્યુકેટીવ માનસિંગભાઈ તથા ૧૦૮ના સમર્પિત કર્મચારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે માર્ગ અકસ્માતો ઘટાડવા માટે ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવા, વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવા અને ઈમરજન્સી સેવાઓની ભૂમિકા વિશે વિગતવાર ચર્ચા કરી હતી. અકસ્માત પીડિતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી સૌએ માર્ગ સલામતી માટે સંકલ્પ લીધો હતો.

અદાણી વિન્ડ દ્વારા ભારતની સૌથી લાંબી વિન્ડ ટર્બાઈન બ્લેડનું ઉત્પાદન શરૂ; ૫ મેગાવોટ પ્લેટફોર્મ માટે મળ્યું પ્રમાણપત્ર

રાજકોટ:

અદાણી એન્ટરપ્રાઇઝિસ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અદાણી ન્યૂ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ગુજરાતના કચ્છના મુન્દ્રા ખાતે આવેલી પોતાની સંકલિત ઉત્પાદન સુવિધામાં જમીન પર સ્થિત ૯૧.૨ મીટર લાંબી વિન્ડ ટર્બાઈન બ્લેડના ઉત્પાદનનો શુભારંભ કર્યો છે. આ સાથે કંપનીએ તેના વ્યાપારી ધોરણે ઉત્પાદનની મોકળાશ આપતા વિન્ડ ટર્બાઈન પ્લેટફોર્મ માટે પ્રમાણપત્ર પણ મેળવી લીધું છે. ભારતમાં ઉત્પાદિત થયેલી આ અત્યાર સુધીની સૌથી લાંબી વિન્ડ ટર્બાઈન બ્લેડ છે. આ પ્લેટફોર્મ માટે વિકસાવવામાં આવેલો ૧૮૫ મીટરનો રોટર વ્યાસ અને ૧૪૦ મીટરની હબની ઊંચાઈ ધરાવતી આ બ્લેડ અંદાજે ૨૬,૬૦૦ ચોરસ મીટર જેટલો વિસ્તાર આવરી લે છે. આ પ્લેટફોર્મ પવનની વિવિધ ગતિનો અસરકારક ઉપયોગ કરતું હોવાથી વીજળીનું ઉત્પાદન વધુ સ્થિર રહેવાની સાથે ઉપલબ્ધ પવન સ્ત્રોતોનો શ્રેષ્ઠ ઉપયોગ થાય છે અને એકંદરે 'કેપેસિટી યુટિલાઇઝેશન ફેક્ટર'માં સુધારો થાય છે. અદાણી વિન્ડના મુખ્ય કારોબારી અધિકારી મિલિંદ કુલકર્ણીએ જણાવ્યું હતું કે, "ભારતની સૌથી લાંબી વિન્ડ ટર્બાઈન બ્લેડનું ઉત્પાદન કરવું અને ૫ મેગાવોટ ક્ષમતાના પ્લેટફોર્મ માટે પ્રમાણપત્ર મેળવવું એ અદાણી વિન્ડ તેમજ દેશના વિન્ડ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે એક મહત્વનું સીમાચિહ્ન છે." તેમણે ઉમેર્યું હતું કે અલગ અલગ સ્થળોએ પવનની ગતિ ઓછી હોય છતાં મોટી બ્લેડ વધુ ક્ષમતા ધરાવતા ટર્બાઈનના દરેક મશીનને વધુ ઊર્જા મેળવવામાં સક્ષમ બનાવતી હોવાથી પવન ઊર્જાના ઉત્પાદન માટે ઉપલબ્ધ ભૌગોલિક વિસ્તારનો વ્યાપ વધારવામાં મદદ મળે છે. દેશની સ્વચ્છ ઊર્જાની વધતી જતી માંગને ટેકો આપવા માટે કંપની અદ્યતન ટેક્નોલોજી વિકસાવવા અને તેનું ઉત્પાદન કરવા માટે પ્રતિબદ્ધ છે.

જર્મનીની સ્વતંત્ર પવન ટર્બાઈન પરીક્ષણ અને પ્રમાણપત્ર સંસ્થાએ ગુજરાતના મુંદ્રામાં સ્થાપન સ્થળે પરીક્ષણ કર્યા બાદ અદાણી વિન્ડના આ પ્લેટફોર્મને માન્યતા આપી છે. અદાણી વિન્ડે તેના જર્મન ટેક્નોલોજી ભાગીદાર 'ઉરઈ' ની સાથે મળીને તેનું નિર્માણ કર્યું છે. આ ટર્બાઈન ડિઝાઇન, પરીક્ષણ અને ઉત્પાદન માટેના આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય 'ઈઝ ૬૧૪૦૦' શ્રેણીના ધોરણોનું પાલન કરે છે.

નયારા એનર્જી દ્વારા નવીનીકરણ કરાયેલી બે ગૌશાળાને ખુલ્લી મુકાઈ



જામનગર

આંતરરાષ્ટ્રીય સંકલિત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની નયારા એનર્જી દ્વારા વાડીનાર રિફાઇનરી નજીકના ગામોમાં અનેકવિધ સામાજિક સેવાઓ અવિરતપણે કરવામાં આવી રહી છે. તાજેતરમાં વડાલિયા સિંહણ ગામમાં શ્રી વચ્છરાજ ગૌ સેવા સમિતિ અને દાંતા ગામમાં શ્રી દાંતા ગૌ સેવા સમિતિ સંચાલિત ગૌશાળાનું નવીનીકરણ કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત કરવામાં આવ્યું હતું. બંને ગૌશાળામાં પશુધન માટે જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. નવીનીકરણ બાદ બંને ગામમાં સરપંચ, અગ્રણીઓની હાજરીમાં ગૌશાળાને પયોગ માટે ખુલ્લી મુકવામાં આવી હતી. ગૌશાળાના નવીનીકરણના કાર્યનો ઉદ્દેશ્ય પશુધન આશ્રય માળખાને મજબૂત બનાવવા, સ્વચ્છતા અને પશુ કલ્યાણમાં સુધારો કરવા અને સમુદાય-માલિકીની અને ટકાઉ પશુધન વ્યવસ્થાપન પ્રણાલીઓને પ્રોત્સાહન આપવાનો છે.

રાજકોટના બાલાજી હનુમાનજી મહારાજને લાલ ગુલાલનો શણગાર



રાજકોટ,

રાજકોટના ભૂપેન્દ્ર રોડ પર આવેલા શ્રી બાલાજી હનુમાનજી મંદિરમાં દાદાને લાલ ગુલાબના અદભુત શણગાર કરવામાં આવ્યો છે. દાદાના સિંહાસનની ફરતે લાલ અને મરૂન રંગના ગુલાબ, લીલી તથા પર્ણોથી બનેલી ભવ્ય પુષ્પ-કમાન સજાવવામાં આવી છે.સોનેરી પૃષ્ઠભૂમિ વચ્ચે લાલ પુષ્પોની આ શોભા અત્યંત મનોહર લાગે છે. દાદાને રંગબેરંગી વાઘા, આભૂષણો અને પુષ્પમાળાઓથી શણગારવામાં આવ્યા છે. આ દિવ્ય દર્શનનો લાભ લેવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા હતા.

અદાણી એન્ટરપ્રાઇઝના ડિરેક્ટર પ્રણવ અદાણીએ સોમનાથ જ્યોતિર્લિંગના દર્શન-પૂજન કર્યા



વેરાવળ,

અદાણી એન્ટર પ્રાઇઝિસના ડિરેક્ટર પ્રણવ અદાણી તેમના ધર્મપત્ની શ્રીમતી નમ્રતાબેન અદાણી સાથે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરના દર્શને પધાર્યા હતા. જ્યાં તેઓએ દેવાધિદેવ મહાદેવના દિવ્ય દર્શન અને જલાભિષેક કરી પૂજા સામગ્રી અર્પણ કરી હતી.

દર્શન અને પૂજન બાદ શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડાએ શ્રી પ્રણવ અદાણીને શ્રી સોમનાથ મહાદેવની સ્મૃતિચિત્ર અને પ્રસાદ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું.

ભારત ભવિષ્યના યુદ્ધોમાં વિદેશી ટેકનોલોજી, શસ્ત્રો અને ઘટકો પર નિર્ભર રહી શકે નહીં : એર ચીફ માર્શલ

આત્મનિર્ભરતા ભવિષ્યના યુદ્ધો માટે ભારતીય વાયુસેનાનો મુખ્ય મંત્ર હોવાનું જણાવ્યું



નવીદિલ્હી,

વાયુસેનાના વડા, એર ચીફ માર્શલ આશુતોષ દિક્ષિતે સોમવારે કહ્યું કે સાચી "આત્મનિર્ભરતા" ફક્ત ઔદ્યોગિક ઉત્પાદન વિશે નથી, પરંતુ સીધી લડાઇ તૈયારી વિશે છે. તેમણે સ્પષ્ટતા કરી કે ભવિષ્યના કોઈપણ સંઘર્ષમાં, ભારત સોર્સ કોડ, સ્પેરપાર્ટ્સ, દારૂગોળો અથવા એન્જિન માટે વિદેશી શક્તિઓ પર આધાર રાખી શકે નહીં.

નવી દિલ્હીમાં "આત્મનિર્ભરતા અને ભવિષ્યના યુદ્ધો માટે ભારતની તૈયારીમાં તેનું સ્થાન" વિષય પર એએનઆઈ રાષ્ટ્રીય સુરક્ષા સમિટ ૩.૦" ને સંબોધતા વાયુસેનાએ ભવિષ્યના યુદ્ધો માટે ભારતીય વાયુસેનાના વ્યૂહાત્મક સિદ્ધાંત સમજાવ્યું.

તેમણે ચેતવણી આપી હતી કે યુદ્ધની તૈયારીનું મૂલ્યાંકન ત્રણ મુખ્ય પરિમાણો પર કરવામાં આવશે:

૧) લાંબા ગાળાના ઓપરેશન્સ ટકાવી રાખવાની ક્ષમતા

૨) લાંબા ગાળાના યુદ્ધ માટે ઉત્પાદન ઝડપથી વધારવાની ક્ષમતા

૩) યુદ્ધના મેદાનમાં ઝડપથી અનુકૂલન કરવાની ક્ષમતા.

વાયુસેનાના વડા માર્શલ દિક્ષિતે કહ્યું, "નેટવર્ક-કેન્દ્રિત યુદ્ધ પર આધાર રાખતી ભારતીય વાયુસેના માટે, જે પ્રથમ પ્રતિભાવ આપનાર છે, અને હવાઈ શક્તિ દ્વારા વ્યૂહાત્મક અસર બનાવે છે, 'આત્મનિર્ભરતા' માત્ર એક ઔદ્યોગિક ધ્યેય નથી, પરંતુ એક ઓપરેશનલ આવશ્યકતા છે." તેમણે વધુમાં કહ્યું, "ભવિષ્યના કોઈપણ સંઘર્ષમાં, સ્પેરપાર્ટ્સ, સોફ્ટવેર, દારૂગોળો અને ડેટા લિંક્સની આપણી પહોંચ અન્ય લોકો દ્વારા લેવામાં આવેલા નિર્ણયો પર આધારિત ન હોવી જોઈએ."

ાયુસેનાના વડા માર્શલ દિક્ષિતે પશ્ચિમ એશિયા અને યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષોનો ઉલ્લેખ કરીને સમજાવ્યું કે આધુનિક યુદ્ધ ત્રણ મહત્વપૂર્ણ મોરચે સૈન્યની ઔદ્યોગિક કરોડરજ્જુનું પરીક્ષણ કેવી રીતે કરે છે.

શું આપણા સંરક્ષણ ઉદ્યોગ પણ હની ટ્રેપનો શિકાર બની શકે છે અને તેનો સામનો કેવી રીતે કરવો તે પ્રશ્નના જવાબમાં, એર ચીફ માર્શલ આશુતોષ દીક્ષિત કહે છે, "આ ફક્ત હની ટ્રેપ વિશે નથી. તે ખરેખર સાયબર જાસૂસીનો કેસ છે. આજકાલ, સાયબર માધ્યમો અને અન્ય ઘણી પદ્ધતિઓ દ્વારા જાસૂસી કરવામાં આવે છે, જે લોકોને લલચાવે છે. હની ટ્રેપ આ પરિસ્થિતિનું એક પાસું છે. મલ્ટી-લેવલ માર્કેટિંગ અને લોન કૌભાંડો જેવા અન્ય પરિબળો પણ સક્રિય છે. તેથી, અમે આથી સંપૂર્ણપણે વાકેફ છીએ. અમે તેનું નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છીએ અને તેને નિયંત્રિત કરવા માટે વ્યવસ્થિત પ્રયાસો કરી રહ્યા છીએ.

આપ છોડીને ભાજપમાં જોડાનારા રાઘવ ચઢ્ઢાને પંજાબમાં મોટી જવાબદારી સોંપવામાં આવી

ભાજપે સાંસદ રાઘવ ચઢ્ઢાને પંજાબ મેનિફેસ્ટો કમિટીમાં સામેલ કર્યા

નવીદિલ્હી,

આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયેલા રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાને મોટી જવાબદારી સોંપવામાં આવી છે. ભાજપે તેમને પંજાબ મેનિફેસ્ટો કમિટીમાં સામેલ કર્યા છે. તેમની સાથે આમ આદમી પાર્ટી છોડીને આવેલા પાંચ અન્ય રાજ્યસભા સાંસદોને પણ ભાજપના મેનિફેસ્ટો અને ચાર્જશીટ કમિટીમાં સામેલ કરવામાં આવ્યા છે.

ભાજપ દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, પંજાબ ભાજપ પ્રમુખ કેવલ સિંહ ઢિલ્લોને આ બે રાજ્ય-સ્તરીય સમિતિઓની રચના કરી છે. ઢિલ્લોને કહ્યું કે આગામી દિવસોમાં વધુ સમિતિઓની જાહેરાત કરવામાં આવશે. ભાજપના ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ અને ભૂતપૂર્વ સાંસદ અવિનાશ રાય આ સમિતિના અધ્યક્ષ રહેશે. આ સમિતિમાં ૧૩ સભ્યો છે.

૧૨ સભ્યોમાં મનપ્રીત સિંહ બાદલ, અશ્વની શર્મા, મનોરંજન કાલિયા, સોમ પ્રકાશ, રાણા ગુરમીત સિંહ સોઢી, અશ્વની સેખરી, સતનામ સિંહ સંધુ, રાઘવ ચઢ્ઢા, રાજિન્દર ગુપ્તા, હરભજન સિંહ, પરમપાલ કૌર અને એચએસ ફૂલકાનો સમાવેશ થાય છે.

ભૂતપૂર્વ રાજ્ય પ્રમુખ અને ભૂતપૂર્વ સાંસદ સુનિલ જાખડને ચાર્જશીટ સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની પાસે ૧૩ અન્ય સભ્યો પણ હશે.

૧૩ સભ્યોમાં ઇકબાલ સિંહ લાલપુરા, વિજય સાંપલા, શ્વેત મલિક, પ્રણીત કૌર, રવનીત સિંહ બિટ્ટુ, દિનેશ બબ્બુ, સુશીલ રિંકુ, ગેજા રામ, વિક્રમજીત સિંહ સાહની, અશોક મિત્તલ, સંદીપ પાઠક, એસએસ ચન્ની અને જગમીત સિંહ બ્રારનો સમાવેશ થાય છે. આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયેલા ત્રણ સાંસદો - રાઘવ ચઢ્ઢા, રાજિન્દર ગુપ્તા અને ભૂતપૂર્વ ક્રિકેટર હરભજન સિંહ - ને મેનિફેસ્ટો કમિટીમાં સામેલ કરવામાં આવ્યા છે.

ભારતમાં ઓક્ટોબર મહિનામાં જથ્થાબંધ ફુગાવાનો આંક વધીને ૧૨.૨૯ ટકા થયો

નવીદિલ્હી,

દેશમાં ફુગાવાનું દબાણ સતત વધી રહ્યું હોય તેવું લાગે છે. ઓક્ટોબરમાં જથ્થાબંધ ફુગાવાનો દર વધીને ૧૨.૨૯% થયો, જે સપ્ટેમ્બરમાં ૧૧.૩૯% હતો. આનો અર્થ એ થયો કે એક મહિનાની અંદર, જથ્થાબંધ ભાવોનું સ્તર વધુ વધ્યું છે. આનું સૌથી મોટું કારણ ઈંધણ અને વીજળીના ભાવમાં તીવ્ર વધારો હતો. ખાદ્ય ફુગાવામાં થોડી રાહત મળી છે, પરંતુ એકંદર ફુગાવાના આંકડા ચિંતાનું કારણ છે.

સોમવારે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, જથ્થાબંધ ભાવ સૂચકાંક ઓક્ટોબરમાં વધીને ૧૧૩.૩ થયો, જે સપ્ટેમ્બરમાં ૧૧૨.૫ હતો. આ સૂચકાંક માટેનો આધાર વર્ષ ૨૦૨૨-૨૩ છે. ડેટા દર્શાવે છે કે જથ્થાબંધ ફુગાવાને વધારવામાં ઈંધણ અને ઊર્જાના ભાવમાં વધારો સૌથી મોટી ભૂમિકા ભજવી હતી.

ઈંધણ અને વીજળીનો ફુગાવો ઓક્ટોબરમાં વધીને ૩૨.૮૪% થયો, જે સપ્ટેમ્બરમાં ૨૫.૮૫% હતો. આ શ્રેણી માટેનો સૂચકાંક પણ સપ્ટેમ્બરમાં ૧૧૦.૫ થી વધીને ઓક્ટોબરમાં ૧૧૫.૭ થયો. આનું મુખ્ય કારણ ખનિજ તેલ, ક્રૂડ પેટ્રોલિયમ, કુદરતી ગેસ અને વીજળીના ભાવમાં વધારો હતો. વધુમાં, પ્રાથમિક ચીજવસ્તુઓનો ફુગાવાનો દર પણ વધ્યો. તે સપ્ટેમ્બરમાં ૮.૬૭ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૯.૨૪ ટકા થયો. દરમિયાન, ઉત્પાદિત ઉત્પાદનો માટે ફુગાવાનો દરમાં થોડી રાહત જોવા મળી, જે સપ્ટેમ્બરમાં ૯.૭૬ ટકાથી ઘટીને ઓક્ટોબરમાં ૯.૫૪ ટકા થયો.

ઓક્ટોબરમાં ખાદ્ય ફુગાવાના મોરચે થોડી રાહત જોવા મળી. ડબ્લ્યુપીઓ ફૂડ ઇન્ડેક્સ અનુસાર, ખાદ્ય ફુગાવો સપ્ટેમ્બરમાં ૮.૬૬ ટકાથી ઘટીને ઓક્ટોબરમાં ૮.૫૮ ટકા થયો. આ સૂચકાંકમાં પ્રાથમિક ખાદ્ય ચીજવસ્તુઓ સાથે ઉત્પાદિત ખાદ્ય ઉત્પાદનોનો સમાવેશ થાય છે. જોકે, ખાદ્ય ફુગાવો ઊંચો રહે છે. ખાદ્ય ચીજવસ્તુઓ, બિન-ખાદ્ય વસ્તુઓ, ધાતુઓ, રસાયણો, કાપડ અને રબર-પ્લાસ્ટિક ઉત્પાદનોના ભાવ પણ જથ્થાબંધ ફુગાવામાં વધારો કરવામાં ફાળો આપે છે.

ગયા વર્ષમાં જથ્થાબંધ ફુગાવો કેટલો વધ્યો?

મહિનો	જથ્થાબંધ ફુગાવાનો દર
ઓક્ટોબર ૨૦૨૫	-૧.૨૧%
નવેમ્બર ૨૦૨૫	-૦.૩૨%
ડિસેમ્બર ૨૦૨૫	૦.૮૩%
જાન્યુઆરી ૨૦૨૬	૧.૮૧%
ફેબ્રુઆરી ૨૦૨૬	૨.૧૩%
માર્ચ ૨૦૨૬	૩.૮૮%
એપ્રિલ ૨૦૨૬	૮.૨૬%
મે ૨૦૨૬	૯.૬૮%
જૂન ૨૦૨૬	૯.૮૭%
જુલાઈ ૨૦૨૬	૯.૭૮%
ઓગસ્ટ ૨૦૨૬	૯.૯૨%
સપ્ટેમ્બર ૨૦૨૬	૧૧.૩૯%
ઓક્ટોબર ૨૦૨૬	૧૨.૨૯%

ઈન્ડિયા એલાયન્સે કથિત ચૂંટણી ગોટાળા, મત ચોરી અને સીઈસી જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં એક નવી અરજી દાખલ કરીને ચૂંટણી પંચને ૪૮ પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગી

નવીદિલ્હી,

ઈન્ડિયા એલાયન્સે કથિત ચૂંટણી ગોટાળા અને મત ચોરી અંગે અને સીઈસી જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં એક નવી અરજી દાખલ કરીને ચૂંટણી પંચને ૪૮ પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગી છે. તેઓ એસઆઈઆર, ફોર્મ ૬ અને ઈસીઆઈએનઈટી અંગે ચૂંટણી પંચ પાસેથી જવાબો



માંગવા માંગે છે. અરજીમાં મુખ્ય ચૂંટણી કમિશનર અને ત્રણ ચૂંટણી કમિશનરો પાસેથી માહિતી માંગવામાં આવી છે. અરજદારો માંગ કરે છે કે શું બધા ચૂંટણી કમિશનરો દેશભરમાં મતદાર યાદીઓની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા શરૂ કરવા અને તેને લગતા નિર્ણયો પર સંમત થયા હતા કે નહીં તેનો રેકોર્ડ જાહેર કરવામાં આવે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મત ચોરી અને મતદાર યાદીમાં ગેરરીતિઓના આરોપો અંગે સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરી છે. આ અરજીમાં, તેમણે ચૂંટણી પંચને ૪૮ પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગી છે.

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ વ્યસન જેવા છે, દરેક વ્યસન સમાજની સંવેદનશીલતા અને જાગૃતિને ઘટાડી રહ્યું છે: મોહન ભાગવત

મોહન ભાગવતે સોશિયલ મીડિયાના વધતા ઉપયોગ અને સમાજમાં વ્યસનોના વધારા અંગે ચિંતા વ્યક્ત કરી

જોધપુર,

આરએસએસ સરસંઘચાલક મોહન ભાગવતે સોશિયલ મીડિયાના વધતા ઉપયોગ અને સમાજમાં વ્યસનોના વધારા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે વ્યસન ફક્ત રાસાયણિક દવાઓ પૂરતું મર્યાદિત નથી; ચા અને કોફીની સાથે, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ વ્યસનકારક બની રહ્યા છે. દરેક પ્રકારનું વ્યસન વ્યક્તિની સંવેદનશીલતા અને જાગૃતિ ઘટાડે છે. મોહન ભાગવત રાજસ્થાનના જોધપુરમાં આયોજિત 'મારુ નિનાદ' ઘોષ શિબિરના



સમાપન સમારોહને સંબોધિત કરી રહ્યા હતા.

મોહન ભાગવતે કહ્યું કે સમાજમાં વ્યસનના ઘણા સ્વરૂપો છે. માત્ર રાસાયણિક દવાઓ જ નહીં, પરંતુ ચા, કોફી અને સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ પણ વ્યસનકારક બની શકે છે. તેમણે કહ્યું કે જ્યારે કોઈ વ્યક્તિ કોઈપણ પ્રકારના ડ્રગનો વ્યસની બને છે, ત્યારે તેની વિચારસરણી, સંવેદનશીલતા અને જાગૃતિ પર અસર પડે છે. આ ફક્ત વ્યક્તિ પર જ નહીં પરંતુ સમગ્ર સમાજ પર અસર કરે છે.

સામાજિક એકતા પર ભાર મૂકતા, આરએસએસ વડાએ કહ્યું કે લોકો જાતિ, ભાષા અને રાજ્યના પણ વ્યસની બની જાય છે. આ ઓળખ સાથે વધુ પડતા જોડાયેલા રહેવાને બદલે, વ્યક્તિએ સામાજિક એકતાને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે કહ્યું કે જે વ્યક્તિ આ બધા વ્યસનોથી દૂર રહે છે તેનું જીવન સુખી રહેશે.

રોમાનિયાની સુલિના નહેર નજીક કાળા સમુદ્રમાં ત્રણ વ્યાપારી જહાજો પર ડ્રોનથી હુમલો

રશિયાએ યુક્રેનના પડોશીઓને ડ્રોનથી નિશાન બનાવવાનો ઇનકાર કર્યો

રોમાનિયા

રોમાનિયાની સુલિના નહેર નજીક કાળા સમુદ્રમાં ત્રણ વ્યાપારી જહાજો પર ડ્રોનથી હુમલો થયો છે, એમ વડા પ્રધાન લુકા નિકુલેસ્કુએ જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે તેમના સશસ્ત્ર દળોએ બે વાર ફાઇટર જેટ ઉડાવ્યા હતા.

સંરક્ષણ પ્રધાન સ્ટેફન રાડુ ઓપ્રિયાએ જણાવ્યું હતું કે હુમલાઓ પછી કોઈ જાનહાનિ થઈ નથી અને જહાજોના ક્રૂએ બોર્ડ પર લાગેલી આગને કાબૂમાં લેવામાં સફળતા મેળવી છે. નાટો સભ્યો રોમાનિયા અને બલ્ગેરિયા નજીક વેપારી જહાજો પર ઘાતક હુમલાઓની વધતી જતી શ્રેણી દર્શાવે છે કે રશિયા અને યુક્રેન વચ્ચે વધતું દરિયાઈ યુદ્ધ કાળા સમુદ્રમાં ટ્રાન્સએટલાન્ટિક જોડાણ માટે એક મોટા પડકારમાં કેવી રીતે વિસ્તરી રહ્યું છે.

સુલિના નહેર એક મુખ્ય રોમાનિયન શિપિંગ લેન છે જે ડેન્યુબ નદીને કાળા સમુદ્ર સાથે જોડે છે અને યુક્રેન દ્વારા નિકાસ માટે તેનો ઉપયોગ થાય છે. રોમાનિયન અધિકારીઓએ ડ્રોનના મૂળની ઓળખ કરી નથી પરંતુ કહ્યું છે કે તે યુક્રેનમાં રશિયાના યુદ્ધનું સીધું પરિણામ છે.

"આ ઘટનાઓ અસ્વીકાર્ય છે અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે," નિકુલેસ્કુએ કહ્યું. "તેઓ યુક્રેન સામે રશિયાના ચાલી રહેલા યુદ્ધને કારણે બગડતી સુરક્ષા પરિસ્થિતિને પ્રતિબિંબિત કરે છે.

કોંગ્રેસે યુપી ચૂંટણી માટે અખિલેશ યાદવની પાર્ટીને ૧૮૧ મતવિસ્તારોના નામ સોંપ્યા

લખનૌ,

કોંગ્રેસે ૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે બેઠક વહેંચણીની ચર્ચાઓ દરમિયાન વિચારણા માટે સમાજવાદી પાર્ટી (SP) સમક્ષ ૧૮૧ વિધાનસભા મતવિસ્તારોની યાદી રજૂ કરી છે. કોંગ્રેસ દ્વારા પ્રસ્તાવિત ૧૮૧ બેઠકોમાંથી ૧૩૫ બેઠકો સામાન્ય (જનરલ) છે, ૪૫ બેઠકો અનુસૂચિત જાતિઓ (જીઝજ) માટે અનામત છે અને એક બેઠક અનુસૂચિત જનજાતિઓ (STs) માટે અનામત છે.

આ યાદીમાં સામેલ કેટલાક મતવિસ્તારોમાં બાગપત, લોની, બુલંદશહેર, મથુરા, આગ્રા ગ્રામીણ, ફતેહપુર સીકરી, પીલીભીત, શાહજહાંપુર, શાહાબાદ, રાયબરેલી, અમેઠી અને કાનપુર કેન્ટનો સમાવેશ થાય છે.

આ યાદી અખિલેશ યાદવના નેતૃત્વ હેઠળની સમાજવાદી પાર્ટીને મોકલવામાં આવી છે, કારણ કે બંને પક્ષો આગામી વિધાનસભા ચૂંટણી માટે બેઠક વહેંચણીની વ્યવસ્થાને આખરી ઓપ આપવા માટે કામ કરી રહ્યા છે.

કોંગ્રેસે રાજ્યમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે પક્ષની તૈયારીઓ અંગે ચર્ચા કરવા માટે પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને એક વ્યૂહાત્મક બેઠક યોજી હતી, ત્યારબાદ આ યાદી જાહેર કરવામાં આવી હતી. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિતના વરિષ્ઠ નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી અને સમાજવાદી પાર્ટી સાથે બેઠક ફાળવણી તથા ગઠબંધન અંગે ચર્ચા-વિચારણા કરી હતી.

ઉત્તર પ્રદેશ ૨૦૨૭ માટે પસંદ કરાયેલી વિધાનસભા બેઠકો

'દેશના રાજકારણને નવી દિશા આપશે': ખડગે બેઠક બાદ ખડગેએ જણાવ્યું હતું કે ચર્ચાઓ ઉત્તર પ્રદેશની રાજકીય પરિસ્થિતિ અને આગામી વિધાનસભા ચૂંટણી પર કેન્દ્રિત હતી. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ ચૂંટણીઓ દેશના રાજકારણને એક નવી દિશા આપશે. 'X' (ટ્વિટર) પર એક પોસ્ટમાં કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે ઉત્તર પ્રદેશના લોકો પરિવર્તન ઈચ્છે છે અને તેઓ સામાજિક ન્યાય, સમાન તકો તથા વંચિત વર્ગોના અધિકારોનું વધુ મજબૂત રક્ષણ ઈચ્છે છે.

ભારતે યુએસ સહિતના દેશો સાથે સ્થાયી સમૃદ્ધિના સુરક્ષિત પાયા પર સાન ફ્રાન્સિસ્કો ઘોષણા પર હસ્તાક્ષર કર્યા

કરાર યુએસની આગેવાની હેઠળની પેક્સ સિલિકા પહેલનો એક ભાગ

બીજીંગ,

ભારતે, યુએસ અને અન્ય ઘણા દેશો સાથે, 'સ્થાયી સમૃદ્ધિના સુરક્ષિત પાયા પર સાન ફ્રાન્સિસ્કો ઘોષણા' પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારનો ઉદ્દેશ ચીન સાથે વધતી જતી સ્પર્ધા વચ્ચે કૃત્રિમ બુદ્ધિ માટે મહત્વપૂર્ણ તકનીકો અને સપ્લાય ચેઈન્સને સુરક્ષિત કરવાનો છે. ફાઇનાન્સિયલ ટાઇમ્સના અહેવાલ મુજબ, આ પહેલ એઆઈ-સંબંધિત તકનીકો અને તેમના માળખાગત સુવિધાઓને સુરક્ષિત રાખવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત બનાવવા તરફ એક પગલું છે.

યુએસના આર્થિક બાબતોના અંડર સેક્રેટરી ઓફ સ્ટેટ જેકબ હેલબર્ગે ફાઇનાન્સિયલ ટાઇમ્સને જણાવ્યું હતું કે ભારતની સાથે, દક્ષિણ કોરિયા, કતાર અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) એ પણ આ ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા છે. જર્મની, સ્વીડન, નેધરલેન્ડ અને યુરોપિયન કમિશન આવતા અઠવાડિયે તેના પર હસ્તાક્ષર કરે તેવી અપેક્ષા છે.

જાપાન, ઓસ્ટ્રેલિયા, ઇઝરાયલ અને બ્રિટન દ્વારા આ કરાર પર તેના સાથી દેશો સાથે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર હેઠળ, છેં માં કાર્યરત મહત્વપૂર્ણ તકનીકો અને સપ્લાય ચેઈન્સની એક સામાન્ય સૂચિ વિકસાવવામાં આવશે જેને વધુ સુરક્ષાની જરૂર છે.

આ કરાર યુએસની આગેવાની હેઠળની પેક્સ સિલિકા પહેલનો એક ભાગ છે. તેનો ઉદ્દેશ એઆઈ-સંબંધિત સપ્લાય ચેઈનને મજબૂત અને સુરક્ષિત કરવાનો છે. આમાં સેમિકન્ડક્ટર, ક્રિટિકલ મિનરલ્સ, એનર્જી અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. વધતી જતી સ્પર્ધા અને ચીન તરફથી આર્થિક દબાણ વચ્ચે, અમેરિકા અને તેના સાથી દેશો આ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માંગે છે. કરારનું મહત્વ સમજાવતા, જેકબ હેલબર્ગે કહ્યું કે એઆઈ સપ્લાય ચેઈન અનેક દેશોમાં ફેલાયેલી છે, તેથી તેની સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ જરૂરી છે. તેમણે કહ્યું, "ચિપ્સ ડિઝાઇન કરવાનું જ્ઞાન, તેમને બનાવવા માટેના મશીનો અને તેમને મોકલવા માટેના બંદરો બધા અલગ અલગ દેશોમાં સ્થિત હોઈ શકે છે." ડિસેમ્બર ૨૦૨૫ માં જેકબ હેલબર્ગ દ્વારા પેક્સ સિલિકાની શરૂઆત કરવામાં આવી હતી. આ યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટની એક મુખ્ય પહેલ છે, જે છેં અને સપ્લાય ચેઈન સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેનો ઉદ્દેશ્ય મહત્વપૂર્ણ ખનિજો, ઉર્જા સંસાધનો, અદ્યતન ઉત્પાદન, સેમિકન્ડક્ટર અને છેં માળખાગત સુવિધાઓ પર ભાગીદાર દેશો વચ્ચે સહયોગ વિકસાવવાનો છે.

૨૦૨૬ સમિટમાં આ પહેલનો વ્યાપ વધુ વિસ્તર્યો. આર્જેન્ટિના, ચિલી, કોસ્ટા રિકા, અલ સાલ્વાડોર, યુરોપિયન યુનિયન, જર્મની, ગ્રીસ, કઝાકિસ્તાન, નેધરલેન્ડ અને પનામા પણ પેક્સ સિલિકા ઘોષણાપત્રમાં જોડાયા. આ દેશોએ ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરનારા દેશો અને સંગઠનોની સંખ્યા ૨૪ કરી. આમાં ઓસ્ટ્રેલિયા, ફિનલેન્ડ, ભારત, ઇઝરાયલ, જાપાન, નોર્વે, કતાર, દક્ષિણ કોરિયા, સિંગાપોર, સ્વીડન, ફિલિપાઇન્સ, સંયુક્ત આરબ અમીરાત અને યુનાઇટેડ કિંગડમનો સમાવેશ થાય છે.

કાશ્મીરના કુલગામમાં લશ્કર-એ-તૈયબાના ટોચના કમાન્ડર લતીફ ભટ અને બે આતંકવાદીઓ માર્યા ગયા

કુલગામ જિલ્લામાં બે આતંકવાદીઓએ ઓટોમેટિક હથિયારોથી સીઆરપીએફ ચોકી પર હુમલો કર્યો હતો

જમ્મુ,

દક્ષિણ કાશ્મીરના કુલગામમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. લારૂમાં સુરક્ષા દળો સાથેની એકાઉન્ટરમાં લશ્કર-એ-તૈયબાના કમાન્ડર લતીફ ભટ સહિત બે લશ્કર-એ-તૈયબા આતંકવાદીઓ માર્યા ગયા. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના સ્પેશિયલ ડાયરેક્ટર જનરલ સંદીપ ખિરવારે જણાવ્યું હતું કે કુલગામ જિલ્લામાં ૧૧ નવેમ્બરના રોજ થયેલા હુમલા બાદ દળે જમ્મુ અને કાશ્મીરમાં એલર્ટ લેવલ વધારી દીધું છે.

સુરક્ષા એજન્સીઓને સીઆરપીએફ હુમલામાં સામેલ લોકો વિશે કેટલીક સુરાગ મળી હતી. ત્યારબાદ, સીઆરપીએફએ સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં એલર્ટ લેવલ





વધારી દીધું. વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો. આતંકવાદીઓને શરણાગતિ સ્વીકારવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તેઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો. સુરક્ષા દળોએ આતંકવાદીઓના ગોળીબારનો જવાબ આપ્યો, અને બંને બાજુથી ભારે ગોળીબાર થયો. કલાકો સુધી ગોળીબાર કર્યા પછી, બે આતંકવાદીઓને આખરે ઠાર કરવામાં આવ્યા. આતંકવાદીઓ માર્યા ગયા પછી, સુરક્ષા દળોએ તેમના મૃતદેહનો કબજો લીધો અને તેમની ઓળખ કરી.

નોંધનીય છે કે ૧૧ નવેમ્બરના રોજ કુલગામ જિલ્લાના મીર બજાર નજીક અખરાનમાં એક સુરક્ષા ચોકી પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો, જેમાં ત્રણ સીઆરપીએફ જવાનો ઘાયલ થયા હતા. કુલગામ હુમલાના ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં, આતંકવાદીઓએ કિશ્તવાડ જિલ્લામાં બે ખાસ પોલીસ અધિકારીઓ, બોબી ચંદ અને યશપાલ કુમારની હત્યા કરી હતી. તેઓ આતંકવાદ વિરોધી કાર્યવાહી દરમિયાન સેનામાં જોડાવા જઈ રહ્યા હતા. આ બે હુમલાઓ પછી, સરકારના દાવાઓની આકરી ટીકા કરવામાં આવી હતી કે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ સમાપ્ત થઈ ગયો છે અથવા તેના અંતિમ તબક્કામાં છે. શાસક નેશનલ કોન્ફરન્સના પ્રમુખ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી ડૉ. ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે કલમ ૩૭૦ રદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરમાં પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે તે દાવો કરનારાઓ ખોટા છે.

મોરબીમાં રુંવાડા ઊભા કરી દેતો અકસ્માત

કાર ૮ થી ૧૦ ગુલાંટ મારી ગઈ, ૨ યુવકના કમકમાટીભર્યા મોત

મોરબીઃ અત્યારે તહેવારની સિઝન છે ત્યારે મોટી સંખ્યામાં અકસ્માતની ઘટનાઓ બની રહી છે. ત્યારે રાજકોટથી મોરબી જતી વેળાએ એક કારનો એટલો ભયાનક અકસ્માત થયો કે તે ૮ થી ૧૦ ગુલાંટ મારી ગઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં બે યુવકોના મોત નીપજ્યા જ્યારે અન્ય એકની હાલત ગંભીર જણાવાઈ હતી.આ ઘટના શનિવારે સવારે બની હોવાની જાણકારી સામે આવી છે. અહીં મોરબી નજીક ખજૂરા હોટેલ પાસે પલટી મારીને વીજળીના ટ્રાન્સફોર્મર સાથે ભટકાઈ હતી. જોકે આ કારને કઇ રીતે અકસ્માત નડ્યો તેની માહિતી સામે આવી નથી. ઘટનાના દૃશ્યો પરથી જોઈ શકાય છે કે કાર જ્યારે અકસ્માતગ્રસ્ત થઈ તો બંને યુવકો કારમાંથી બહાર ફેંકાઈને અનેક ફૂટ ઊંચા ઉછળ્યા હતા.



મૃતકોની ઓળખ અમન બાબરિયા અને પ્રભાત લામકા તરીકે થઈ હતી. જ્યારે જીવણ ડાભી ઈજાગ્રસ્ત છે. તેની સારવાર રાજકોટની હોસ્પિટલમાં ચાલી રહી છે. પોલીસે પણ આ મામલે મૃતક અમન સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નાણાવટી ચોકમાં સ્કોર્પિયો ચાલકે વેપારીને ગળામાં છરી મારી

જલારામ જયંતિની તૈયારી વચ્ચે વાહન હટાવવા મામલે માથાકૂટ, પોલીસ આવતા કાર મૂકી ઉમંગ ભુત ભાગ્યો

રાજકોટઃ રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા નાણાવટી ચોક પાસેની વીતરાગ સોસાયટીમાં જલારામ જયંતિની પર્વની ઉજવણીની તૈયારીઓ વચ્ચે જીવલેણ હુમલાની ઘટના સામે આવી છે. સોસાયટીમાં જ શાકભાજીનું વાહન આડાશ બાબતે થયેલી સામાન્ય બોલાચાલી એટલી હદે વધી ગઈ કે ઉશ્કેરાયેલા કાળા રંગની સ્કોર્પિયો ચાલકે વેપારીને ગળાના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. આ સમયે પોલીસની ૧૧૨ ઈમરજન્સી વેન આવી જતાં આરોપી કાર સ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો.

વીતરાગ સોસાયટીમાં રહેતા અને સાઉન્ડ સિસ્ટમનો વેપાર કરતા અંકિત ગુણવંતરાય શેઠ (ઉ.વ.૪૧) ગઈકાલે (૧૫ નવેમ્બર) રાત્રિના સોસાયટીમાં આવેલા સોમેશ્વર મહાદેવ મંદિરમાં અન્ય યુવકો સાથે મળીને જલારામ જયંતિની તૈયારીઓ કરી રહ્યા હતા. તે દરમિયાન મંદિર પાસે તેમનું શાકભાજી ભરેલો 'છોટાહાથી' વાહન પાર્ક કરેલુ હતું. આ સમયે શાકભાજી ખાલી કરવા માટે વાહન અંદર લઈ જવા બાબતે સોસાયટીની જ એક ભાડે રહેતી મહિલાના સંબંધી અને સ્કોર્પિયો કારના ચાલક ઉમંગ ભુત સાથે વાહન સામસામે આવી ગયું હતું.

ગાડી હટાવવા અને રસ્તો કરવા બાબતે થયેલી બોલાચાલીમાં સ્કોર્પિયો ચાલક ઉમંગ ભુત એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે કારમાંથી છરી કાઢીને અંકિત શેઠ પર હુમલો કરી દીધો હતો. આરોપીએ અંકિત શેઠને ઢીકાપાટુનો માર મારી, ડાબી બાજુ કાનની નીચે તથા ગળાના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. આ દરમિયાન આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વચ્ચે બચાવ કરવા લાગ્યા હતા.

તે જ વખતે ત્યાં પોલીસની ૧૧૨ ઈમરજન્સી વેન આવી જતાં તેની લાઈટ જોઈને સ્કોર્પિયો ચાલક ઉમંગ ભુત પોતાની કાર સ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. જતાં-જતાં આરોપીએ વેપારીને મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઘટના બાદ લોહીલુહાણ હાલતમાં અંકિતને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ગળાના ભાગે ગંભીર ઈજા હોવાથી ટાંકા લેવામાં આવ્યા હતા અને પ્રાથમિક સારવાર આપી રજા આપવામાં આવી હતી.

ઈજાગ્રસ્ત વેપારી અંકિતભાઈ શેઠની ફરિયાદના આધારે ગાંધીગ્રામ પોલીસે આરોપી સ્કોર્પિયો કારને કબજામાં લઈને ચાલક ઉમંગ ભુત વિરુદ્ધ BNSની ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એક્ટ.કલમ.૧૩૫(૧) મુજબ ગુનો નોંધી અટકાયત કરી છે.

બાઈક અને ડમ્પર વચ્ચે અકસ્માતમાં આધેડનું મોત

રાજકોટઃ રાજકોટના આજીડેમ વિસ્તારમાં આવેલા ભારત નગર સર્વિસ રોડ પર આજે સવારે એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં ગમારા પેટ્રોલ પંપ નજીક એક બાઈક અને ડમ્પર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ૫૦ વર્ષીય આધેડનું ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળે જ મોત નિપજ્યું છે. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.



આજ રોજ સવારના સમયે ભારત નગર સર્વિસ રોડ પર ગમારા પેટ્રોલ પંપ પાસેથી પસાર થઈ રહેલા ગગજીભાઈ ટપુભાઈ ખોડાણીના બાઈકને એક ડમ્પર ચાલકે અડફેટે લીધું હતું. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ગગજીભાઈને શરીરના ભાગે ગંભીર ઈજા થઈ. પહોંચી હતી. આ સમયે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક ૧૦૮ને જાણ કરવામાં આવતા ૧૦૮ના ઈએમટી ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્ત ગગજીભાઈની તપાસ તેમને મૃત જાહેર કર્યા હતા.

પરિણીતાનો ઘરમાંથી ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યો

રાજકોટઃ કુવાડવા રોડ પર નવાગામ રંગીલા સોસાયટીમાં રહેતી અને સાત મહિના પૂર્વે જ પરણેલી મૂળ ચોટીલાના લાખચોકીયા ગામની પરિણીતાની તેના જ ઘરમાંથી ફાંસો ખાધેલી હાલતમાં શંકાસ્પદ મૃતદેહ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. આ મામલે નવોઢાના ભાઈએ બહેનને ત્રાસ હોવાનો અને તેની હત્યા થયાનો આક્ષેપ કરતાં પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ?ટમોર્ટમ માટે ખસેડી તપાસ હાથ ધરી છે.નવાગામ રંગીલા સોસાયટીમાં રહેતી સંગીતાબેન ચતુર ગોરધનભાઈ મેર નામની નવોઢાએ રાત્રે ઘરમાં ગળાફાંસો ખાઈ લીધાની જાણ થતાં ૧૦૮ના તબિબે તપાસી તેને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતાં કુવાડવા પોલીસ સ્ટાફ પણ પહોંચ્યો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. જો કે મૃતકના માવતર પક્ષ તરફથી આ ઘટના હત્યાની હોવાનો આક્ષેપ થતાં પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ?ટમોર્ટમ કરાવવા તજવીજ હાથ ધરી હતી. મૃતક સંગીતાબેન બે ભાઈની એકની એક નાની બહેન હતી. તેના માતવર ચોટીલાના લાખચોકીયા ગામે રહે છે. પિતાનું નામ સુરાભાઈ સામતભાઈ બાવળીયા છે. તેના લગ્ન સાત મહિના પહેલા જ નવાગામ રંગીલા સોસાયટીના ચતુર ગોરધનભાઈ મેર સાથે થયા હતાં. પતિ ચતુર ઈમિટેશન, વેક?સનું કામ કરે છે.મૃત્યુ પામનાર સંગીતાબેનના ભાઈ મહેશભાઈ સુરાભાઈ બાવળીયાએ પોલીસ સમક્ષ આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, મારી બહેનના લગ્ન થયાના એકાદ મહિના બાદ તરત જ તેને ત્રાસ આપવાનો શરૂ કરી દીધો હતો. બનેવી કોઈ બીજી છોકરી સાથે વાત કરતાં હોવા અંગે મારી બહેને અમને વાત કરી હતી. આ બાબતે બંને વ?ચે વારંવાર ઝઘડા થતાં હતાં. ગઈકાલે સાંજે ૮ વાગ્યે મને બનેવી ચતુરભાઈનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તમારી બહેન મારા પર ખોટી શંકા કરી ઝઘડા કરે છે, તમે તેને તેડી જાવ છો કે હું મુકી જાવ? આ વખતે બહેન પણ તેમાં તેના પતિ સાથે વાત કરે છે કે મેં નંબર બ્લોક કરી દીધા તો તમે શું કામ ખોલ્યા? રાતે ત્રણ વાગ્યે એને તમારુ શું કામ હોય છે?

આવી વાત થયા બાદ રાતે ૯ વાગ્યે બનેવીનો ફરીથી ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તમારી બહેને ગળાફાંસો ખાઈ લીધો છે, તમે તાત્કાલીક રાજકોટ આવો. આ વાત થયા પછી અમે તુરંત નવાગામ રંગીલા સોસાયટીમાં બહેનના સાસરીયામાં પહોંચ્યા હતાં. અહિ પોલીસ હાજર હતી અને લોકો ભેગા થઈ ગયા હતાં. મારા બનેવી કે તેના પરિવારના બીજા લોકો જોવા મળ?યા ન હતાં. મારી બહેન સંગીતાબેનની લાશ પલંગ પર પડી હતી, ઘરમાં સાડી લટકતી હતી. તેમાં તેને ફાંસો ખાઈ લીધાનું અને દરવાજોને ખોલવાના પ્રયાસમાં બોલ?ટ તુટી ગયાનું અમને જણાવાયું હતું. જો કે અમને પુરી શંકા છે કે બહેને આપઘાત નથી કર્યો પણ તેણીને સાડીથી ફાંસો દઇ મારી નાંખવામાં આવી છે. મહેશભાઈના આક્ષેપોને પગલે કુવાડવા પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું ફોરેન્સિક પોટમોર્ટમ કરાવવાની કાર્યવાહી કરી હતી જેનો રિપોર્ટ આવ્યા બાદ પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મોટી પાનેલીમાં પ્રૌઢને ખૂંટિયાએ ઢીંકે ચડાવી ફંગોળ્યા:મોત

ઉપલેટાઃ મોટી પાનેલી ગામમાં ખૂંટિયાના આતંકને પગલે કરુણ ઘટના બની હતી. વહેલી સવારે દેવદર્શન માટે જઈ રહેલા ૭૬ વર્ષીય લોહાણા પ્રૌઢ વેપારીને ખૂંટિયાએ ઢીકે ચડાવી અનેકવાર ફંગોળતા તેમને ઈજા પહોંચી હતી. તેમને સારવાર માટે ખસેડાયા હતા પરંતુ એ દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. બીજી તરફ લોહાણા સમાજે આજના જલારામ જયંતિ નિમિત્તના તમામ કાર્યક્રમો રદ કરી તેમને સ્મરણાંજલિ આપી હતી.મોટી પાનેલી ગામમાં લાંબા સમયથી ખૂંટિયાનો ભારે ત્રાસ જોવા મળી રહ્યો છે. ગામની મુખ્ય બજારો, શેરીઓ અને ગલીઓમાં ખૂંટિયાઓ અવારનવાર આતંક મચાવી લોકોને ઢીંક ચડાવતા હોવાની ફરિયાદો ઊઠતી રહી છે.



વહેલી સવારે એક ખૂંટિયાએ કોઠા પાસે દેવદર્શન માટે જઈ રહેલા વ્રજલાલ મોહનલાલ નથવાણીને ઢીકે ચડાવી બે-ત્રણ વખત જમીન પર પછાડી દેતાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના બનતાં જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને માંડ કરીને ખૂંટિયાથી દુર કરી સારવાર માટે ખસેડ્યા હતા. જો કે સારવાર વધુ કારગત નીવડે તે પહેલાં જ તેમનું મોત થતાં મોટી પાનેલીના લોહાણા સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

જલારામ બાપાની જયંતિ નિમિત્તે સમાજ દ્વારા આયોજિત સમૂહ ભોજન, પ્રસાદ સહિતના તમામ કાર્યક્રમો તાત્કાલિક અસરથી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સાથે જ લોહાણા સમાજ અને ગ્રામજનોએ તંત્ર સમક્ષ ઉગ્ર રજૂઆત કરી મોટી પાનેલીને ખૂંટિયાઓના આતંકમાંથી તાત્કાલિક મુક્ત કરાવવાની માંગ કરી છે. ભવિષ્યમાં આવી કરણ ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે ખૂંટિયાઓને પકડી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઊઠી છે.

સાયલા પંથકમાં રેન્જ આઈજીની ટીમ ત્રાટકી

મુંદ્રાથી લવાયેલું ૨૬.૮૯ લાખનું ૩૫,૮૬૪ લિટર શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહી જપ્ત

રાજકોટઃ સાયલાના ભાડુકાના પાટિયા પાસે આવેલા એક પંપના કમ્પાઉન્ડમાં રાજકોટ રેન્જ પોલીસની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂ.૨૬.૮૯ લાખની કિંમતનો ૩૫,૮૬૪ લિટર શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહી ભરેલું ટેન્કર ઝડપી લીધું છે.

રાજકોટ રેન્જના પીએસઆઈ બી.સી. મિયાત્રા અને ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ડોળિયા બાઉન્ડરીથી મુળી તરફ જતા રોડ પર ભાડુકા ગામના પાટિયા નજીક આવેલા 'આદિત્ય એગ્રો એનર્જી પંપ'ના કમ્પાઉન્ડમાં શંકાસ્પદ જથ્થો ઉતારવાની પેરવી ચાલી રહી છે.આ બાતમીના આધારે દરોડો પાડતા કમ્પાઉન્ડમાંથી ટેન્કર નં. GJ-13-AX-3645 મળી આવ્યું હતું. પોલીસે ટેન્કર ચાલક સુબોધકુમાર ગોકુલસિંહ સિસોદિયા (રહે. શેખુપુર, જિ. ફિરોઝાબાદ, ઉત્તરપ્રદેશ)ની અટકાયત કરી બિલ અંગે તપાસ કરતા મોકલનાર અને સ્વીકારનાર બંને તરીકે 'આદિત્ય એગ્રો એનર્જી'નું જ નામ દર્શાવાયેલું હોવાથી પોલીસની શંકા વધુ ઘેરી બની હતી.રેન્જ આઈજી કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં આ જથ્થો મુંદ્રાથી ભરીને લવાયો હોવાનું અને લાભપાંચમથી શરૂ થનારા આ પંપ પર સપ્લાય કરવાનો હોવાનું ખુલ્યું છે. જોકે આ કંપની પાસે પેટ્રોલિયમ પ્રોડક્ટ વેચવાનું કોઈ લાઈસન્સ પણ ન હતું.

ટેન્કર ચાલકે રજૂ કરેલા બિલોમાં માલ મોકલનાર અને માલ સ્વીકારનાર તરીકે એક જ પેઢી 'આદિત્ય એગ્રો એનર્જી'નું નામ લખેલું હતું. આ ઉપરાંત, આ પંપ આગામી લાભપાંચમથી શરૂ કરવાનો હતો. પંપ શરૂ થાય તે પહેલાં જ મુંદ્રાથી લવાયેલો આ જથ્થો બાયોડીઝલ છે કે અન્ય કોઈ ભેળસેળયુક્ત કેમિકલ, તેનો ખુલાસો હવે એફએસએલના પરીક્ષણ રિપોર્ટ બાદ જ થશે.

મોટા બહેનની હત્યાની પ્રથમ વરસીએ ચિઠ્ઠી લખી બહેને દવા પીધી

રાજકોટઃ રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં આપઘાતના ત્રણ બનાવો સામે આવ્યા છે. જેમાં એક પરિણીતાએ મોટી બહેનની પુણ્યતિથિના દિવસે જ ચિઠ્ઠીમાં 'આમાં કોઈનો વાંક નથી, કંટાળી ગઈ છું, મારી અંતિમવિધી મમ્મીના ઘરે કરજો' તેમ લખી જીવન ટૂંકાવ્યું હતું, જ્યારે બીજી ઘટનામાં ઈન્ટિરિયર ડિઝાઈનિંગની વિદ્યાર્થિનીએ ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. આ ઉપરાંત, કુવાડવા રોડ પર લગ્નના માત્ર સાત મહિનામાં જ એક પરિણીતાનો ઘરમાંથી ગળાફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે,

ચિઠ્ઠી લખી ફાયનાન્સ પેઢીમાં નોકરી કરતી પરિણીતાનો આપઘાત

રાજકોટઃ રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શહિદ ભગતસિંહ ટાઉનશીપમાં રહેતી ૩૫ વર્ષીય રિંકલબેન હિતેષ વડાલીયા નામની પરિણીતાએ ગઈકાલે (૧૫ નવેમ્બર) રાત્રે ૯ વાગ?યે ઘરે ઘઉંમાં રાખવાની ટીકડીઓ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ?પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ ટુંકી સારવાર દરમિયાન તેનું મોડી રાતે મોત નીપજ્યું હતું.રિંકલબેનના માવતર જેતપુર રહે છે. તેના લગ્ન ૧૨ વર્ષ પહેલા હિતેષ વડાલીયા સાથે થયા હતાં. સંતાનમાં ૧૧ વર્ષનો એક દિકરો છે. પતિ હિતેષભાઈ વડાલીયા ઉપલેટાના જામટીંબડી ગામે ખેતીવાડી ધરાવે છે. રિંકલબેન ફાયનાન્સ કંપનીમાં નોકરી કરી પતિને મદદરૂપ થતાં હતાં. રાતે ૯ વાગ્યે ઘટના બની ત્યારે પતિ હાજર ન હતા બાદમાં જાણ થતાં તેઓ આવી પહોંચ્યા હતાં.એક વર્ષ પહેલા ૧૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ આપઘાત કરનારા રિંકલબેનના મોટા બહેન તૃષાબેનની નાગેશ્વર સોસાયટીમાં તેના પતિ લાલજી પઢીયારે હત્યા કરી હતી, બાદમાં લાલજીએ પણ આપઘાત કરી લીધો હતો. મોટા બહેનની પૂણ્યતિથીના દિવસે જ રિંકલે આત્મઘાતી પગલુ ભર્યું હતું. બહેનના વિયોગમાં તો પગલુ ભર્યું નથી ને? તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. પતિ હિતેષભાઈએ પણ આપઘાત પાછળ કોઈ કારણ પોતે જાણતાં ન હોવાનું કહ્યું હતું.

દબાણ દૂર કરવાની ૪૮ કલાકની ખાતરી મળતા ડિમોલિશન મોકૂફ રખાયું

પડધરીમાં પૂર્વ સદસ્યનું દબાણ દૂર કરવા છેક CMOમાં અરજી થતાં તંત્ર જેસીબી લઈ દોડ્યું

રાજકોટઃ પડધરી ગ્રામ પંચાયતના પૂર્વ સદસ્યનું દબાણ દૂર કરવાના વિલંબ અંગે મુખ્યમંત્રી કાર્યાલયમાં અરજદારે અરજી કર્યા બાદ રાજકોટ જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશે તત્કાલ ટીડીઓને જેસીબી લઈ દોડાવ્યા હતા.

જોકે દબાણકારે માનવતાનીરૂએ બે દિવસમાં સ્વૈચ્છિક દબાણ દૂર કરવાની લેખિતમાં બાંહેધરી આપતા દબાણ મોકૂફ રાખી દેવાયું હતું.જો કે ૪૮ કલાકમાં દબાણ દૂર ન થાય તો જેસીબીથી તોડી પાડીને આંગણવાડીનો પાયો નાખી દેવાની ટીડીઓએ સ્પષ્ટ સૂચના આપી છે.

પડધરીના આંબેડકરનગરમાં સરવે નં.૨૨૨ની સાર્વજનિક જગ્યા પર થયેલા દબાણને દૂર કરવામાં સ્થાનિક સરપંચ, ઉપસરપંચ, તલાટી મંત્રી અને ટીડીઓ નિષ્ફળ નીવડ્યા હોવા અંગે ૨૩ ઓક્ટોબરે અહેવાલ પ્રસિદ્ધ થયો હતો.આ બાદ અરજદાર કાનજીભાઈ ચાવડાએ મુખ્યમંત્રી કાર્યાલયમાં અરજી મોકલી હતી.

આ બાદ રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ.ઓમ પ્રકાશે રજૂઆતની ગંભીર નોંધ લઈ પડધરી મામલતદાર રજા પર હોવાથી તાત્કાલિક પડધરી ટીડીઓ કિશોર આચાર્યને સ્થળ પર દોડી જઈ દબાણ દૂર કરી રિપોર્ટ સોંપવા સૂચના આપી હતી.આ અંગે પડધરી ટીડીઓ કિશોર આચાર્યએ જણાવ્યું હતું કે, સર્કલ ઓફિસર, સરપંચ, ઉપસરપંચ અને ઉપપ્રમુખ, તલાટી મંત્રી સહિતનો કાફલો જેસીબી સાથે ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને પંચરોજકામ કર્યું હતું. દબાણકર્તા રમેશ વસ્તાએ બે દિવસમાં સ્વૈચ્છિકે દબાણ હટાવવાની લેખિત બાંહેધરી આપી છે.જો નિયત સમયમાં દબાણ દૂર નહીં થાય તો તંત્ર દ્વારા જેસીબી વડે તે તોડી પાડવામાં આવશે. વધુમાં, આગામી ત્રણ દિવસ બાદ કોન્ટ્રાક્ટરના માણસોને બોલાવીને નવી આંગણવાડીના નિર્માણ માટે ખાતમુહૂર્ત પણ કરી દેવામાં આવશે.નોંધનીય છે કે, નવી આંગણવાડી બનાવવા માટે ગત તા.૧૪/૦૯/૨૦૨૬ ના રોજ વર્કઓર્ડર પણ આપી દેવાયો છે, પરંતુ દબાણ ન હટતા કામગીરી અટકી પડી હતી.

આ જ જગ્યા પર દબાણ હોવાના કારણે અગાઉ આંબેડકર ભવન અને આંગણવાડી બનાવવા માટે ફાળવાયેલી સરકારી ગ્રાન્ટ પણ વપરાયા વિના પરત ફરી હતી.

ઈન્ટિરિયર ડિઝાઈનીંગની વિદ્યાર્થિનીએ ઝેરી દવા પીધી

રાજકોટઃ કાલાવડ રોડ પર નિરાલી રિસોર્ટ સામે આવેલ સોનલ પાર્કમાં રહેતી ૧૮ વર્ષીય એન્જલબા પ્રવિણસિંહ સોલંકીએ પોતાના ઘરે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. જેથી પરિવારજનોએ તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડતા તબીબે તપાસી તેને મૃત જાહેર કરી બનાવ અંગે જાણ તાલુકા પોલીસને કરી હતી. તાલુકા પોલીસે મૃતદેહ પોસમોર્ટમ માટે ખસેડી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

મૃતક એન્જલબાના પિતા પ્રવિણસિંહ યાર્ડમાં વેપાર ધંધો કરતા હોવાથી થોડા સમય પહેલા ઘઉંમાં નાખવા માટે દવા લઈને આવ્યા હતા. જે દવા પી લેતા એન્જલબાનું ઘરે જ મોત નીપજ્યું હતું. તેને એક ભાઈ અને બહેનમાં નાના હતા અને પોતે વીવીપી એન્જીનીયરીંગ કોલેજમાં ઈન્ટિરિયર ડિઝાઈનિંગ કોર્સ કરી કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. જયારે મોટો ભાઈ અપરણિત હોવાનું અને ગેસ કંપનીમાં નોકરી કરતો હોવાનું સામે આવ્યું છે. આપઘાતનું કારણ પરિવારજનો પણ જાણતા ન હોવાથી પોલીસે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

ઉપલેટાના ખીરસરા પાસેની ગોળાઈ વધુ એક વાર જીવલેણ બની

બાઈક સ્લિપ થતાં યુવાનનું માથું પથ્થર સાથે અફળાયું,સારવારમાં મોત

ઉપલેટાઃ ઉપલેટા તાલુકાના ખીરસરા ગામ નજીક ગોળાઈ પાસે ટર્ન લેતી વેળાએ ચાલકે બાઈક પરનો કાબૂ ગુમાવતાં બાઈક રોડની સાઈડમાં ઉતરી પથ્થર સાથે અથડાયું હતું અને બાઈક ચાલક યુવક ફંગોળાઈને સીધો રોડ પર પટકાયો હતો.

યુવકનું માથું પથ્થર સાથે અફળાતાં માથાના પાછળના ભાગે અને છાતીમાં ગંભીર ઈજા થતાં તેને તાબડતોબ ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો પરંતુ ફરજ પરના તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો. આ બનાવથી મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.ખીરસરા ગામે રહેતા શૈલેષભાઈ - છગનભાઈ કનેરિયાની વાડી ભાગેરાખીને દિપકભાઈ સુખલાલ અને તેમનાં પત્ની લલિતાબેન છેલ્લા બે વર્ષથી ખેતીકામ કરે છે. તાજેતરમાં શૈલેષભાઈ ઘરે હતા ત્યારે તેમને જાણ થઈ હતી કે, દિપકભાઈ બાઈક લઈને પડવલા તરફથી ખીરસરા આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં ગોળાઈ પાસે અકસ્માત થયો છે.આથી શૈલેષભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે દિપકભાઈ રોડની સાઈડમાં પડ્યા હતા અને તેમનું બાઈક પણ નજીકમાં પડ્યું હતું. ત્યાં હાજર માલઢોર ચરાવતા લોકોએ જણાવ્યું હતું કે, દિપકભાઈ પુરપાટ ઝડપે બાઈક લઈને આવતા હતા. ગોળાઈ પાસે બાઈક વાળવામાં કાબૂ ન રહેતાં રોડની સાઈડમાં નીચે ઉતરી પથ્થર સાથે અથડાયું હતું અને દિપકભાઈ ફંગોળાઈને પટકાયા હતા.અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા દિપકભાઈને ૧૦૮ મારફતે ઉપલેટા હોસ્પિટલમાં ખસેડવામાંઆવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

મવડીમાં નામચીન પ્રિતેશ ઉર્ફે દિકુડાનો આતંક

પથ્થરના ઘા ઝીંકી રિક્ષા અને ઘરમાં તોડફોડ, મકાન ખાલી કરીને જતાં રહેજો નહીંતર બધાને પતાવી દઈશ કહી ધમકી આપી

રાજકોટઃ રાજકોટના મવડી વિસ્તારના નામીચા પ્રિતેશ ઉર્ફે દિકુડાએ વધુ એક વાર આતંક મચાવ્યાનો બનાવ સામે આવ્યો છે. અગાઉ અનેક વખત પોલીસ ચોપડે ચડી ચૂકેલા પ્રિતેશ ઉર્ફે દીકુડો ગોટેચાએ પાડોશમાં રહેતી મહિલાને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી છે. એટલું જ નહી પથ્થરમારો કરી તેની રીક્ષા અને મકાનમાં તોડફોડ કરી હતી. આ ઉપરાંત પિતાને પણ છરી બતાવી ધમકી આપી હતી. હાલ



માલિવયાનગર પોલીસે અલગ અલગ બે ગુના નોંધી હિસ્ટ્રીશીટરની સકંજામાં લેવા તજવીજ હાથ ધરી છે.રૂપલબેન ડાભીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પ્રિતેશ ઉર્ફે દિકુડો અલ્પેશભાઈ ગોટેચાનું નામ આપી જણાવ્યું હતું કે, ૧૦ દિવસ પહેલા આરોપી અને તેના મિત્રો તેના ઘર પાસે ગાળાગાળી કરતાં હોવાથી તેના માતાએ આરોપીને ત્યાં બેસવાની ના પાડી હતી. જેનો ખાર રાખી પરમ દિવસે રાત્રે ૧૦ વાગ્યે આરોપીએ તેને ગાળો ભાંડી હતી. જ મકાન પર પણ પથ્થરમારો કરી તમે બધા કાલે ઘર ખાલી કરી જતા રહેજો, નહીંતર તમને પતાવી દઈશ અને રિક્ષા પણ સળગાવી નાખીશ તેવી ધમકી આપી જતો રહ્યો હતો.બીજી ફરિયાદ પ્રિતેશના પિતા અલ્પેશભાઈએ નોંધાવી છે જેમાં જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજે તેઓ ઘરે હતા, ત્યારે પુત્ર પ્રિતેશની પત્ની સાફસફાઈ કરતી હતી, ત્યારે આરોપીએ આવી તેની પત્ની નર્મદા સાથે ઝઘડો કર્યો હતો. તેણે ઝગડો કરવાની ના પાડતા પિતાને ગાળો ભાંડી છરી બતાવી તમે અમારા પતિ-પત્નીના ઝઘડામાં વચ્ચે નહી પડતાં, તમે ઘરની બહાર નીકળી જાવ, નહીતર હું તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.